સુવાસ કાર્યાલય,
રાવપુરા વડોદરા

# નિયમો-ચોપાનિયું

'સુવાસ' દર અંગ્રેજી મહિનાની પાંચમી તારીખે પ્રગટ થાય છે. [ અનિવાર્ય કારણે આ અંક એક અઠવાડિયું મોડો થયો છે. ]

ગમે તે મહિનાથી 'સુવાસ'નાં ગ્રાહક બની શકાય છે.

'સુવાસ'નો ઉદ્દેશ પ્રજાની સાર્વત્રિક ઉન્નતિમાં દરેક રીતે મદદકર્તા બનવાનો છે. તે ઉદ્દેશને અનુકૂળ થઈ પડે એવા વિવિધ પ્રકારના લેખોને તેમાં સ્થાન અપાશે. અભ્યાસ પૂર્ણની સાથોસાથ જોડણીશુદ્ધ, સરળ, મૌલિક ને રસિક લેખોને પ્રથમ પસંદગી મળશે.

'સુવાસ'માં પ્રગટ થતા દરેક લેખના લેખકને, જો પુરસ્કાર સ્વીકારવાની તેમની ઇચ્છા હશે તો, પાના દીઠ આઠ આનાથી એક રૂપિયા સુધી પુરસ્કાર અપાશે. આવો પુરસ્કાર મેળવવા માટે લેખકે 'સુવાસ'ના 'લેખક મંડળ'માં જોડાવું જોઇએ. એ મંડળમાં જોડાવાથી લેખકો, ભેટ, પુસ્તક-પ્રકાશન, 'સલાહકાર મંડળ'માં પ્રતિનિધિત્વ વગેરે અનેક લાભો મેળવી શકે છે. 'મંડળ'માં જોડાવા માટે 'સુવાસ' પર એક સર્વાંગસુંદર લેખજ મોકલાવવો રહે છે. દરેક લેખકને તેમના પ્રગટ થતા લેખની પાંચ નકલ ને 'સુવાસ'ના ચાલુ અંક મોકલાય છે.

કેટલીક વ્યક્તિઓ અને સંસ્થાઓને 'સુવાસ' ખૂબ જ રુચ્યું છે. પણ આર્થિક અગવડતાના કારણે તેઓ ઘણા જ ઓછા લવાજમે તેની માગણી કરે છે. આ માગણીને પહોંચી વળવું અમારે માટે મુશ્કેલ હોય છે. આ બાબત શ્રીમંત સાહિત્ય-પ્રેમીઓએ વિચારવા જેવી છે. તેવા સજ્જનો એ પ્રકારના જેટલા ગ્રાહકોને માટે ગ્રાહક દીઠ એકેક રૂપિયો આપવાને તૈયાર થશે, એટલા ગ્રાહકો પાસેથી અમે પણ લવાજમમાં એકેક રૂપિયો ઓછો લઈશું. પરિણામે એવા સેંકડો ઉત્સુક ગ્રાહકોને સવા રૂપિયામાં 'સુવાસ' મળી રહેશે.

'સુવાસ'ના પ્રચારમાં મદદ કરી શકે તેવા સાહિત્યપ્રેમી મિત્રોમાંથી જેઓ એક ગ્રાહક મેળવી આપે તેમને સુંદર-સુશોભિત પોકેટ-ડાયરી; બે ગ્રાહક મેળવી આપે તેમને 'આંખ અને ચશ્મા' (કાચું પૂઠું)નું પુસ્તક; ત્રણ ગ્રાહક મેળવી આપે તેમને તેજ પુસ્તક (પાકું પૂઠું); ચાર ગ્રાહક મેળવી આપનારને ડાયરી ને પુસ્તક બંને; પાંચ ગ્રાહક મેળવી આપનારને વિના લવાજમે 'સુવાસ' મોકલાય છે; અને તે ઉપરાંત વિશેષ ગ્રાહકો મેળવી લાવનારને ભિન્ન ભિન્ન પ્રકારે પુરસ્કાર અપાય છે. સાહિત્યના પ્રચારકોને આ પ્રકારના લાભ બીજે પણ કદાચ મળી શકતા હશે, પણ 'સુવાસ'માં એટલી વિશેષ સગવડતા છે કે તેમાં તેવા મિત્ર-પ્રચારકો પર લવાજમ ઉઘરાવવાની કે બીજા કોઇ પ્રકારની જવાબદારી નથી. તેઓ ફક્ત નામ સૂચવે અને અમે પ્રયાસ કરીએ. તે પ્રયાસમાં જેટલી સફળતા મળે તેનો યશ અને લાભ નામ સૂચવનારને ફાળે નોંધાય.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

'સુવાસ'નો નમૂનાનો અંક પત્ર લખી જણાવનારને વિના મૂલ્ય મોકલવામાં આવે છે. પણ તે પત્ર મળ્યા પછી પ્રગટ થાય તે અંક મોકલાશે. નમૂનાના અંકની તરતમાં જરૂર હોય તેમણે ત્રણ આનાની ટિકિટો બીડવી.

જેમાં ઉત્તર જરૂરી હોય એવા દરેક પ્રકારના પત્રવ્યવહારમાં, કે લેખો અસ્વીકાર્ય નીવડે તો પાછા મેળવવાને, જરૂરી ટિકિટો બીડવી જોઇએ. અને પોતાના પત્ર પર કે બુકપોસ્ટ પર, પોસ્ટલ નિયમ પ્રમાણેની, પૂરતી ટિકિટો ચોડવી જોઇએ.

કાર્યાલયને લગતા પત્રવ્યવહારમાં તંત્રી કે સંચાલકનું નામ ન લખવું. કેમકે તેમ થવાથી તેમની ગેરહાજરીમાં તે પત્રની વ્યવસ્થા વિલંબજનક થઇ પડે છે.

'પ્રાચીન ભારતવર્ષ' કે 'Ancient India'ના ગ્રાહકોને પ્રથમ વર્ષે અર્ધા લવાજમે [લવાજમ રૂ. ૧-૮-૦ + ૦-૪-૦ પોસ્ટેજ=૧-૧૨-૦] અને ત્યારપછી બીજા એક વર્ષને માટે પોણા લવાજમે [૨-૮-૦] 'સુવાસ' મળી શકશે.

**સુવાસના કેટલાક ગ્રાહકોનાં ત્રીજા વર્ષનાં લવાજમ, આઠ મહિના વીતવા છતાં, હજી સુધી નથી મળ્યાં.**

**તે ગ્રાહકોને આગ્રહભરી વિનંતિ છે કે-આ અંક મળતાં તરત જ લવાજમ મોકલી આપો.**

**હવે પછી ચાલુ ન રહેવું હોય તો હજી પણ રૂા. ૨-૪-૦ મોકલાવી આપી ના લખો.**

×

'સુવાસ'નું લવાજમ ભરવા માટે અમદાવાદ-મુંબઈના એજન્ટોનાં નામ—

| | | |
|---|---|---|
| **શિષ્ટ સાહિત્યભંડાર,** | પ્રીન્સેસ સ્ટ્રીટ, | **મુંબઈ** |
| **એન. એમ. ત્રિપાઠી,** | ,, ,, | ,, |
| **એન. એમ. ઠક્કર,** | ,, ,, | ,, |
| **મહાદેવ રામચન્દ્ર જાગુષ્ટે,** | ત્રણ દરવાજા, | **અમદાવાદ** |
| **ગુર્જર ગ્રન્થરત્ન કાર્યાલય,** | ગાંધી રોડ, | ,, |
| **શ્રી નાગરદાસ પ્રાગજીભાઈ,** | દોશીવાડાની પોળને નાકે, | ,, |
| **શેઠ મોહનલાલ ડોસાભાઈ,** | બુકસેલર્સ, | **રાજકોટ** |

જોઇએ છે—

'પ્રાચીન ભારતવર્ષ,' 'Ancient India' અને 'સુવાસ'નો ફેલાવો વધારવાને પ્રચારકો: જેઓ પોતાના પ્રદેશમાં રહીને કે મુસાફરીમાં તે કામ કરી શકે; અથવા કમીશન અને પગારના ધોરણે ચાલુ કેન્વાસર તરીકે રોકાઇ શકે. શરતો અને લાયકાત સાથે નીચેના શરનામે તરત જણાવો—

શશિકાન્ત એન્ડ કું.—રાવપુરા; **વડોદરા.**

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

છેલ્લાં પચીશ વર્ષથી હિંદી કુટુંબોને સંરક્ષણ આપનારી

## વેસ્ટર્ન ઈન્ડીયા વીમા કંપનીની

# "હાઉસીંગ સ્કીમ"ની યોજના

**પોલીસી-હોલ્ડરોના હિત માટે નવું સાહસ**

| એજન્સી માટે<br>લખો યા મળો |
|---|

**કેલકર એન્ડ કો.**
વડોદરા રાજ્યના ચીફ એજન્ટસ
ન્યુ કોઠી રોડ, વડોદરા.

મેસર્સ ઓગ્લે ગ્લાસ વર્કસના, એન્હર સીલવરના, તેમજ પ્રભાકર કાચમાલના અને ઔંધ સોપ વર્કસના સોલ એજન્ટસ.

---

આ **બેકારી**ના જમાનામાં ઉદ્યોગ એ **પારસમણિ** છે.

એક વખતે પદ્ધતિપૂર્વક **શિવણકામ** ( ટેલરીંગ )ને **કાપકામ** ( કટીંગ ) શીખી લો; અને ઘેર બેઠાં તમે બી. એ. અને એમ. એ. કરતાં પણ વધુ કમાઈ શકશો.

એ શિક્ષણ મેળવવા માટેની એકજ **આદર્શ સંસ્થા**—

—જ્યાં લંડન ડીપ્લોમા કોર્સ પણ શીખવાય છે. ને ફી પણ જ્યાં તદ્દન માફકસર છે—

**મોડર્ન ટેલર એન્ડ કટર ઈન્સ્ટીટ્યુટ**

[ પ્રોપ્રાયટર—એ. ડી સુરતી ડી. એમ. (લંડન) ]
ઠે. હુમાયુન મેન્શન, કોઠી પાસે, વડોદરા.

---

**સોનું-ચાંદી** ગમે છે તો દરેકને, પણ હમણાં જરા ભાવ નથી પોષાતો.
પરંતુ એક માર્ગ છે—

ગમે તે ધાતુ ઉપર સોનાનું, ચાંદીનું, ત્રાંબાનું કે નીકલનું હાઈકલાસ **ગીલેટ** કરાવી લેવું.

ઇલેકટ્રીકસીટીથી એવું સુંદર **ગીલેટીંગ** કરનાર—

**મોડર્ન ઈલેકટ્રો-પ્લેટીંગ વર્કસ**

**પ્રો. વી. એમ. તલેગાંવકર**
દાંડિયા બજાર, બાબાજીપુરા, **વડોદરા.**

# સ્ત્રી ઉપયોગી પુસ્તકો

## સ્ત્રીશક્તિ ગ્રંથમાળા

| | | |
|---|---|---|
| ૧ | વંધ્યા | ૦–૪ |
| ૨ | કાકી | ૦–૩ |
| ૩ | કાયદામાં સ્ત્રીનું સ્થાન | ૦–૩ |
| ૪ | અર્ધાંગના (વાર્તા) | ૦–૩ |
| ૫ | ગૃહવ્યવસ્થાની વાતો | ૦–૬ |
| ૬ | ખાંયણાં (લોકગીત) | ૦–૫ |
| ૭ | બલિદાન (પ્રેરક ગીતો) | ૦–૫ |
| ૮ | ભવાટવી | ૦–૪ |
| ૯ | મા (વાર્તા) | ૦–૪ |
| ૧૦ | જયાના પત્રો (કસોટીમય લગ્ન) | ૦–૬ |
| ૧૧ | પતિની પસંદગી | ૦–૪ |
| ૧૨ | લીલીની આત્મકથા | ૦–૩ |
| ૧૩ | ફોઈ | ૦–૪ |
| ૧૪ | પારસી વાનીઓ | ૦–૬ |
| ૧૫ | વિધવા ( વાર્તા ) | ૦–૫ |
| ૧૬ | કોને પરણું ? (વાર્તા) | ૧–૪ |
| ૧૭ | સુઘડતા અને સુંદરતા | ૦–૮ |
| ૧૮ | હાસ્યનો ફુવારો | ૦–૮ |
| ૧૯ | ભુતના ભડકા (વાર્તા) | ૧–૧૨ |
| ૨૦ | વિષવૃક્ષ (વાર્તા) | ૧–૮ |
| ૨૧ | હાસ્યકલાપ (રમૂજી) | ૧–૮ |
| ૨૨ | દેવી ચૌધરાણી | ૧–૮ |
| ૨૩ | વીર રોઝા (કાળુ ગુલાબ) | ૧–૦ |
| ૨૪ | હાસ્ય ઝરણાં (રમૂજી) | ૧–૮ |
| ૨૫ | "જરા ચાહ મૂકજો" | ૧–૦ |
| ૨૬ | ગરબાવળી (રાષ્ટ્રીય) | ૦–૪ |
| ૨૭ | જીવનપલટો (વાર્તા) | ૦–૪ |
| ૨૮ | સુખી ઘર (બોધક) | ૦–૩ |
| ૨૯ | ભરત ગૂંથણ | ૦–૧૦ |
| ૩૦ | ચોર્યાસીનું ચક્કર | ૦–૫ |
| ૩૧ | રઝીયા બેગમ | ૦–૩ |
| ૩૨ | ગૃહ વિવેક | ૦–૬ |
| ૩૩ | સુખીના પત્રો | ૦–૮ |
| ૩૪ | સ્ટવનું શાસ્ત્ર | ૦–૩ |
| ૩૫ | સ્ત્રી હૃદય | ૦–૩ |
| ૩૬ | માતૃપ્રેમ | ૦–૪ |
| ૩૭ | પારસી લગ્નગીતો | ૦–૬ |
| ૩૮ | સંતતિનિયમન | ૦–૮ |
| ૩૯ | વહેમી પતિ | ૦–૩ |
| ૪૦ | આરોગ્ય અને સુખ | ૦–૬ |
| ૪૧ | સામાજિક વાતો | ૦–૫ |
| ૪૨ | રમૂજી વાતો | ૦–૪ |
| ૪૩ | ભલી ભાભી | ૦–૧ |
| ૪૪ | પતિ પ્રભુ છે | ૦–૧ |
| ૪૪ | માંદગી અને માવજત | ૦–૪ |
| ૪૬ | વાતનું વતેસર | ૦–૧ |
| ૪૭ | ઘરેણાંનો શોખ | ૦–૧ |
| ૪૮ | પારસી સતીઓ | ૦–૬ |
| ૪૯ | એકાદશી | ૦–૧૧ |
| ૫૦ | રાણકદેવી | ૦–૧૨ |
| ૫૧ | શિવાજીની બા | ૦–૧૦ |
| ૫૨ | સાસુની શિખામણ | ૦–૧ |
| ૫૩ | કાયમનું અજ્ઞાન | ૦–૧ |
| ૫૪ | નામ વગરની નવલકથા | ૧–૮ |
| ૫૫ | નારી અભિષેક | ૦–૪ |
| ૫૬ | માસિક ધર્મ | ૦–૨ |
| ૫૭ | નવા સાથિયા | ૦–૧ |
| ૫૮–૫૯ | વીર તારા (બે ભાગ) | ૨–૪ |
| ૬૦ | ગોરમાનાં ગીતો | ૦–૧ |
| ૬૧ | મેડમ ડેમીડા | ૦–૧૨ |
| ૬૨ | સામાજિક વાતો | ૦–૩ |
| ૬૩ | ગુણીયલ ગૃહિણી | ૦–૧ |
| ૬૪ | સ્ત્રી સ્વાતંત્ર્ય | ૦–૧ |
| ૬૫ | દક્ષિણી રાંધણકળા | ૦–૩ |
| ૬૬ | સતી જસમા | ૦–૬ |
| ૬૭ | સંસારદર્શન | ૦–૬ |
| ૬૮ | ભૂમિમાતા આનંદમઠ | ૧–૦ |
| ૬૯ | બાળવિધવા | ૦–૨ |
| ૭૦ | સાચાં સહોદર | ૧–૮ |

**સ્ત્રીશક્તિ ગ્રંથમાળાનો આખો સેટ આજેજ વસાવો. કુલ ૭૦ પુસ્તકો બહાર પડયાં છે. તે રૂ. ૩૨માં મળે છે. પુસ્તકો છૂટાં પણ મળી શકશે. નૂર જૂદું.**

**લખોઃ સ્ત્રીશક્તિ, કેળાંપીઠ, સુરત**

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

BARODA STATE CONTRACTOR—

# Modern Photo Zinco

●

**BLOCK MAKERS**

Raopura, **Baroda.**

## બાળક કોઈ પણ પત્ર સાથે જોડાયેલું નથી

સ્વતંત્ર રીતે ૧૮ વરસથી પ્રગટ થાય છે

બાળક માસિક બાળકો માટે જ પ્રગટ થાય છે. સાદી ને સીધી ભાષા હોઈ આજના પ્રૌઢ-શિક્ષણના જમાનામાં અક્ષરજ્ઞાનની શરૂઆત કરનારાઓને તેમાંથી કંઈ કંઈ મળી રહેશે.

**છતાં લવાજમ વરસના ફક્ત રૂપિયા બે**

**તમારી સંસ્થા કે ઘરમાં બાળક અવશ્ય હોવું જોઈએ,**

કેમકે નિર્દોષ બાલુડાં બાળક વાંચવા ઘણાં આતુર હોય છે:
નવા વરસથી ઘણો ફેરફાર થયો છે.

**'બાળક' કાર્યાલય,** રાવપુરા—**વડોદરા**

**આંખના દાક્તર બહુ ત્યારે ચશ્માનો નંબર કાઢી આપશે**

## પણ પછી તમે શું કરશો?

(૧) પેબલ, ફ્લીન્ટ, ક્રાઉન ક્રીસ્ટલ ક્રુકસ, બ્લુ, સ્મોક, એન્ટેકટીન, કલોરોફીલ, ફ્યુઝલ, એંબર, પુંકટાલ, ઉરો, ઉમ્બ્રાલ, ક્રુકઝાઈટ, વીટ્રેકસ, કયો ફાયદાકારક?

(૨) ઓવલ, રાઉન્ડ, ૩૬, ૪૦, ૪૨ પેન્ટોસ (લોંગ, નીયર) ફુલવ્યુ, ઓકટેગોનલ, હેગ્ઝાગોનલમાં કયો પસંદ કરવા યોગ્ય?

(૩) ફ્લૅટ, પેરીસ્કૅાપીક, ટૅારીક, સીલીન્ડર, સ્ફેરીકલ, સ્ફેરોસીલીન્ડર, બાઈફોકલ્સ, સ્પ્લીટ, મુન, કર્વડ (અપર કે લોઅર) સીમેન્ટેડ, ક્રીપ્ટૅાક, ડુફો, એટેચમેંટ ઈ૦માં કયો સગવડવાળો? આ બધું જાણવું હોય અને ચશ્મો ખરીદતાં છેતરાવવાની બીકમાંથી બચી જવું હોય તો

## આંખ અને ચશ્મા

નું પુસ્તક જે અમે ત્રીસ વર્ષના અનુભવ ઉપરથી બહાર પાડયું છે તે તુરત મંગાવી લ્યો. મુંબઈ સરકારના કેળવણી ખાતાએ લાઇબ્રેરી, પ્રાથમિક કેળવણી, ઈનામ વિગેરે માટે પણ મંજૂર કર્યું છે.

પાકું પૂઠું, ૪૦ ચિત્રો, ૧૪૦ પૃષ્ઠો છતાં કિંમત માત્ર ૦-૧૦-૦.

શશિકાન્ત એન્ડ કું.: રાવપુરા: વડોદરા

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

પ્રેરક, સુંદર, રસીલી, કળામય નવલકથા
-નવલિકાઓની અભિનવ ગ્રંથમાળા

# કથાપરી ગ્રંથમાળા

બેરંગી છાપણી, ઉત્તમ કાગળો, મજબૂત બાંધણી, ને
શોભામય ઉઠાવવાળાં પુસ્તકો બહાર પડી ગયાં છે.

| | | | | |
|---|---|---|---|---|
| ૧ | કથાપરી | (નવલિકાઓ) | ૨-૮-૦ | તૈયાર છે |
| ૨ | કથામણિ | ,, | ૨-૮-૦ | ,, |
| ૩ | કથાકલગી | ,, | ૨-૮-૦ | ,, |
| ૪ | કથાકલાપ | ,, | ૨-૮-૦ | ,, |
| ૫ | કથામધુ | ,, | ૨-૮-૦ | છપાય છે |

તે પછી

કથાપ્રસાદ; કથાકુંજ; કથાવિલાસ
કથાંજલિ; કથાવલિ; કથાગાર

## કથાપરી (ગ્રંથમાળા) કાર્યાલય

આમલીરાન, સુરત

આ ચોપડીઓ મળવાનાં ઠેકાણાં :—
અમદાવાદ : ગુર્જર ગ્રંથરત્ન કાર્યાલય, ગાંધીમાર્ગ
વડોદરા : પુસ્તકાલય સ. સ. મંડળ લિ૦, રાવપુરા
મુંબાઈ : એન. એમ. ત્રિપાઠીની કું૦, કાલબાદેવી
,, એન. ડી. મહેતાની કું૦, ,,

આરોગ્ય, વ્યાયામ અને તંદુરસ્તી વિષયક સંપૂર્ણ અને સચિત્ર
માહિતી સતત ૨૬ વર્ષથી આપતું માસિક

# વ્યાયામ

**વાર્ષિક લવાજમ – હિંદમાં રૂા. ૨–૯–૦ પરદેશ શિલિંગ–૫.**

શરીર તંદુરસ્તી સિવાય બધું નકામું છે. શરીરને તંદુરસ્ત, નિરોગી અને સશક્ત કેવી રીતે બનાવવું અને આરોગ્ય પ્રાપ્ત કર્યા પછી તે કેવી રીતે ટકાવી રાખવું, તે **વ્યાયામ** વાંચવાથી પણ જાણી શકાશે.

આપના ઘરમાં, આપની લાયબ્રેરીમાં કે આપની વ્યાયામશાળામાં તેને બોલાવો; તે આપને યોગ્ય અને સાચી સલાહ આપશે. વર્ષના રૂ. ૨–૮–૦ના બદલામાં, વર્ષ આખરે ડાક્ટરનાં બીલ માટે, ખર્ચાતી મોટી રકમનો તે બચાવ કરશે.

**ગમે તે માસથી તેનાં ગ્રાહક થઇ શકાય છે.**

લખો:—

વ્યવસ્થાપક: **વ્યાયામ કાર્યાલય,**
મુન્શીમુદારનો વાડો, રાવપુરા, **વડોદરા.**

---

# 'મહાગુજરાત'

**સિંધમાં વસતા ત્રણ લાખ જેટલા ગુજરાતીઓનું સુપ્રસિદ્ધ મુખપત્ર (સાપ્તાહિક)**

- જેમાં સાહિત્ય, રાજકારણ, અર્થશાસ્ત્ર, શરીર કેળવણી, બાળજગત, સ્ત્રી સંસાર—વિગેરે જીવનને લગતા દરેક વિષયોની સુંદર છણાવટ થાય છે.
- જાણીતા સાહિત્યકાર શ્રી. ડુંગરશી ધરમશી સંપટ દર અઠવાડિયે યુદ્ધ પરિસ્થીતિ આબેહૂબ રીતે વર્ણવે છે.
- 'જન્મભૂમિ' અને 'બહુરૂપી' શબ્દરચના હરિફાઇઓના સચોટ ઉકેલો અને દલીલો એક નિષ્ણાત તરફથી નિયમિત પ્રસિદ્ધ થાય છે.
- 'મહાગુજરાત' બુદ્ધિવર્ધક વ્યૂહ હરિફાઈ વગર દાખલ ફીએ સુંદર ઈનામો મેળવી આપે છે.
- એના દીપોત્સવી અને બીજા ખાસ અંકોએ ગુજરાતી પત્રકારિત્વને સમૃદ્ધ કર્યું છે.
- વડોદરા રાજ્યનાં તમામ પુસ્તકાલયો માટે મંજુર થયેલું છે.

**વાર્ષિક લવાજમ હિંદમાં રૂા. ૪ — વિદેશ શિ. ૬**

**• સિંધમાં જાહેર ખબર માટે અજોડ સાધન •**

**નમૂનાની નકલ તેમજ ભાવતાલ માટે આજેજ લખો:**

એજન્ટો ન હોય તેવા સ્થળોના ન્યુઝપેપર એજન્ટોએ તુરત જ પત્રવ્યવહાર કરવો.

**મેનેજર: સિંધ ન્યુઝપેપર્સ લીમીટેડ, કેમ્પબેલ સ્ટ્રીટ–કરાંચી.**

# કેટલાક અભિપ્રાયો

'**સુવાસે**' પોતાની ઉચ્ચ કોટિ સાચવી રાખી છે. તેના અગ્રલેખો ખરેખર ચિંતનશીલ અને કાવ્યતત્ત્વથી ભરેલા હોય છે.

**—રમણલાલ વસંતલાલ દેસાઈ**

લેખો એકંદરે સારા …… અભ્યાસપૂર્વક લખાયલા છે.

**—અરદેશર ફ્રરામજી** ખબરદાર

ઇચ્છીએ છીએ કે શિક્ષિત ગુજરાત 'સુવાસ' જેવા સત્પ્રયાસને આવકારે, પોષે અને સંપૂર્ણ સુવિકાસની તક આપે.

**—માનસી**

ગુજરાતને એક સારૂં માસિક મળ્યું હોવાનો સંતોષ થાય છે.

**—જન્મભૂમિ**

એ વિશિષ્ટ પ્રકારનું સ્થાન સાહિત્ય–જગતમાં મેળવશે એવી આશા બંધાય છે.

**—યુવક**

આ નવો ફાલ અન્ય સામયિકો જેમ ખાલી નજર કરી ફેંકી દેવા જેવો નથી. 'યથા નામા તથા ગુણા'ની જેમ ખાસ વાંચવા જેવું છે. … લેખોની શૈલી ઉત્તમ કલાપૂર્વક નવી છે. ખાસ મહત્ત્વતા ભાષાશુદ્ધિ અને જોડણીને આપેલી છે.

**—ખેતીવાડી વિજ્ઞાન**

'**સુવાસ**'નું ધોરણ આમ વધુ વ્યાપક બનતું જાય છે તે જોઈ આનંદ થાય છે … તેના સંચાલકોને ધન્યવાદ છે. …… આ પદ્ધતિનો બધાં સામયિકોવાળા સ્વીકાર કરે તો ?–અત્યારે કચરાની ટોપલીમાં નાખવા જેવું સાહિત્ય પ્રસિદ્ધ થાય છે, તે ન જ થવા પામે.

**—ગુજરાતી**

તેમાં પીરસાયલી વિવિધ જાતની વાનગીઓ સાહિત્ય–પ્રેમીઓને સારો ખોરાક પૂરો પાડે છે.

**—ક્ષત્રિય મિત્ર**

સામગ્રી સંતોષપ્રદ છે.

**—પુસ્તકાલય**

વિદ્વતાભરેલા લેખો, વિચારણીય સાહિત્યસામગ્રીથી આ માસિક વડોદરાના બંધ પડેલા 'સાહિત્ય' માસિકની ખોટ પૂરશે એવી આશા બંધાય છે.

**—બાળક**

જીવન, કલા, સાહિત્ય વગેરે વિષયો પરના લેખોથી ભરપૂર છે.

**—સયાજીવિજય**

'**સુવાસ**' એના નામ પ્રમાણે સુવાસિત છે.

**—તંત્રી – દેશીરાજ્ય**

'**સુવાસ**'ના કેટલાક અગ્રલેખોમાં જળવાયલ રસ, તત્ત્વજ્ઞાન અને કવિતાત્મક ગદ્યનો સંયોગ ટાગોર સિવાય ક્યાંય નથી અનુભવ્યો.

**—બ. મ. પરીખ**

'**સુવાસ**'ના કેટલાક વિષયોની ભાષા એટલી તો હૃદયંગમ છે, કે ગુજરાતી ભાષાના કોઈપણ સાહિત્યરસિકને અનેક વખત વાંચ્યા છતાં ફરીવાર તેના વાંચનની તૃષા જ લાગી રહે.

**—મિત્રપ્રિય**

અમારૂં આખું કુટુંબ 'સુવાસ' ખૂબ વાંચે છે. અમારે ત્યાં ગુજરાતનાં ઘણાં પત્રો આવે છે, પણ તેમાં શિષ્ટ સાહિત્ય તો 'સુવાસ'જ આપે છે.

**—કિ. ઓલિયા જોશી**

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

# સુવાસ

अज्ञानतिमिरान्धानां ज्ञानांजनशलाकया ।
नेत्रमुन्मीलितं येन तस्मै श्रीगुरवे नमः ॥

પુસ્તક ૩ જું ] જાન્યુઆરી : ૧૯૪૧ [ અંક ૮


## અહિંસા : સંસ્કૃતિમાં તેનું સ્થાન

રમણલાલ વ. દેસાઈ

[ ૩ ]

કૌટુંબિક ભાવનાથી આગળ પગલું ભરતાં આપણે ગોત્રભાવના ઉપર આવીએ છીએ. ગોત્રનો અર્થ કૌટુંબિક ભાવનાનો વિસ્તાર એટલું જ કહીએ તો ચાલી શકે. ધીમે ધીમે ગોત્રમાં પિતામાતાના આખા કુળ અને તેમની શાખાઓનો સમાવેશ થઇ જાય છે. માનવજાતની સંસ્થાઓનો અભ્યાસ કરતાં આપણે ચોખ્ખો ક્રમ જોઈએ છીએ કે જેમ જેમ ગોત્રની સ્પષ્ટતા થતી જાય તેમ તેમ હિંસાની સીમા પણ મર્યાદિત થતી જાય. જેમ કુટુંબીને હણાય નહિ તેમ સગોત્રીની હિંસા પણ ગુન્હો ગણાવા લાગ્યો. જેમ કુટુંબનો વડીલ કુટુંબ ઉપર નિયંત્રણ રાખતો તેમ અનેક કુટુંબોના બનેલા એક વિશાળ કુટુંબ સરખા ગોત્રનો વડીલ સગોત્રીઓ ઉપર નિયંત્રણ રાખતો બની ગયો. મર્યાદિત કુટુંબની ભાવનામાં માનવી, સ્ત્રી, પતિ અને બાળક સિવાય સર્વની હિંસા કરવા માટે સ્વતંત્ર હતો. ગોંત્રનો વિકાસ થતાં એ સ્વતંત્રતા મર્યાદિત થઈ પોતાના બાળકના બાળક, તેના બાળક, ભાઈનાં કુટુંબ અને તેમનો વિસ્તાર વગેરે એકજ વંશની જુદી જુદી શાખાઓ અહિંસાના વર્તુળમાં આવી. કૌટુંબિક લાગણીઓ આમ વિસ્તૃત બનીને આખા ગોત્ર ઉપર પથરાઈ ગઈ અને કુટુંબમર્યાદિત અહિસા ગોત્ર સરખી મોટી મર્યાદા ઉપર ફેલાઈ ગઇ.

અહિંસાના અપવાદ કુટુંબમાં કે ગોત્રમાં નથી કે ન હતા એમ વિધાન કરવાની જરૂર નથી. મહત્ત્વનો પ્રશ્ન એજ છે કે હિંસાના પ્રસંગો કુટુંબ અને ગોત્ર માટે માત્ર અપવાદ જ નહિ પરન્તુ ગુન્હા તરીકે ગણાવા લાગ્યા. હિંસાની પાત્રતા આમ ગોત્રની


Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

બહાર જઈને બેઠી અને સ્વરક્ષણ અર્થે સામાજિક અને રાજકીય વિકાસ સાધતી માનવ-જાતે અહિંસાનો ગોળ વધારી કુટુંબ અને રાષ્ટ્રને તેમાં સમાવી લીધાં. મિલ્કતની વ્હેંચણી તથા વ્યવસ્થા, પરસ્પર વર્તનના નિયમો અને અંગત તથા સામાજિક જવાબદારીની ભાવના જાગૃત થઇ અને એ નિયમો તથા ભાવનાના ભંગનો પ્રસંગ વ્યક્તિગત નહિ, પરન્તુ સામાજિક પ્રસંગ બની ગયો. માનવી જાતે પોતાનો જ ન્યાયાધીશ બનતો અટકી ગયો. આમ સમાજનો વિકાસ અહિંસાને જ વધારતો જાય છે.

હિંસા ગોત્ર બહાર તો ચાલી ગઇ. ગોત્રમાં સમાતી વ્યક્તિઓએ પોતાને માટે અહિંસા સ્વીકારી લીધી. પરન્તુ એક ગોત્ર અને બીજા ગોત્ર વચ્ચેના સ્વાર્થઘર્ષણ પ્રસંગે હિંસા જ પ્રથમ દર્શનીય ઇલાજ તરીકે આગળ થાય છે જમીન માટે, મિલ્કત માટે, એક ગોત્ર બીજા ગોત્રની સામે હિંસાનો ઉપયોગ માન્ય રાખે છે, અને અંતે વિવિધ ગોત્રો પરસ્પર લડી, ઝઘડી થાકે છે; લડતાં ટોળાંમાંથી મિત્ર ટોળાં બનાવે છે, અને યુદ્ધની નિરર્થકતા કે લાભની અલ્પતા સમજતાં એવી નિશ્ચિત ભૂમિકા ઉપર આવે છે કે જ્યાં તેમને સમજાય છે કે ગોત્ર કે ગોત્રના સ્વાર્થ માટે હિંસા કામની નથી, જરૂરની પણ નથી. આ સત્ય તેમને ધીમે ધીમે સમજાય અને મૈત્રી-સંબંધ વધે તેમ તેમ જુદાં જુદાં ગોત્રો એકબીજાની સાથે ભળી જાય છે અને વિવિધ ગોત્રો ભેગાં થતાં આપણે માનવ-વિકાસની -Clan અગર tribe-જાતિ વિશિષ્ટતાની ભૂમિકાએ પહોંચીએ છીએ. જાતોનું બંધારણ ઘડાતાં અહિંસાનું વર્તુળ નાનકડા ગોત્રોથી આગળ વધે છે અને ગોત્રસમૂહના પરિણામ સરખી આખીયે જાતને તે પોતાની મર્યાદામાં સમાવી દે છે. આમ જે અહિંસા કુટુંબમાં મર્યાદિત હતી, જે અહિંસા વિસ્તૃત બની ગોત્રમાં મર્યાદિત થતી હતી તે હવે આખી જાતને પોતાને આશ્રયે લઈ લે છે. જાતમાં ભળવાનો પ્રથમ નિયમ જ એ રચાય છે કે સ્વજાતિની હિંસા દૂષિત છે. એટલું જ નહિ તે ગુન્હો પણ છે. સમગ્ર જાતિનું રક્ષણ એ સર્વની ફરજ ખરી અને તેને માટે અન્ય દુશ્મન જાત સામે સશસ્ત્ર આક્રમણ કરી શકાય; પરંતુ જાતની અંદર કોઇને પણ હણવો એ અક્ષમ્ય અપરાધ તરીકે લેખાય છે.

આમ એકલવાયો મનુષ્ય સ્વરક્ષણ અર્થે કુટુંબ રચે છે, એકલવાયું કુટુંબ સ્વરક્ષણ અર્થે ગોત્ર રચે છે. અને એકલપણામાં નિર્બળતા અનુભવતાં ગોત્ર હિંસા છોડી અન્ય ગોત્રોમાં ભળી જઇ એક આખી જાત ઊભી કરે છે. કૌટુંબિક અહિંસા આમ ફેલાતી આખી જાત ઉપર વિસ્તાર પામી. રક્ષણની ભાવના હિંસા માગે છે કે અહિંસા એ આટલા માનવવિકાસ ઉપરથી પણ સહજ સમજાઇ જાય છે. એકલો માનવી પોતાનું રક્ષણ કરી શકે એના કરતાં તે કુટુંબવ્યવસ્થિત બને તો વધારે સારી રીતે પોતાનું રક્ષણ કરી શકે છે, પોતાનું જ માત્ર નહિ પરંતુ કુટુંબી ગણાતી સર્વ વ્યક્તિઓનું. એક કુટુંબ એકલું રહી પોતાનું રક્ષણ કરી શકે તેના કરતાં તે ગોત્રમાં ગોઠવાઈ જઈને પોતાનું વ્યક્તિગત તેમ જ અન્ય કુટુંબીઓનું વધારે સારૂં રક્ષણ કરવાની શક્તિ પ્રાપ્ત કરે છે. એક ગોત્ર બીજા ગોત્રની સાથે હિંસાદ્વારા જેટલું રક્ષણ મેળવી શકે તેના કરતાં અહિંસાનો સ્વીકાર કરી ગોત્રોમાંથી જાત ઉપજાવી વધારે સફળ રક્ષણ સાધી શકે છે. સૂક્ષ્મ દૃષ્ટિએ આ આખો ક્રમ એકજ વસ્તુ સૂચવે છે કે માનવી અહિંસાને જેમ જેમ વિસ્તારતો જાય છે તેમ તેમ તે વધારે સાચું રક્ષણ મેળવતો જાય છે.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

આ અહિંસાનો વિકાસક્રમ માનવજાતની સાચી સમૃદ્ધિમાં શો શો વધારો કરે છે તે પણ આપણે સહજ જોઈ લઈએ. કુટુંબ માણસને રસવૃત્તિ, પ્રેમશૌર્ય, અને વાત્સલ્ય આપે છે. ગોત્રભાવના પૂજ્યભાવ, વ્યવસ્થા, આજ્ઞાધારકપણું અને સંસ્કાર પરંપરા–tradition આપે છે. સાથે સાથે કુટુંબે આપેલા ગુણ પોતે કાયમ રાખે છે તેટલું જ નહિ પરંતુ તેમને વિસ્તૃત કરે છે. ગોત્રમાંથી જાતમાં સંકળાતાં માનવજાત સ્થિરતાને પામે છે; રાજ્ય, કાયદા, શાસનતંત્ર વગેરે મેળવે છે; કલા અને તત્ત્વજ્ઞાન પ્રાપ્ત કરે છે અને એક વ્યવસ્થિત મહાન માનવસમૂહ તરીકે રહેણીકરણીની ઉચ્ચતા અને ભાવના જાગ્રત કરી રક્ષણ અર્થે માત્ર બળ નહિ પરંતુ સંસ્કાર અને સભ્યતાનો બહુ જ ઉપયોગ કરવાની પાત્રતા મેળવી લે છે. એ પાત્રતામાંથી જ માનવપ્રજાએ વિકાસની મહા ફલંગો ભરેલી છે. જો માનવી એકલો હોત, માત્ર કુટુંબી હોત, ફક્ત ગોત્રમાં જ ગોઠવાઇ રહ્યો હોત તો તે ન સિદ્ધ કરી શકત.

જાતમાંથી વિકાસ પામતો માનવી પ્રજાકક્ષાએ આવી પહોંચે છે. કુટુંબ, ગોત્ર એ બંનેમાં જે એક લોહીની માન્યતા હતી તે માન્યતા આખી જાતમાં ફેલાય છે ત્યારે આપણો વિકાસક્રમ આપણને વીરપૂજા, પૂર્વજપૂજા, પ્રકૃતિપૂજા જેવાં એકતાનાં તત્ત્વો, ભાષા અને ભૂમિ તેમ જ જાતિ–અભિમાન અર્પે છે. અને આખી જાતને એક કુટુંબ તરીકે ગણવાના પાઠ આપણને શીખવે છે. કુદરતનો સંબંધ, જન્મ, મૃત્યુ, પૂર્વજોનાં સંસ્મરણો એ સઘળું એક વ્યાપક તત્ત્વજ્ઞાનમાં ગોઠવાઈ જાય છે, અને એક જાતધર્મ પાળી પ્રજાનાં સ્વરૂપ ધારણ કરે છે. પ્રજાની કક્ષાએ પહોંચતાં આપણને પ્રાપ્ત થયેલો ધર્મ આપણી જાતને, આપણી ભૂમિને અને આપણા ભ્રાતૃભાવને ખૂબ વિસ્તૃત સ્વરૂપ આપે છે અને વ્યાપક રક્ષણની ભાવના આખી પ્રજા ઉપર ફરી વળે છે.

એક જ જાતિમાં રહેતા પ્રત્યેક મનુષ્યને ભાલા અને તલવારની અણીથી પોતપોતાનો ન્યાય ચૂકવવાની છૂટ મળી હોત તો સમાજનું બંધારણ રચાયું જ ન હોત. હિંસકવૃત્તિને દાબી પોતાની જાતમાં ગણાતી પ્રત્યેક વ્યક્તિ પ્રત્યે માનવીએ બંધુભાવના વિકસાવી ન હોત તો વિવિધ જાતિઓના સંગઠનમાંથી પ્રજાભાવના ખીલવવી અશક્ય બનત. યુગયુગથી હિંસાનો નિષ્ફળ અખતરો કરતો મનુષ્ય જાણે અજાણે અહિંસાની કિંમત સમજતો જ જાય છે, અહિંસામાં પોતાના સ્વાર્થને ઓળખતો જાય છે. સ્વાર્થ ખાતર પણ હિંસાની વધારે અને વધારે સાંકડી મર્યાદાઓ બાંધી અહિંસાને લંબાવવામાં તે પોતાનું રક્ષણ સચોટ રીતે જોઈ શકે છે. હિંસાને અળગી કરતાં તે અનેક માનસિક સમૃદ્ધિઓ પામતો જાય છે એ પણ તે ભૂલી શકે એમ નથી.

આમ વ્યક્તિત્વના મધ્ય બિંદુથી ધીમે ધીમે ચારે પાસ ફેલાતી અહિંસાએ પ્રથમ કુટુંબ, પછી ગોત્ર, તેમાંથી જાત અને તેથી આગળ વધતાં પ્રજાના સમૂહોને પોતાની મર્યાદામાં સ્વરક્ષણના સિદ્ધાંત ઉપર જ લાવી મૂકયા છે. અહિંસાના વિજય સર્વદા શાન્ત, સૌમ્ય અને છતાં ભારે અસરકારક હોય છે. હિંસાના વિજયની માફક તેમાં રુધિરની રતાશ નથી, મૃત્યુનો આર્તનાદ નથી અને નશાબાજ જેવો ઉદ્ધત અસ્થાયી આનંદ નથી. ઢોલ વગડાવીને, ઢંઢેરો પીટાવીને, ધજાઓ ફરકાવીને કે જયનાદો બોલાવીને અહિંસા પોતાનો વિજય જાહેર કરતી નથી. પોતાના વિજયચિહ્ન તરીકે અહિંસા વગર બોલે કુટુંબ સરખી સંસ્થા ખીલવે છે, ક્રાઈસ્ટ કે બુદ્ધ સરખા માનવદેવો આપણી વચ્ચમાં ઉપજાવે છે; રામાયણ સરખાં કાવ્ય કોઈની કલ્પનામાં ઉઘાડે છે, વીણા સરખું વાજિંત્ર જગત આગળ ધરે છે, ગીતા

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

સરખું ગંભીર તત્ત્વજ્ઞાન કોઈની પાસે ગવરાવે છે અગર ઇલોરા કે અજન્તાની વજ્રછાટ-માંથી અદ્ભુત માનવમૂર્તિઓ કોતરાવી આપે છે. આ બધાં વિજયચિહ્નો ઊભાં કરીને પણ અહિંસા એમ કહેતી નથી કે તેણે જ આ સઘળું કર્યું.

આનો અર્થ ભાગ્યે જ કોઈ એમ કરે કે એક જાત બીજી જાત સાથે અને એક પ્રજા બીજી પ્રજા સાથે હિંસારહિત ભાવ રાખી રહેલી છે. રાજ્યસત્તા, ધર્મસત્તા વગેરેને નામે જગતને શરમાવનારા અનેક ખૂનખાર ઝઘડાઓ થયા છે. રાજ્યધર્મ અને પ્રજાને નામે મનુષ્યે પોતાના પાશવ સ્વભાવનું ખૂબ પ્રદર્શન કરાવ્યું છે. છતાં એટલું તો ચોક્કસપણે સમજી લઇએ કે રક્ષણ અર્થે માનવીએ અહિંસાનો આશ્રય લઈ કુટુંબ મેળવ્યું, ગોત્ર મેળવ્યું, જાત મેળવી અને પ્રજા મેળવી. જેમ કુટુંબનો એક માણસ હિંસા દ્વારા પોતાની ઉન્નતિનો અવ-કાશ જોઈ શકતો નથી, તેમ એક પ્રજામાં ગોઠવાઈ ગયેલો માનવસમૂહ પણ પરસ્પરની હિંસાદ્વારા પોતાની ઉન્નતિની શક્યતામાં માનતો નથી. કુટુંબી બનવું હોય તો હિંસા છોડયે કુટુંબરક્ષણ મળે. એ જ પ્રમાણે સમગ્ર પ્રજાનું રક્ષણ જોઇતું હોય તો પ્રજાની વ્યક્તિએ વ્યક્તિ પૂરતી હિંસા અવશ્ય વર્જ્ય કરવી જોઈએ. અંદર અંદર હિંસા કરનાર કુટુંબી કે પ્રજાજન કુટુંબ કે પ્રજાનું રક્ષણ પામતો નથી. તેને પ્રજાનું રક્ષણ જોઈતું હોય તો એક જ શર્ત કે તેણે પોતાના પ્રજાસમૂહ પરત્વેની હિંસા વર્જ્ય કરવી.

---

# આથમતા સૂર્યને–

મહેન્દ્રકુમાર દેશાઈ

[ચન્દ્ર! જરા જાતાં જાતાં તો બાપુ! થોભ.—એ ઢાળ]

સૂર્ય! અસ્ત થાતાં પ્હેલાં તો ઘડી થોભ.
ક્ષિતિજ-કોર હું સજાવું
રંગ સોનલે મઢાવું
અસ્ત થાતાં પ્હેલાં તો ઘડી થોભ.
પુષ્પ પાંખડીની માળ ગૂંથી રાખી,
મીઠી હૈયાની હેતગ્રન્થી બાંધી;
મારી પૂજાની વેળ ના વીતાવું, વધાવું હું, સૂર્યદેવ !—
રૂપરંગ મધુરાં ના લસી રહ્યાં,
રસ-ગંધનાં ઊંડાણ ના ભલે રહ્યાં;
માત્ર યાચું, પૂજનમાંહી સ્થાપું આ અર્ઘ્ય હું, સૂર્યદેવ !—
સમયોગનો સમય આ વહી જશે,
મારા મનની મુરાદ સૌ રહી જશે;
ખીલ્યું જીવન જે સ્વાર્પણને સારૂં, તે વારૂં હું, સૂર્યદેવ !—

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

# અંતિમ સંગીત

પંકજ

'નાવિક, આપણે ક્યાં જઇએ છીએ?'

'દેવ, આપણે પાતાલ દ્વિપપુંજો તરફ જઇ રહ્યા છીએ.'

'કેમ, ત્યાં જવાથી શું લાભ થશે?'

'દેવ, લાભ કે હાનિનો વિચાર હું કરી શકતો નથી. હું તો ફક્ત સમ્રાટની આજ્ઞાનું પાલન કરૂં છું.'

'સમ્રાટને પાતાલ દ્વિપપુંજો તરફ મને મોકલવાનું શું કારણ મળ્યું?'

'દેવ, એ બધી વિગત પાતાલદ્વિપપુંજમાં રહેતા આપણે ત્યાંના સેટ્ઠી ધર્મચંદ્ર આપશે.'

તૂતક પર ઊભા રહી વાતો કરતા નાવિકે એકાએક દૂરથી એક નૌકાપોત આવતું જોયું. તે ચમકીને બોલ્યો, 'કર્ણદેવ, તમે જરા ઊભા રહો, હું મારૂં દૂરદર્શક યંત્ર લઇ આવું.'

નાવિક નીચે ગયો અને કર્ણદેવ ચૂપચાપ તૂતક પર ફરવા લાગ્યો. કર્ણદેવ ઉજ્જૈયિનીનો વાસી હતો અને એક સમર્થ ગાયક અને વાજિંત્રકાર હતો. તેના સંગીતમાં હૃદય હતું અને વ્યથા હતી. એ સંગીત સાંભળવા માટે પશુપક્ષી પણ એકતાન થતાં. પ્રકૃતિ પણ શાંતપણે એના સંગીતને સાંભળતી. લોકવાયકા તો એને અનેક દિવ્ય ગુણોથી વિભૂષિત કરતી હતી. કોઇ કહેતું કે એ સંગીતના ધ્વનિથી રાજપ્રાસાદને ભૂમિ પર પાડી શકતો હતો ત્યારે કોઇ કહેતું કે તોફાને ચઢેલો દુર્દાંત મહાસાગર પણ એનું સંગીત સાંભળી શાંત થઇ જતો. એણે પોતાની કળા પ્રતિષ્ઠાનના દરબારમાં રજૂ કીધી. સર્વે એની કળા પર મુગ્ધ થઈ ગયા. એકાએક એક દિવસે કર્ણદેવને સમ્રાટ તરફથી આજ્ઞા મળી કે, 'તેણે અશોક નાવિકની નૌકામાં પ્રયાણ કરવું.' સમ્રાટની આજ્ઞાને માન આપી તે નૌકામાં બેઠો.

કર્ણદેવે તૂતક પર ઊભા રહી તે આવતા નૌકાપોતને ધારીને જોવાની ચેષ્ટા કીધી. થોડીવારે અશોક પણ નીચેથી દૂરદર્શક યંત્ર લઇને આવ્યો.

'દેવ, આપણે ઘણા ખોટા ફસાયા છીએ. આ તો ક્રૂર રાક્ષસોનું નૌકાપોત છે.'

'શું કહે છે?'

'હા દેવ, એ જ ક્રૂરો સમુદ્રમાં ભગવાન કૃષ્ણના સમયથી ઉત્પાત કરે છે. તે સમયે ભગવાન કૃષ્ણે એમનો ભારે સંહાર કીધો હતો, પરંતુ એ પુનઃ દુષ્ટતા કરવા લાગ્યા છે.'

'પણ હવે શું થશે?'

'દેવ, અશોક ક્ષત્રિય છે, સંગ્રામથી બ્હીતો નથી. જુઓ હું મારા માણસોને તૂતક પર ભેગા કરૂં છું.'

અશોકે રણશીંગડું કાઢી વગાડયું. સર્વે નાવિકો અને નૌકાના રક્ષકો તૂતક પર એકઠા થઈ ગયા. અશોક બોલ્યો, 'ભાઇઓ, આજે આપણા નૌકાપોત પર આક્રમણ કરવા

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

મૂરો આવી રહ્યા છે. આપણે પ્રતિષ્ઠાનની કીર્તિને કલંક લાગવા દેવું નથી. ભરત તું પ્રથમ મૂરોને ચેતાવી દે કે આ નૌકા પ્રતિષ્ઠાનના સમ્રાટ સાતવાહનની છે.'

ભરતે નમન કરી એક શર પોતાના ધનુષ્ય પર ચઢાવીને માર્યું. એ શરમાં પ્રતિષ્ઠાનનું રાજચિન્હ હતું.

સામી નૌકામાંથી બીજું શર આવ્યું. અશોકે તે ઉપાડી જોયું અને બોલ્યો, 'આ નૌકાપોત આપણી અવગણના કરી યુદ્ધ માગે છે. ભરત, આક્રમણ શરૂ કરો અને બતાવો કે હજુ પણ પ્રતિષ્ઠાનના વાસીઓ પોતાના ગૌરવની રક્ષા કરી શકે છે.'

સામસામાં શરો છૂટવા લાગ્યાં. પરંતુ સામી નૌકાપોતની પાછળ બીજી સહાયક નૌકાપોત આવી પહોંચતાં અશોકની ધીરજ ખૂટી. એકાએક એક આગ્નેયાસ્ત્રે પ્રતિષ્ઠાનની નૌકામાં આગ લગાડી. પુષ્કળ ધાંધલ થવા લાગી અને જોતજોતામાં સામેની નૌકાના યોદ્ધાઓએ આવી અશોક અને તેના અન્ય સાથીઓને બંદી બનાવ્યા.

૨

'દેવ, આજે બંદી અવસ્થામાં મારે કબૂલ કરવું પડે છે કે સમ્રાટની ઈચ્છા પ્રથમ પાતાલ અને પછી પારસદેશમાં તમારી કળાનો પરિચય કરાવવાની હતી.'

'પરંતુ મને સ્પષ્ટ કહ્યું કેમ નહીં?'

'ના, એમાં એક કારણ હતું. સમ્રાટની ઈચ્છા એ વાત ગુપ્ત રાખવાની હતી, અને પાતાલમાં પહોંચ્યા પછી ત્યાંના સમર્થ ગાયક જયદ્રથની સામે તમને સ્પર્ધામાં ઉતારવાના હતા.'

'શું જયદ્રથ એક મહાન સંગીતજ્ઞ છે?'

'હા, એની કીર્તિ સર્વત્ર ગવાય છે. એ સાગરના તરંગોને પણ પોતાના સંગીતથી મોહી શકે છે, અને મહાસાગરના જળચરોને મંત્રમુગ્ધ કરી શકે છે.'

કંઈક ચૂપ રહ્યા પછી કર્ણદેવ બોલ્યો, 'હા, મારી પણ ઈચ્છા તેની સામે સ્પર્ધા કરવાની થાય છે; પરંતુ હવે તો આપણે બધા બંદી છીએ.'

એક પ્રહરીએ આવી બંદીગ્રહ ઉઘાડયું અને બોલ્યો, 'બંદીઓ જો પ્રતિષ્ઠાનથી તમારા છૂટકારાને માટે એક લક્ષ મુદ્રા એક માસમાં નહીં આવશે તો તમારે જળસમાધિ લેવી પડશે. તમે પ્રતિષ્ઠાન પત્ર લખી આપો તે ત્યાં પહોંચાડવામાં આવશે.'

સર્વે ચૂપ રહ્યા. અશોક કંઈક વિચાર કરી બોલ્યો, 'વારૂ, હું પત્ર લખી આપું છું.'

૩

'અશોક, પ્રતિષ્ઠાનથી મુદ્રા આવી લાગતી નથી અને હવે ત્રણ દિવસ શેષ રહ્યા છે.'

'હા દેવ, આપણે શુભ મુહૂર્તમાં નીકળ્યા ન હતા. દેવ, તમે કંઈ ન કરી શકો?'

'હા, કરી શકું એમ છું; પરંતુ એમાં મારી એક ઈચ્છા અપૂર્ણ રહી જશે.'

'કઈ ઈચ્છા?'

'જયદ્રથને પરાસ્ત કરવાની.'

'કેમ?'

'આપણી સ્વતંત્રતા મેળવવામાં કદાચ મારૂં મૃત્યુ થાય એમ પણ સંભવિત છે.'

અશોક એક અજ્ઞાત ભયથી કંપી ઊઠયો. થોડીવારે બોલ્યો, 'દેવ, એ બનશે નહીં. તમારા વગર એ સ્વતંત્રતા અમને પાચન થશે નહીં.'

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

એકાએક દ્વાર ખૂલ્યું અને પ્રહરી બોલ્યો, 'પ્રતિષ્ઠાનથી આજે પણ મુદ્રા આવી નથી અને હવે પરમ દિવસે અમારા નરમેધ યજ્ઞની પૂર્ણાહુતિ થશે.'

૪

સમસ્ત રાત્રિમાં બંદીગૃહમાં ગડમથલ થઈ રહી હતી. કર્ણદેવ એક પ્રબળ દ્વંદ્વ અનુભવી રહ્યો હતો. એકાએક તે બોલ્યો, 'અશોક !'

'દેવ, શું કહો છો ?'

'જો હું તે ઉપાય અજમાવું છું. મારું મૃત્યુ કદાચ થશે, તો મારા મૃતદેહને પણ સાચવીને પાતાળ લઈ જજો, અને જયદ્રથને દેખાડીને કહેજો કે કર્ણદેવનું શરીર આ છે અને આત્મા અનંતનું સંગીત સાંભળવા તન્મય બન્યો છે.'

'દેવ શું મૃત્યુ અવશ્યભાવિ છે ?'

'હા, કારણ કે હું આ નિશાચરોની પાસે વીણા વગાડવાની રજા માગવાનો છું. હું જે સંગીત સંભળાવીશ તેમાં એ બધા મત્ત થઈ જશે, તમે સર્વે પણ તેમ જ થશો. એમની એ મૂર્છાનો લાભ લઇને મારે એમને નિઃશસ્ત્ર કરવા છે. જુઓ એ સંગીતના ગાવા પછી ત્રીસ ઘટિકા પછી મને મૂર્છા આવશે. એ જ મૂર્છા કદાચ મૃત્યુમાં પણ ફેરવાઇ જાય.'

'દેવ એનો કંઇ પ્રતિકાર નથી ?'

'હા, જો એ મૂર્છિત અવસ્થા ત્રણસોને સાડ ઘટિકા રહે તો કોઈ સંગીતજ્ઞ મારામાં ચેતના પુનઃ આણી શકે છે.'

સર્વે ચૂપ રહ્યા. કર્ણદેવ બોલ્યો, 'અશોક, જો આ મારું અંતિમ સંગીત થાય તો બસ વિદાય લઉં છું.'

બંદીજનો સર્વે કકળી ઊઠયા. પરંતુ ઉપાય હતો નહીં. સર્વે આંસુભરી દૃષ્ટિએ કર્ણદેવને જોઈ રહ્યા.

૫

'સાગરદસ્યુઓના અધિપતિ, આજે તમે મારા કેદી છો અને હવે તમારી આહુતિ આપવાની છે' અશોક બોલ્યો.

'ભલે, તમે અમને સમુદ્રમાં નાંખી દો, પરંતુ જે દિવ્ય સંગીત અમારા કર્ણપટ પર સંભળાયું છે તેને માટે તો તમને ધન્યવાદ આપવો ઘટે છે. કર્ણદેવની મૂર્છા પણ કદાચ મૃત્યુમાં ફેરવાઇ જાય એવી વાત જ્યારે મેં સાંભળી ત્યારે મારું પણ મન મૂંઝાઇ ગયું છે.'

'અસ્તુ, પરંતુ એનો ઉપાય અમે કરી રહ્યા છીએ. જોઇએ કદાચ જયદ્રથ એ કાર્યમાં સફળ થાય.'

'શું કહો છો ? તમે પાતાળ સુધી કયાંથી પહોંચી શકશો ?'

'હા, ત્યાં પહોંચતાં એક સમાહ થઇ જશે. જોઇએ કેમ થાય છે.'

કંઇક વિચારી દસ્યુપતિ બોલ્યો, 'વારુ. કર્ણદેવને ખાતર હું તમને એક શીઘ્ર પહોંચવાનો રસ્તો બતાવું છું. તમે પાતાળ પહોંચ્યા પછી અમને સમુદ્રમાં પધરાવજો.'

અશોકને લાગ્યું કે દસ્યુપતિ સત્ય કહી રહ્યો હતો. તે બોલ્યો, 'વારુ. તમારી સહાયતા જો અણમોલ થઇ જશે તો અમે તમને મુક્તિ આપશું.'

૬

પાતાળના બંદરે પ્રતિષ્ઠાનની નૌકાઓ આવી એ વાતને ફેલાતાં કંઇ વાર લાગી નહીં, અને એ નૌકાને દસ્યુઓએ લૂંટી હતી એ વાત પણ જાહેર થઈ ગઈ. એ જ નૌકામાં પ્રતિષ્ઠાનનો પ્રસિદ્ધ સંગીતજ્ઞ મૂર્છિત પડયો છે, જાણી ઘણાને આશ્ચર્ય થયું. અશોક તાબડતોડ જયદ્રથને ઘેર આવ્યો અને બોલ્યો, 'દેવ, કર્ણદેવનું નામ તમે સાંભળ્યું હશે ?'

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

'હા, શું તે આવ્યા છે?'

'હા આવ્યા છે, પરંતુ મૂર્છિત અવસ્થામાં.'

'કેમ! શું થયું?'

અશોકે સર્વ વિગત કહી અને બોલ્યો, 'દેવ, કર્ણદેવનું જીવન બચાવવા માટે દસ્યુપતિ પણ મરણિયો બની સમુદ્રના તરંગો સાથે લડયો છે. અમને આશા છે કે એમની મૂર્છા તમે દૂર કરી શકશો.'

જયદ્રથ થોડી વાર ચૂપ રહી બોલ્યો, 'પરંતુ એ કાર્ય પણ મહાન અને ગંભીર છે. એમાં મારા જીવને પણ જોખમ છે.'

અશોક ચૂપ ઊભો રહ્યો. તેની આંખોમાં આંસુ ભરાઈ આવ્યાં અને બોલ્યો, 'ત્યારે કર્ણદેવની મૂર્છા મૃત્યુમાં ફેરવાઈ જશે?'

જયદ્રથ ચૂપ હતો.

'દેવ, સંગીતથી મંત્રમુગ્ધ થતા સર્વેને સાંભળ્યા છે, પણ મૂર્છિત પ્રાણીને સચેતન થતાં નથી સાંભળ્યાં. એ સંગીતની આશાએ અમે પાતાળ જીવના જોખમે પણ આવ્યા છીએ, અને આજે આમ નિરાશ થવું પડશે એની આશા ન હતી.'

'શું કરું, હું લાચાર છું.'

'શું તમે ભયથી લાચાર છો કે ઈર્ષ્યાથી લાચાર છો?'

'તમારા પૂછવાનો હેતુ શું છે?'

'જો તમે તમારા જીવને જોખમ ધારીને ભય પામો છો તો કર્ણદેવ તમારા કરતાં વધારે ચડિયાતા છે, જેમણે પોતાનો દેહ અન્ય મનુષ્યોના રક્ષણ માટે અર્પણ કરી દીધો, અને કર્ણદેવ પુનર્જીવિત થઇ તમને સ્પર્ધામાં હરાવશે એ ઈર્ષ્યાથી તમે જો એ કાર્ય નહીં કરતા હો તો પણ તેમાં કર્ણદેવ તમારા કરતાં ચડિયાતા છે એ વાત પુરવાર થઈ જાય છે.'

જયદ્રથના મનમાં પ્રબળ વિટંબણાઓ ઉત્પન્ન થઈ. થોડીવારે તે બોલ્યો, 'ચાલો, હું આવું છું.'

૭

જયદ્રથનું સંગીત ચાલુ થયું. સર્વે ચૂપ બેઠા. પ્રકૃતિ પણ તેના સંગીતને સાંભળવા જાણે એકતાન થઈ હોય તેમ શાંત થઇ ગઈ. જયદ્રથની આંગળીઓ વીણાના તારની સાથે શ્રોતાઓની હૃદયતંત્રીના તારો પણ હલાવતી હતી. થોડીવારે કર્ણદેવના શરીરમાં હલન-ચલન થવા લાગ્યું અને જયદ્રથનું સંગીત વધારે મર્મસ્પર્શી અને ધીમું થવા લાગ્યું. એકાએક કર્ણદેવ બેઠો થઇ ગયો પણ સંગીત બંધ પડી ગયું. સર્વેએ દોડીને જોયું તો જયદ્રથનું શરીર નિર્જીવ થઈ ગયું હતું અને એના મુખમાંથી રક્તની ધારા વહેતી હતી.

કર્ણદેવે ઊઠીને જયદ્રથના શબ પાસે આવી તેની ચરણરજ લીધી અને બોલ્યો, 'મારું અંતિમ સંગીત પણ આવા સત્કાર્યમાં થાઓ એ જ પ્રભુ પાસે પ્રાર્થના છે.'

થોડીવાર તે જયદ્રથના મુખ તરફ જોઇ રહ્યો અને પાછા વળી અશોકને કહ્યું, 'અશોક, સ્પર્ધામાં જયદ્રથદેવ મને હરાવી અનંતને રસ્તે જઈ ચૂકયા છે. હાય, એ પરાજયને હું કેમ સહન કરી શકીશ!'

મહાન સંગીતજ્ઞની આખોમાંથી આંસુ નીકળી મૃત સંગીતજ્ઞના રક્તમાં મિશ્રિત થઈ પાતાલભૂમિની પૃથ્વીનું સિંચન કરતાં હતાં.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

**વિશ્વામિત્ર, શ્રી હર્ષ, ભૂવડ, યશોવર્મા, આમ, ભોજ, ગોવિન્દચન્દ્ર ને જયચન્દ્ર સમા પૃથ્વીપતિઓ અને**
**વિશાખદત્ત, બાણ, મયૂર, દિવાકર, ભવભૂતિ, વાકપતિરાજ, સિદ્ધસારસ્વત, રાજશેખર ને હર્ષ સમા સાહિત્યસ્વામીઓથી અલંકૃત બનેલું—**

આર્યાવર્તનું એક સમયનું પાટનગર

# કનોજ

**ચીમનલાલ સંઘવી**

**કુશના** પાટવીકુમાર કુશનાભ નૃપતિએ મહોદય નામે એક ભવ્ય નગર વસાવેલું. તે નગરના મનોહર ઉદ્યાનમાં એક સમયે તે નૃપતિની સ્વરૂપવતી કન્યાઓ ક્રીડા કરતી હતી. તે પ્રસંગે તેમના સૌન્દર્ય પર મોહી પડેલ પવનદેવે તેમના સમક્ષ લગ્નની માગણી મૂકી. પણ તેજસ્વી રાજકન્યાઓએ તે માગણીને તુચ્છકારી કાઢી. પવન ખીજાયો. તેણે તરતજ પોતાની અલૌકિક શક્તિના પ્રભાવથી તે કન્યાઓને કૂબડી બનાવી દીધી. ત્યારથી તે નગર કન્યા–કુબ્જ અથવા કાન્ય–કુબ્જના નામે ઓળખાયું. સમય જતાં કાન્યકુબ્જનું ટૂંકું રૂપ કનોજ થઈ ગયું. કુશ અને કુશનાભની સ્મૃતિમાં તે નગર કુશિક, કુશસ્થલ કે કુશીનગરના નામે પણ ઓળખાય છે. કલ્યાણના પ્રતીક તરીકે તે કલ્યાણકટક કહેવાતું. મહાભારતના સમયમાં તે નગરમાં ગાધી નામે પરમ પવિત્ર ને પ્રજાપાલક રાજા રાજ્ય કરતો હતો. તેના સંસ્મરણમાં તે નગરને ગાધીપુર નામ અપાયલું.

ગાધી રાજા ઇંદ્રના ઉપનામથી ઓળખાતો. તેને વિશ્વામિત્ર નામે પુત્ર ને સત્યવતી નામે પુત્રી હતી. સત્યવતીના રૂપ પર મોહેલા ભૃગુ ઔર્વ ઋષિના પુત્ર રીસિકાએ તેના હાથની માગણી કરતાં ગાધી તે નકારી ન શકયો. પરિણામે સત્યવતી ઋષિકુલમાં ચાલી ગઈ. ત્યાં તેણે જમદગ્નિ નામે પુત્રને જન્મ આપ્યો. તે જગદગ્નિના તેજસ્વી પુત્ર પરશુરામે ક્ષત્રિયોનો સંહાર કરીને બ્રાહ્મણ–ક્ષત્રિય લોહીના સંમિશ્રણનું દર્શન કરાવ્યું.

કનોજના સિંહાસને ગાધી પછી વિશ્વામિત્ર વિરાજ્યા. તેમનામાં શક્તિ, સંસ્કાર ને તેજનું અપ્રતિમ એકીકરણ થયેલું હતું. તેમણે પૃથ્વી પર સાક્ષાત્ સ્વર્ગ ઉતાર્યું. પણ એક સમયે વસિષ્ઠ ઋષિની ગાય નન્દિનીનું હરણ કરવા જતાં જ્યારે તેમને બ્રહ્મતેજ આગળ પાછા પડવું પડયું ત્યારે સિંહાસન તેમને અકારૂં થઈ પડયું. તેમણે બ્રહ્મર્ષિ બનવાનો નિશ્ચય કર્યો ને અપૂર્વ આત્મસામર્થ્યથી તેમણે તે નિશ્ચય પાર પાડયો.

તે પછી કનોજના ઇતિહાસ પર કંઇક તિમિરપટ પથરાય છે. ભગવાન બુદ્ધ સ્વર્ગમાંથી પાછા ફરતાં કનોજમાં ઊતરેલા એટલી જ પ્રાચીન સમયની નોંધ મળે છે. તેમ છતાં વ્યાકરણ, કોશ કે સાહિત્યને લગતા અન્ય પ્રાચીન ગ્રન્થોમાં, એક યા બીજે પ્રકારે, કાન્યકુબ્જની સ્મૃતિ તો જળવાઈ જ રહી છે.



Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

વિક્રમની છઠ્ઠી સદીના મધ્યભાગમાં ત્યાં, મોટે ભાગે મૌર્ય રાજવંશમાંથી જ ઊતરી આવેલા, મૌખરી રાજવંશનો હરિવર્મન રાજા રાજ્ય કરતો હતો. તેના સમયમાં કનોજે ભારતીય જીવન-ઘડતરમાં સુંદર ફાળો નોંધાવેલો. તેની પછી અનુક્રમે આદિત્યવર્મન, ઈશાનવર્મન, સર્વવર્મન ને અવન્તીવર્મને તે પ્રદેશ પર શાસન ચલાવ્યું. 'મુદ્રારાક્ષસ' નો પ્રખ્યાત કર્તા વિશાખદત્ત અવંતીવર્મનના આશ્રયે રહેલો.

અવંતીવર્મનની પછી ગ્રહવર્મન કનોજના સિંહાસને આવ્યો. તેનાં લગ્ન થાણેશ્વરપતિ પ્રભાકરવર્ધનની કુંવરી રાજ્યશ્રી વેરે થયાં.

વર્મનોના આ શાસનકાળ દરમિયાન માળવાના ગુપ્ત રાજવંશીઓએ કનોજ પર કાબૂ મેળવવા મથામણ કરેલી, પરંતુ તેમાં તેમને પાછા પડવું પડેલું. હવે ગ્રહવર્મને લગ્નસંબંધથી થાણેશ્વર સાથે મૈત્રી સાંધતાં ગુપ્તોને માટે કનોજ એક ભયસ્થાન થઇ પડયું. પરિણામે માળવાના દેવગુપ્તે કનોજની વિરૂદ્ધમાં ગૌડ (બંગાળ)પતિ શશાંક સાથે કરાર કર્યો. ને સંવત ૬૬૨ માં પ્રભાકરવર્ધનનું મૃત્યુ થતાં પશ્ચિમેથી દેવગુપ્તે ને પૂર્વેથી શશાંકે એકીસાથે કનોજ પર આક્રમણ કરી એક ભયંકર યુદ્ધમાં ગ્રહવર્મનને હણી નાંખ્યો ને તેની રાણી રાજ્યશ્રીને કેદ કરી.

પ્રભાકરવર્ધનને રાજ્યવર્ધન ને હર્ષવર્ધન નામે બે કુમાર હતા. પ્રભાકરવર્ધનના મૃત્યુ પ્રસંગે યુવરાજ રાજ્યવર્ધન સરહદી હૂણો સાથે યુદ્ધમાં સંકળાયલો હતો. થાણેશ્વર પાછા ફરતાં તેને પિતાના મૃત્યુના સમાચાર મળ્યા. શોકમગ્ન રાજ્યવર્ધને હર્ષને રાજ્ય સોંપી સંન્યાસી બનવાની ભાવના દર્શાવી. પરંતુ એટલામાં ગ્રહવર્મનના વધના ને રાજ્યશ્રી કેદ થયાના સમાચાર આવ્યા. તે રાજ્યવર્ધન તરતજ સંન્યસ્તને બાજુએ મૂકી, હર્ષને રાજ્ય સોંપી, સેનાપતિ ભંડીને સાથે લઈ, દશ હજાર ઘોડેસ્વારો સાથે દેવગુપ્ત સામે ધસી ગયો.

તેણે માળવસૈન્યનો ઘાણ કાઢી નાખ્યો. પણ શશાંકે તેને પોતાના તંબુમાં ન્હોતર્યો ને ત્યાં કપટથી તેનું ખૂન કરાવી નાંખ્યું. પછી સેનાપતિ ભંડીનું ધ્યાન બીજે દોરવાને તેણે રાજ્યશ્રીને કેદમાંથી છોડી તેને વિંધ્યાચળ બાજુ રવાના કરી દીધી.

રાજ્યવર્ધનના ખૂને થાણેશ્વર-કનોજ ને ગૌડ વચ્ચે ભયંકર શત્રુતાનાં બીજ વાવ્યાં. થાણેશ્વરમાં એ સમાચાર પહોંચતાં કમકમાટી પ્રસરી ગઈ. તરતજ હર્ષે રાજદંડ હાથમાં લીધો ને તે કનોજ પર પંજો જમાવી બેઠેલા શશાંકની સામે ધસી ગયો.

શશાંકના વધતા બળથી પ્રાગ્જ્યોતીષ (આસામ)ના રાજા ભાસ્કરવર્મનને ભય પેદા થયો હતો. પરિણામે શશાંક સામે ધસતા હર્ષ પ્રત્યે તેણે મિત્રતાનો હાથ લંબાવ્યો ને હર્ષે તે તરતજ સ્વીકારી લીધો.

હર્ષ ઝડપથી કૂચ કરીને થોડા જ દિવસમાં માળવસૈન્ય પર કાબૂ જમાવી બેઠેલા ભંડીને આવી મળ્યો. ભંડીએ તેને રાજ્યશ્રી વિંધ્યાચળના જંગલોમાં હોવાના ને તેની શોધ નિષ્ફળ નીવડયાના સમાચાર આપ્યા. હર્ષ પોતાના સૈન્યને ગંગાકિનારે ફેરવી બહેનની શોધમાં વિંધ્યાચળ ચાલ્યો. તે જંગલમાં વસતા દિવાકરમિત્ર નામે એક બૌદ્ધ ભિક્ષુકની મદદથી તેણે ચિત્તા પર ચડવાને તત્પર બનેલી બહેનને શોધી કાઢી. બહેને તે પ્રસંગે ભિક્ષુણી બનવાનો આગ્રહ કરતાં હર્ષે કહ્યું, "હજી આપણે રાજધર્મ બજાવવાના છે, પછી સાથે જ સંન્યસ્ત સ્વીકારીશું."

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

બહેનને લઈ હર્ષવર્ધન સૈન્યને આવી મળ્યો. સૈન્યમાં હર્ષ ફેલાયો. સર્વેએ કનોજ પર ધસારો કર્યો. પરંતુ શશાંક તો ભાસ્કરવર્મન પાછળથી ગૌડ પર હુમલો કરશે એવા ભયે કનોજ છોડી ચાલ્યો ગયો હતો; પરિણામે હર્ષે, કોઈ પણ પ્રકારના સામના વિના, બહેન સાથે, કનોજમાં વિજયપ્રવેશ કર્યો.

આ પ્રસંગે કનોજનો કોઇ સ્વામી નહોતો. કનોજના મંત્રીમંડળે હર્ષને ગાદી સ્વીકારવા વિનંતી કરી. હર્ષે પ્રથમ તો આનાકાની કરી પણ પછી બહેન અને પ્રજાના આગ્રહથી તે કબૂલ થયો. તેણે તે વિષયમાં તે યુગના નામાંકિત બોધિસત્ત્વ અવલોકીતેશ્વરની સલાહ પૂછી. અવલોકિતેશ્વરે તેને સિંહાસન પર પગ ન મૂકવાની ને કનોજના મહારાજાનો ઇલ્કાબ ન ધારણ કરવાની શિખામણ સાથે ગાદી સ્વીકારવા અનુમતિ આપી. હર્ષે તે શિખામણ માથે ચડાવી ને 'શિલાદિત્ય'ના ઉપનામ સાથે તેણે કનોજનો રાજદંડ સ્વીકાર્યો. તે પછી થાણેશ્વર અને કનોજનાં રાજ્યોને જોડી દઈ પાટનગર તરીકે તેણે કનોજને જ પસંદગી આપી.

બાલ્યપણથી કેટલાક બૌદ્ધ ભિક્ષુકોના સંસર્ગમાં રહેવાથી તેને બૌદ્ધ ધર્મ પ્રત્યે અનુરાગ હતો. કાશ્મીરના એક બૌદ્ધ તીર્થમાં બુદ્ધ ભગવાનનો એક દાંત જળવાઇ રહ્યો છે તેવા સમાચાર મળતાં તે કાશ્મીરની યાત્રાએ ચાલ્યો. પણ તે દાંત ઉઠાવી જશે એવા ભયે કાશ્મીરના સંઘે દાંત સંતાડી દીધો અને હર્ષને જાત્રાની અનુમતી આપવા પણ ના કહી. હર્ષે રોષે ભરાઈને લશ્કરી આક્રમણની યોજના ઘડી અને કાશ્મીરપતિએ તેનાથી ગભરાઇને તે દાંત હર્ષને ભેટ ધર્યો. હર્ષ તે કનોજ લઈ ગયો.

તેના સમયમાં નામાંકિત ચીની યાત્રી હ્યુએનસંગ ભારતવર્ષની મુસાફરીએ આવેલો. તે આસામપતિ ભાસ્કરવર્મનના દરબારમાં રહેતો હતો. હર્ષે તેને તેડું મોકલાવ્યું. ઉત્તરમાં, મુસાફર પર મોહી પડેલા ભાસ્કરવર્મને કહાવ્યું કે, "કહો તો મારું માથું મોકલાવું, પણ યાત્રિક તો અહીં જ રહેશે." હર્ષે ઉત્તર મોકલાવ્યો, "સારું, ત્યારે તમારું માથું મોકલાવી આપો." માથું મોકલવાની તો ભાસ્કરવર્મનની તૈયારી હતી જ નહિ. એટલે બદલામાં તેણે હ્યુએનસંગનેજ હર્ષના દરબારમાં મોકલાવી આપ્યો.

કાશ્મીર અને આસામ પર આ રીતે આડકતરી પ્રભુતા જમાવી હર્ષે માળવા, સિંધ, વલ્લભી, ગૌડ, નેપાળ, પ્રયાગ, અહીછત્રા, કોસાંબી, શ્રાવસ્તી, અયોધ્યા, વારાણસી, ચંપા, કર્ણસુવર્ણ, ઓરિસ્સા વગેરે પ્રદેશો પ્રતિ નજર દોડાવી ને એક પછી એક તે દરેક પ્રદેશને તે પોતાના સીધા કે આડકતરા કાબૂ નીચે લાવ્યો. ને એ રીતે ઉત્તર ભારતવર્ષના સમ્રાટ (સકલોત્તરાપથપતિ) બની તેણે પોતાનો સંવત્સર પ્રવર્તાવ્યો. તે સંવત્સરનાં પ્રમાણો નેપાળના ઇતિહાસમાં સારા પ્રમાણમાં મળી આવે છે.

સંવત ૬૮૮માં હર્ષે દક્ષિણ–ભારત પર વિજય મેળવવાને પોતાના સૈન્યને એ દિશાએ દોર્યું. પણ ચાલુક્યવંશી પુલકેશી બીજાના હાથે હાર ખાઇને તેને પાછા ફરવું પડ્યું. તે પછી તેણે સામ્રાજ્ય વિસ્તારવાની લાલસાને તજી દીધી, અને પોતાની બધી શક્તિ જમાવેલ સામ્રાજ્યને વધારે સુદૃઢ બનાવવા પાછળ વાપરવા માંડી.

કલા અને સાહિત્યના વિષયમાં હર્ષનું સ્થાન વિક્રમ અને ભોજની લગોલગ છે. તેણે હ્યુએનસંગને બાદશાહી માન સાથે પોતાના દરબારમાં આશ્રય આપેલો. કાદંબરીનો જગ-વિખ્યાત કર્તા બાણ તેનો રાજકવિ અને મિત્ર હતો. બાણને તેણે આપેલી મદદનો અંદર

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

સરવાળો એક અબજ સોનામહોર જેટલો થાય છે. કવિવર મયૂર × ને માતંગ કવિ દિવાકર પણ તેના આશ્રિત હતા. જયસેન નામના વિદ્વાનને તેણે ઓરિસ્સાનાં એંશી ગામની ચાલુ ઉપજ આપવાની ઇચ્છા દર્શાવેલી પણ તે વિદ્વાને સંપત્તિ કરતાં ત્યાગને વધુ પસંદગી આપતાં હર્ષ તેના શિષ્ય સમો થઈ રહ્યો. નાલંદા વિદ્યાપીઠને તેણે લાખ્ખોનું દાન આપેલું. કલાકારોનું પણ તે એટલું જ સન્માન કરતો. ને કલા–સાહિત્યનો તે કેવળ પૂજારી કે આશ્રયદાતા જ નહોતો. તે પોતે પણ મહાકવિ હતો. તેણે રચેલાં ત્રણ નાટકો–રત્નાવલી, પ્રિયદર્શિકા ને નાગાનંદ–નું સંસ્કૃત સાહિત્યમાં અમર સ્થાન છે.

પ્રવાસી હ્યુએનસંગ ને કવિવર બાણે હર્ષનું, તેના સામ્રાજ્યનું ને તેની પ્રજાનું યથોચિત વર્ણન લખ્યું છે. તે જોતાં જણાય છે કે હર્ષ એક આદર્શ સમ્રાટ હતો. તેની રાજ્યવ્યવસ્થા કુનેહભરી ને પ્રજાહિતવર્ધક હતી. ચોમાસાના ચાર મહિના વર્જીને તે બાકીનો બધો સમય સામ્રાજ્યમાં ફરવામાં વિતાવતો. તે સમયે તે દુષ્ટોને દંડવામાં, નિર્દોષોને યોગ્ય સંરક્ષણ આપવામાં, પ્રજાનાં દુ:ખદર્દ દૂર કરી તેમનાં સુખ–સૌભાગ્ય વધારવામાં તેમજ રાજ્યવ્યવસ્થા પર ઝીણી નજર રાખવામાં અહોનિશ પ્રવૃત્ત રહેતો.

સામ્રાજ્યની પ્રજા એકંદરે સુખી, સમૃદ્ધ, સશક્ત ને નીતિમાન હતી. ચોરીનો પ્રસંગ જવલ્લેજ બનતો. ધર્મ, કલા અને સંસ્કારનાં વહેણો કદી સૂકાતાં નહિ.

હર્ષના સમયમાં કનોજે કેવળ ઉત્તરાપથના જ નહિ, અખિલ ભારતવર્ષના પાટનગર સમી કીર્તિ સંપાદન કરી હતી. સમૃદ્ધિ, સંસ્કાર, ભવ્યતા ને મનોહરતામાં તે ઇન્દ્રપુરી સાથે સ્પર્ધા કરતું. શ્રેષ્ઠીઓ, મંત્રીઓ, સેનાપતિઓ કે કવિવરોનાં વિશાળ ભવનોની જેમ મંદિરોની ગણતરી પણ ત્યાં હજારોથી થતી. વિદ્યાપીઠો, વિહારો ને વિદ્વાનોની ત્રિપુટી ત્રિવેણીસંગમ સમી શોભતી.

ધાર્મિક પ્રવૃત્તિઓમાં હર્ષને ઘણો જ રસ હતો. તેના નેતૃત્વ નીચે પાંચ પાંચ વર્ષના અંતરે પ્રયાગમાં એક ભવ્ય ધાર્મિક ઉત્સવ ઊજવાતો. તે ઉત્સવ ૭૫ દિવસ સુધી ચાલતો. ને ભારતભરના સંતો, કવિઓ, રાજવીઓ ને લાખ્ખો પ્રજાજનો તે ઉત્સવમાં ભાગ લેતાં. ઉત્સવને છેલ્લે દિવસે હર્ષ રાજતિજોરીની બધી જ બચત ને પોતાનાં વસ્ત્રાલંકાર પણ દાનમાં દઇ દેતો ને રાજ્યશ્રી બહેન પાસેથી એકાદ ફાટચાતૂટચા વસ્ત્રની ભીખ માગી લઈ તે રાજર્ષિ બનતો ને પ્રભુએ બક્ષેલી ફરજ તરીકે ફરીથી તે રાજકાજમાં પરોવાતો.

કનોજમાં પણ તેણે એવો જ એક ભવ્ય ઉત્સવ ઊજવેલો. તે ઉત્સવ પ્રસંગે ત્રણ હજાર બૌદ્ધ ભિક્ષુકો, ત્રણ હજાર જૈન મુનિવરો ને બ્રાહ્મણ સંન્યાસીઓ ને નાલંદા વિદ્યાપીઠના

---

× કહેવાય છે કે, મયૂરની પુત્રી બાણ વેરે પરણાવેલી હતી. એક સમયે રાત્રે પ્રેમકલહમાં તે રીસે ભરાણી અને પરોઢ થવા છતાં રીસ ચાલુ રાખી તે બાણની પ્રાર્થના પ્રત્યે બેદરકાર રહી. બાણ તેને 'સુભ્રૂ' કહીને પગે પડવા જતાં તેણે તેને લાત મારી. નીચેથી પસાર થતા મયૂરે આ કલહ સાંભળ્યો ને તે બોલી ઊઠયો, "તેને સુભ્રૂ નહિ. ચંડી કહેવી જોઈએ." બાણપત્ની સાવધ બની ને પુત્રીની પ્રેમક્રીડા અવલોકનાર પિતા પર કોપે ભરાઈ તેણે તેના પર ઊંચેથી પાનની પિચકારી છાંટી. મયૂરનાં અંગેઅંગ પર કોઢ ફાટી નીકળ્યો.

બીજેજ દિવસે મયૂરે સૂર્યની અદ્‌ભુત પ્રશંસાથી ભરેલું 'સૂર્યશતક' રચી એ કોઢ દૂર કર્યો. તે પ્રસંગે મયૂરની કીર્તિ વધી ગયેલી જોઈ બાણે પોતાના હાથપગ કપાવી નાંખી, ચંડીદેવીની અદ્‌ભુત પ્રશંસાથી ભરેલું 'ચંડીશતક' રચી એ હાથપગ પાછા મેળવ્યા.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

એક હજાર વિદ્વાનોની પરિષદ મળેલી. આ ઉત્સવના વરઘોડામાં અલંકૃત હાથીઓ પર ને મનોહર રથોમાં શોભતી હજારો સુવર્ણની પ્રતિમાઓ, જુદા જુદા રાજાઓના સેંકડો હાથીઓ, મંત્રીઓ ને સેનાપતિઓના ત્રણસો હાથી, હજારો અશ્વો ને લાખ્ખો નરનારીઓ પૃથ્વીના કંઠ સમા કનોજની આસપાસ મુક્તાહાર જેવાં જણાતાં. એ વરઘોડામાં ભવ્ય રાજહસ્તી પર બેઠેલો હર્ષ મોતી અને સોનામહોરો ઉછાળતો.

કલા, સાહિત્ય ને ધર્મની પાછળ આટલો અનુરાગ છતાં લશ્કરી બળને હર્ષે જરા પણ કાચું ન પડવા દીધેલું. શાંતિના સમયે પણ તેના પાસે સાઠ હજાર લગભગનું હસ્તીદળ, એક લાખ ઘોડેસ્વારો ને પાંચ લાખ લગભગનું પાયદળ તૈયાર રહેતું. રાજ્યવ્યવસ્થામાં પણ તે એટલી જ પ્રભુતા દાખવતો. મંત્રીમંડળ ને કર્મચારીઓના તેણે પાડેલા વર્ગ ને તે ધોરણે ચાલતી સુંદર વ્યવસ્થા આજની રાજસત્તાઓને પણ પ્રેરક નીવડે એવી છે.

પરંતુ વૃદ્ધાવસ્થામાં હર્ષ કંઇક વિશેષ શાંતિપ્રિય બનવા લાગ્યો. ને રાજકર્તાની એ શાંતિ કર્મચારીઓને ઉત્તેજક નીવડી. પરિણામે વિ. સં. ૭૦૩માં તે મૃત્યુ પામતાં દેશમાં બળવો ફાટી નીકળ્યો ને અર્જુન નામે એક લશ્કરી મંત્રી સમ્રાટ બની બેઠો.

ચીનના શહેનશાહે હર્ષની સાથે મૈત્રી સાધવાને એક એલચી મોકલેલો. હર્ષના મૃત્યુ પ્રસંગે તે એલચી માર્ગમાં જ હતો. તેના પાસે કેટલુંક સૈન્ય હતું. તે સૈન્ય જો કનોજની હદમાં પ્રવેશે તો બીજા હકદારોની સાથે મળી પોતાને નુકશાન પહોંચાડશે એમ માની અર્જુને માર્ગમાં જ તે સૈન્યની કતલ કરાવી નાંખી. પણ એલચી એ કતલમાંથી બચીને ભાગી છૂટયો, અને એવા સ્વરૂપમાં ચીન પાછા ફરવું શરમજનક માની તે નેપાળ ને તિબેટની મદદ મેળવી કનોજ પર ચડી આવ્યો. અને અર્જુનને હરાવી, તેને કેદ કરી તે તેને ચીનના શહેનશાહની હજૂરમાં લઈ ગયો.

તે પછી હર્ષનું સામ્રાજ્ય પાનાંના મહેલની જેમ તૂટી પડયું. ગૌડના સામંત આદિત્યસેને પોતાને સ્વતંત્ર રાજવી તરીકે જાહેર કર્યો. આસામપતિ ભાસ્કરવર્મને કર્ણસુવર્ણ ને તેની આસપાસનો પ્રદેશ જીતી લીધો. ને બીજા પ્રદેશો પણ તે તે પ્રદેશની સમીપના રાજવીઓએ ઝડપથી જીતી લઇ પોતાના મુલકમાં ભેળવી દીધા. દક્ષિણના ચાલુકયોએ પણ તે લૂંટમાં પોતાનો ભાગ પડાવ્યો.

તે પછી કનોજે ચાલુકયવંશના આશ્રયે પોતાનું મહત્ત્વ વિકસાવ્યું. આઠમી સદીના મધ્યભાગમાં કનોજના સિંહાસને આવેલો ભૂવડ (ભૂદેવ) એક તેજસ્વી રાજવી નીવડયો. તેણે પંચાસર પર વિજય મેળવ્યો; ને ધીમે ધીમે કનોજને મહારાજ્ય તરીકેની કીર્તિ તેણે પાછી અપાવી. તેણે પોતાની પુત્રીને પહેરામણીમાં ગુજરાત આપેલું તે જોતાં તે વિશાળ મહારાજ્યનો સ્વામી હોવા સંભવ છે.

એક સમયે એક સ્વરૂપવતી રમણી સંબંધમાં તેણે કુવિચાર સેવ્યો. પણ રમણીએ તેને યુક્તિથી સન્માર્ગે વાળ્યો. ભૂવડને પશ્ચાતાપ થયો. તેણે રાજગાદી તજી દીધી ને સંન્યાસી બની તે જંગલમાં ચાલ્યો ગયો.

તે પછી મૌર્ય–મૌખરીઓએ કનોજનું સિંહાસન પાછું મેળવ્યું. આઠમી સદીના અંતભાગમાં મૌર્ય યશોવર્માએ પોતાના પૂર્વજોએ ગુમાવેલી કીર્તિ પાછી મેળવી. કનોજના રાજ્યને વ્યવસ્થિત કરી તેણે આસપાસનાં નાનાં નાનાં રાજ્યોને જીતી લીધાં. તે પછી તેણે ગૌડ

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

પર આક્રમણ કર્યું ને તેમાં ગૌડપતિ મરાયો. આ સંગ્રામમાં ગૌડના રાજકવિ વાકપતિરાજને કેદ કરી તે તેને કનોજ લાવ્યો. વાકપતિરાજે યશોવર્માએ કરેલ ગૌડપતિના વધ–પ્રસંગને અનુલક્ષી 'ગૌડવહો' નામે એક રસપૂર્ણ કાવ્ય લખ્યું, ને યશોવર્માએ તેથી ખુશ થઈ તેને મુક્ત કરી કિંમતી ભેટો બક્ષી. 'ઉત્તમરામચરિત્ર' નામે અમર નાટક લખી યશસ્વી બનેલ મહાકવિ ભવભૂતિને પણ યશોવર્માએ સન્માનપૂર્વક પોતાના દરબારમાં રાખેલો. ને આ રીતે યશોવર્માએ કનોજને તેની કીર્તિ, લક્ષ્મી ને સંસ્કારસરિતાઓ પાછી અપાવી.

યશોવર્માને બે મુખ્ય રાણીઓ હતી. તેમાંની સુયશા નામે એક રાણીને ગર્ભ રહેતાં બીજી વાંઝણીએ દ્વેષથી પ્રેરાઈ યશોવર્મા પાસે, કૈકેયીની જેમ પૂર્વના કોઈક વચનની યાદ દેવરાવી, સુયશાને દેશવટે મોકલવાની માગણી મૂકી. યશોવર્માને તે માગણી કબૂલવી પડી. પરિણામે ગર્ભવતી રાજરાણી સુયશા જંગલની ભિખારણ બની. ત્યાં તેણે આમ્રવૃક્ષની છાયામાં આમ નામે એક રાજકુમારને જન્મ આપ્યો. બપ્પભટ્ટસૂરિ નામના એક જૈનાચાર્યે સુયશાને રામસેણમાં ભગિનીભાવે આશ્રય આપતાં તે પુત્રની સાથે સુખથી રહેવા લાગી ને રાજકુમારને પણ નાનપણથી જ અભ્યાસની સગવડતા મળી.

સમય જતાં દ્વેષીલી રાણી મરણ પામી. ને યશોવર્માએ તરતજ સુયશાને તેના કુમાર સાથે કનોજ તેડાવી. પણ તેજસ્વી આમને પોતાની માતા પ્રત્યેનું પિતાનું વર્તન અઘટિત જણાયું. તે અંગે પિતાપુત્ર વચ્ચે સંઘર્ષણ જામતાં આમને દેશવટો મળ્યો. આમ ફરી પોતાના મિત્ર ને ગુરુ બપ્પભટ્ટસૂરિ પાસે ચાલ્યો ગયો. બપ્પભટ્ટસૂરિએ તેને રાજકર્તાને યોગ્ય શિક્ષણ આપ્યું.

આ અરસામાં યશોવર્મા કાશ્મીર સામે યુદ્ધમાં ઉતરતાં તે કાશ્મીરપતિ લલિતાદિત્યને હાથે માર્યો ગયો. મંત્રીઓએ તરતજ આમને કનોજ તેડી તેને રાજતિલક કર્યું.

ગાદીએ બેસતાં જ આમે પિતાનાં અધૂરાં કામોને ઝડપથી પૂરાં કરવાની પ્રવૃત્તિ આદરી. તેણે સૈન્યમાં ત્વરાએ વધારો કર્યો ને પોતાની સૈન્યશક્તિ દશલાખ પાયદળ, બે લાખ અશ્વ દળ, હજારો હાથી ને ચૌદસો રથ જેટલી હદે પહોંચાડી, તેણે શ્રીહર્ષની લશ્કરી શક્તિને પણ ઝાંખી પાડી. તે પછી પિતાએ ઘડેલા મહારાજ્યની હદો વિસ્તારીને તેણે તેને સામ્રાજ્ય બનાવ્યું.

બપ્પભટ્ટસૂરિ પ્રત્યેના ગાઢ સ્નેહભાવના કારણે તેણે તેમને કનોજમાં જ રોકી રાખેલા, પરંતુ એક સમયે આમના સ્નેહમાં ક્ષતિ જણાતાં સૂરિ ત્વરિત વિહાર કરી ગૌડની રાજધાની લક્ષણાવતી તરફ ચાલ્યા ગયા. કવિવર વાકપતિરાજ પણ યશોવર્માએ તેને મુક્ત કર્યા પછી નવા ગૌડપતિ ધર્મપાલની રાજસભામાં પાછો ફરેલો. ને ધર્મપાલે તેને, યશોવર્માને ખુશ કરવાને તેણે 'ગૌડવહો' લખ્યું છે તે જાણવા છતાં વાર્ષિક એક લાખ સુવર્ણમુદ્રાની આવકનો ગ્રાસ બાંધી આપેલો.

કનોજમાં બપ્પભટ્ટસૂરિના વિરહથી આમ બેચેન બન્યો. એક પ્રસંગે તેણે એક મણિધર નાગ જોયો અને તે નાગના મસ્તકેથી તેણે હિંમતપૂર્વક મણિ ઉતારી લીધો. તે પ્રસંગને અનુલક્ષી તેણે અર્ધશ્લોક બનાવ્યો અને બાકીનો અર્ધ બનાવનાર માટે એક લાખ સુવર્ણમુદ્રાનું ઇનામ જાહેર કર્યું. એક ચાલાક જુગારી તે અર્ધશ્લોક સાથે લક્ષણાવતી પહોંચ્યો ને ત્યાં બપ્પભટ્ટસૂરિના પ્રસંગમાં આવતાં તે તે શ્લોકનો ઉત્તરાર્ધ મેળવી શક્યો. તરત જ કનોજ પાછા ફરી તેણે તે અંગે ઇનામ મેળવ્યું, ને આમે તેના પાસેથી બપ્પભટ્ટ-

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

સૂરિની હકીકત જાણી. ઉપરોક્ત પ્રસંગને અનુલક્ષી બપ્પભટ્ટસૂરિએ આમને 'નાગાવલોક'નું બિરુદ આપ્યું. ત્યારથી તેનો વંશ પણ નાગાવલોકના નામે ઓળખાવા લાગ્યો.

આમે બપ્પભટ્ટસૂરિને તેડવાને મંત્રીઓ મોકલ્યા. પરન્તુ બપ્પભટ્ટસૂરિને સત્કારતી વખતે ધર્મપાલે તેમના પાસેથી એક વચન મેળવેલું કે આમ જાતે તેડવા આવે તે સિવાય તેઓ કનોજ પાછા નહિ ફરે. અંતે તે વચન જાળવવાને આમ જાતે જ ગુપ્તવેશે લક્ષણાવતી ગયો, ત્યાંની રાજસભામાં તેણે ગૂઢાર્થમાં પોતાની ઓળખ આપી, બપ્પભટ્ટસૂરિને કનોજ તરફથી આમંત્રણ આપ્યું, ને તે નગરમાં પોતાનું વ્યક્તિત્વ સૂચવતાં કેટલાક સાધનો મૂકી તે ત્વરાએ પાછો ફરી ગયો. બીજે દિવસે બપ્પભટ્ટસૂરિએ વિદાય માગી ને ધર્મપાલને ન છૂટકે તે આપવી પડી.

કનોજમાં આમે બપ્પભટ્ટસૂરિની અનેક વિષયમાં ગુપ્ત રીતે પરીક્ષાઓ કરેલી. તેમના ચારિત્રની આંકણી માટે તેણે તેમના આવાસમાં સ્વરૂપવતી ગણિકાઓ મોકલાવેલી. પણ દરેક પરીક્ષામાં બપ્પભટ્ટસૂરિ સુવર્ણની જેમ નિર્મળ નીવડતાં આમ તેમનો અનન્ય શિષ્ય બની રહ્યો. કેટલેક પ્રસંગે બપ્પભટ્ટસૂરિ આમના ગૂઢ પ્રશ્નોના પણ એટલી ઝડપથી ઉત્તર આપી દેતા કે આમે તેમને 'સિદ્ધસારસ્વત'નું બિરુદ આપ્યું. તેમણે 'તારાગણ' આદિ બાવન પ્રબંધો રચેલા છે.

આમના પિતાએ ગૌડ પર વિજય મેળવેલ હોઈ ગૌડપતિ ધર્મપાલ વેર લેવા તલપી રહ્યો હતો, પણ લશ્કરી બળમાં તો તે આમને પહોંચી શકે એ સંભવિત નહોતું, એટલે તેણે એક યુક્તિ લડાવી. તેની સભામાં સરસ્વતીનું વરદાન પામેલો વર્ધનકુંજર નામે એક વિદ્વાન હતો. તેની મદદથી આમને હરાવવાનો નિશ્ચય કરી તેણે કહાવ્યું કે, 'લશ્કરી યુદ્ધમાં લાખોનો નાશ થવા સંભવ છે. એને અટકાવવાને હું મારા તરફથી એક વિદ્વાન રજૂ કરું છું, તમે તમારા તરફથી એક રજૂ કરો. તે બંને વાદ કરે. તેમાં જે હારે તે પક્ષે હાર કબૂલવી." આમ આ આવ્હાનને અવગણે તો તેની અને તેની સભાની કીર્તિને કલંક લાગે. એટલે તેણે ધર્મપાલનું કહેણ તરતજ સ્વીકારી લીધું, ને પોતાના તરફથી બપ્પભટ્ટસૂરિને રજૂ કર્યા. દિવસો સુધી બંને વિદ્વાનો વચ્ચે વાદ ચાલ્યો અને અંતમાં બપ્પભટ્ટસૂરિએ વર્ધનકુંજરને સખત હાર આપી. ધર્મપાળને એ હાર કબૂલવી પડી.

એક પ્રસંગે આમે એક સ્વરૂપવતી નટી પર મોહાંધ બની તેને રાજમંદિરમાં ન્હોતરી. રાજાને આ કુમાર્ગથી વાળવાને બપ્પભટ્ટસૂરિએ રાજધર્મની પવિત્રતા સૂચવતા કેટલાક અસરકારક શ્લોકો રચી તે રાજમંદિરની ભીંતો પર લખાવ્યા. રાજાની આંખો તરત જ ખૂલી ગઈ. તેણે મનથી પણ ચિંતવેલ પાપના પ્રાયશ્ચિત માટે બળી મરવાનો નિશ્ચય કર્યો. તે પ્રસંગે બપ્પભટ્ટસૂરિએ કહ્યું, "તું જો શરીરથી પાપ કરી ચૂકયો હોત તો તેના પ્રાયશ્ચિત પેટે તારે શરીર હોમવું પડત. પણ તારું પાપ હજુ મનમાં જ મર્યાદિત છે. મનને પવિત્ર બનાવી એ પાપ ધોઈ નાંખ"—ને તે પછી આમ રાજર્ષિ સમાન બની રહ્યો.

એક ચિત્રકારે આમનું એક સુંદર ચિત્ર દોરી તે તેની સમક્ષ રજૂ કર્યું. આમ તેની ખરી કિંમત આંકી ન શકયો; પરંતુ બપ્પભટ્ટસૂરિ કલાકારની પ્રતિભાને તરત પારખી ગયા. તેમણે કલાકારને સુંદર ઈનામ અપાવ્યું. તેજ કલાકારે ભગવાન મહાવીરનાં પણ ચાર અદ્ભુત ચિત્રો દોરેલાં. તેમાંથી એક કનોજમાં, બીજું મથુરામાં, ત્રીજું સત્તારકપુરમાં ને ચોથું પાટણમાં મૂકવામાં આવ્યું.*

* મુસલમાનોએ પાટણનો નાશ કર્યો તે પહેલાં તે ચિત્ર ત્યાંના મોઢચૈત્યમાં હતું.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

એક સમયે સોરઠની યાત્રાએ નીકળતાં આમને ગિરનારમાં કેટલાક રાજાઓ સાથે યુદ્ધના સંયોગોમાં મુકાવું પડેલું. પણ તે પ્રસંગે પણ બપ્પભટ્ટસૂરિએ વિદ્વાનો વચ્ચે વાદ ગોઠવી લશ્કરી યુદ્ધને વાર્યું, અને એ વાદમાં પોતે જીત મેળવી આમને જીત અપાવી. રાજગિરિ દુર્ગ જીતવામાં પણ બપ્પભટ્ટસૂરિએ આમને નૈમિત્તિક સહાય કરેલી.

આમની પછી કનોજના સિંહાસને તેનો પુત્ર દુંદુક આવ્યો. તે કંટી નામે એક વેશ્યાના મોહપાશમાં ફસાઇ ગયો. વેશ્યાએ પોતે જ ભવિષ્યમાં રાજમાતા બનવાની મહેચ્છાથી દુંદુકના કુંવર ભોજના વધની યોજના ઘડી. પણ તે યોજના અમલમાં આવે તે પહેલાં જ બપ્પભટ્ટસૂરિએ ભોજને તેની માતા સાથે તેને મોશાળ–પાટલીપુત્ર મોકલાવી આપ્યો. વેશ્યાની દોરવણીથી દુંદુકે ભોજને કનોજમાં પાછો લાવવા માટે બપ્પભટ્ટસૂરિને આગ્રહ કર્યો. બપ્પભટ્ટસૂરિએ એક બાજુએ પોતાના સમાજ પરત્વે રાજકોપ અને બીજી બાજુએ ભોજને કંટીના પંજામાં ધરવાનું અપકૃત્ય–બંનેમાંથી બચી જવાને પાટલીપુત્રની ભાગોળે જ રહી ઉપવાસપૂર્વક પ્રાણ તજ્યા.

તે પછી કનોજમાં કંટીની સત્તા વિશેષ જામતાં ભોજે મોસાળપક્ષની મદદ સાથે કનોજ પર આક્રમણ કર્યું ને વેશ્યાધીન પિતાનો વધ કરી તે કનોજના સિંહાસને બેઠો. તેણે થોડાંક વર્ષ પણ કીર્તિભર્યું શાસન ચલાવ્યું. તેના મરણ પછી અનુક્રમે વજ્રાયુદ્ધ, ઇન્દ્રાયુદ્ધ ને ચક્રાયુદ્ધે થોડો થોડો સમય કનોજનું રાજ્ય ભોગવ્યું. પણ ઉજ્જૈનપતિ પ્રતિહારવંશી નાગભટ્ટ બીજાએ ચક્રાયુદ્ધના હાથમાંથી કનોજનું સિંહાસન ઝૂંટવી લીધું ને પોતાની રાજગાદી તેણે કનોજમાં ફેરવી. તે પછી ગૌડ, આંધ્ર, સિંધુ, વિદર્ભ, કલીંગ, આનર્ત્ત, માળવા, પૂર્વરજપૂતાના, વત્સ ને નેપાળ જીતી લઈ તે ચક્રવર્તી સમ્રાટની જેમ ભારતવર્ષનું શાસન ચલાવવા લાગ્યો. તેણે તૂર્કોને હરાવી આર્ય એકતા સિદ્ધ કરી. તેના સમયમાં કનોજની જાહોજલાલીમાં પણ સારો ઉમેરો થયો.

નાગભટ્ટની પછી તેનો પુત્ર રામભદ્ર કનોજના સિંહાસને આવ્યો. તે ત્રણ વર્ષ રાજ્ય કરી અવસાન પામ્યો. તેની પછી તેનો પુત્ર પ્રભાશ ગાદીએ આવ્યો. તેને મિહિર, ભોજ કે અધિરાજના નામે પણ ઓળખવામાં આવે છે. તે ગૌડમાં પાલવંશના હાથે હારી ગયો. પણ તેના દક્ષિણના વિજયોએ એ હારને ઢાંકી દીધી. તેણે સૌરાષ્ટ્રમાં પણ પોતાની સત્તા જમાવેલી.

એક સમયે તેને, ગિરનારના ડુંગરોમાં, હરિણીઓના ટોળાની સાથે એક હરિણીમુખી રમણી પણ ભમે છે એવા સમાચાર મળતાં તેણે મોટી સેના મોકલી તે રમણીને કનોજ તેડાવી. તે રમણીએ તેની સમક્ષ પોતાની સ્થિતિ, તેના કારણભૂત પૂર્વજન્મોનાં પોતાનાં કૃત્યો વગેરે વર્ણવી તેને ધર્મપન્થે વાળ્યો. પ્રભાશ પોતાના પુત્ર મહેન્દ્રપાલને ગાદી સોંપી સૌરાષ્ટ્રની જાત્રાએ ચાલ્યો.

મહેન્દ્રપાલ નિર્ભયરાજના નામે પણ ઓળખાતો. તે પિતાસમો જ તેજસ્વી નીવડયો. કર્પૂરમંજરી, બાલરામાયણ, બાલભારત, કાવ્યમિમાંસા, જીવનકોશ, હરવિલાસ વગેરે અમર કૃતિઓનો કર્તા રાજશેખર તેનો રાજકવિ હતો.

મહેન્દ્રપાલ પછી તેનો પુત્ર ભોજ ગાદીએ આવ્યો. પણ થોડા જ સમયમાં તેને ઉઠાડી મૂકી તેના ભાઇ મહીપાલે રાજગાદી કબજે કરી. મહીપાલને ક્ષીતિપાલ, વિનાયકપાલ ને હરંબપાલના નામે પણ ઓળખાવવામાં આવે છે. તેને આંતરવિગ્રહ અને અવ્યવસ્થાના કારણે

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

શરૂઆતમાં કેટલીક હારો ખમવી પડી, પણ પાછળથી તેણે કીર્તિકર વિજયો મેળવ્યા. ગ્વાલિયરમાં તેણે બેસુમાર નાણું ખર્ચીને ભવ્ય જળાશયો બંધાવેલાં.

મહીપાળની પછી અનુક્રમે મહેન્દ્રપાલ બીજો, મહીપાળ બીજો, દેવપાળ, વિજયપાળ ને રાજ્યપાળ કનોજની ગાદીએ આવ્યા. આ સમય દરમિયાન કનોજની જાહોજલાલી ઘટવા માંડી. ઉપરાઉપરી હારોથી સામ્રાજ્ય છિન્નભિન્ન થઇ ગયું. અગ્યારમી સદીની મધ્યમાં મુસ્લીમો સામેના ઉત્તરહિંદના સંયુક્ત હિંદુ સામનામાં હાર મળતાં કનોજને વિશેષ ખમવું પડયું.

સં. ૧૦૭૪માં મહમૂદે કનોજ પર આક્રમણ કર્યું. તે સમયે પણ કનોજ ભારતના એક ભવ્ય નગર તરીકેનું સ્થાન તો ભોગવતું જ હતું. મુસ્લીમ લેખકોએ જણાવ્યા પ્રમાણે મહમૂદની આ સ્વારીના પ્રસંગે કનોજમાં દશહજાર રમણીય મંદિરો હતાં. રાજ્યપાલ એવા ભવ્ય નગરનો દુશ્મનો સામે બચાવ કરવાને બદલે ભયથી નાસી ગયો. મહમૂદે નગર લૂટયું, બાળ્યું, મંદિરો તોડી નાંખ્યાં, નિર્દોષ પ્રજાજનોની કતલ ચલાવી. ને લૂટમાં મળેલી અફાટ સંપત્તિ લઇ તે પોતાના સૈન્ય સાથે પાછો ગીઝની ચાલ્યો ગયો.

રાજ્યપાલે યવન આક્રમણકર્તા સામે બતાવેલી નામર્દાઈથી બીજા હિંદુ રાજાઓ તેના પર ક્રોધે ભરાયા. ને તેમણે રાજ્યપાલનો યુદ્ધમાં વધ કરી તેના પુત્ર ત્રિલોચનપાલને કનોજની ગાદી સોંપી. આ સમાચાર મળતાં મહમૂદ ફરી હિંદ પર ચડી આવ્યો ને ત્રિલોચનપાળ તેમ જ બીજા હિંદુ રાજાઓને પણ તેણે કુટિલતાપૂર્વક હરાવ્યા.

ત્રિલોચનપાળ પછી અનુક્રમે યશપાલ અને ગોપાલ કનોજની ગાદીએ આવ્યા. ગોપાલના હાથમાંથી કાશીપતિ ચન્દ્રદેવ ગઢવાલે કનોજની ગાદી ઝૂંટવી લીધી. ને બંને રાજ્યોને જોડી દઇ તેણે કનોજમાં ફરી પ્રાણ પૂર્યા. તેના પુત્ર મદનપાલે પણ તે વિષયમાં તેનું અનુકરણ કર્યું. મદનપાલના પુત્ર ગોવિન્દચન્દ્રે તૂર્કોને સખત હાર ખવરાવી, ગૌડ અને દશાર્ણ પર વિજય મેળવ્યો ને કનોજની આસપાસનો પ્રદેશ જીતી લઇ કનોજની જાહોજલાલીને તેણે પુનર્જીવન બક્ષ્યું. સારનાથના લેખમાં તેની પત્ની કુમારદેવીએ તેને ઈશ્વરના પ્રતિનિધિ તરીકે ઓળખાવેલ છે.

ગોવિન્દચન્દ્ર પછી તેનો પુત્ર વિજયચન્દ્ર અથવા માલદેવ કનોજના સિંહાસને બેઠો. તેને શાકંભરીપતિ વિગ્રહરાજ ને ગૂર્જરપતિ કુમારપાળના હાથે હાર ખમવી પડેલી, છતાં તે એક વીર હતો. યવનોનો તે કટ્ટર વિરોધી હતો. અમીર ખૂશરૂને તેણે સખત હાર આપેલી.

વિજયચન્દ્રનો પુત્ર જયચન્દ્ર. 'પૃથ્વીરાજ રાસો'ના વાચકો તેને ભારતના કપૂત તરીકે પિછાને છે, પણ તેના જેવા રાજવીઓ જગતમાં ઘણા ઓછા થયા છે.

તે સં. ૧૨૨૬માં કનોજની ગાદીએ આવ્યો. તેણે કનોજની પ્રજાને પ્રબળ જીવન બક્ષ્યું. કનોજની કીર્તિને તેણે ઉન્નત બનાવી. જગવિખ્યાત 'નૈષધ'* મહાકાવ્યના કર્તા કવિવર હર્ષને

* કવિ હર્ષ 'કાવ્યપ્રકાશ'ના જગવિખ્યાત કર્તા મમ્મટનો ભત્રીજો થતો. તેણે જ્યારે પોતે લખેલું 'નૈષધ' મહાકાવ્ય મમ્મટને બતાવ્યું ત્યારે મમ્મટે કહ્યું, "ભાઈ, 'કાવ્યપ્રકાશ' તૈયાર થઇ ગયા પૂર્વે જ મને આ બતાવવું હતું ને. તેના સાતમા સર્ગમાં મેં કાવ્યના દોષોનું દર્શન કરાવ્યું છે. તારૂં કાવ્ય મારા પાસે હોત તો દોષોના દાખલા ટાંકવાને માટે મારે બીજાં કાવ્યો શોધવાં ન પડત."

હર્ષ આ ટીકાથી લજવાઇ ગયો. તેણે પોતાની એ અમર કૃતિને રાત્રે નદીમાં ફેંકી દીધી. તેના કેટલાક શિષ્યોને એની ખબર પડતાં તેમણે નદીમાંથી પણ તે કાવ્યનો ઘણોખરો ભાગ બચાવી લીધો—જે આજે 'નૈષધ મહાકાવ્ય'ના ૨૨ સર્ગ તરીકે મળી આવે છે.



Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

તેણે પોતાના રાજકવિ તરીકે સ્થાપ્યો. કનોજની લડાયકશક્તિને તેણે ૨૦૦૦૦૦ બાણાવળીઓ ને પરશુધારીઓ; ૮૦૦૦૦ બખ્તરધારીઓ; ૩૦૦૦૦ ઉચ્ચકક્ષાનું ઘોડેસ્વાર સૈન્ય; ૩૦૦૦૦૦ પાયદળ ને હજારોના હસ્તીદળની હદે પહોંચાડી. યવનોનો ધાણ કાઢી નાંખી તેણે નિખિલ–યવન–ક્ષયકરનું બિરુદ મેળવ્યું. ચંદેલાઓને તેણે સખત હાર ખવરાવી. કનોજને તેણે મહારાજ્ય બનાવ્યું. ને હર્ષ અને આમની જેમ તે ભારતીય સામ્રાજ્ય જન્માવવાના કોડ સેવવા લાગ્યો.

પણ ભારતના કમભાગ્યે બે સૂર્ય સાથે જન્માવ્યા. જયચંદ્રને કનોજનું સામ્રાજ્ય સિદ્ધ કરવું હતું; પૃથ્વીરાજ દિલ્હીનું સામ્રાજ્ય સર્જવા માગતો હતો. પૃથ્વીરાજ ન હોત તો જયચંદ્ર ભારતનો સમ્રાટ બનત, જયચન્દ્ર ન હોત તો પૃથ્વીરાજનું સ્વપ્ન સિદ્ધ થાત. પણ કમભાગ્યે બંને એકી સમયે અને એકજ દેશમાં જન્મ્યા.

જયચન્દ્રે દેવગિરિના યાદવરાજ પર વિજય મેળવવાને સૈન્ય રવાના કર્યું. પણ પૃથ્વીરાજે યાદવરાજની મદદે પોતાના મહાસામંત ચામુંડરાયને મોકલતાં જયચન્દ્રને પાછું ફરવું પડ્યું. પરિણામે પૃથ્વીરાજ પ્રત્યે તે રોષે ભરાયો. ને એ રોષમાં જ શાહબુદ્દીનના પૃથ્વીરાજ સામેના આક્રમણ પ્રસંગે તે તટસ્થ રહ્યો. પૃથ્વીરાજ અને શાહબુદ્દીન પરસ્પરની શક્તિને હણી નાંખે તે પછી તે બંને પર વિજય મેળવી સમ્રાટ બનવાની તે આશા સેવવા લાગ્યો. પણ શાહબુદ્દીનની કુટીલતાએ તે આશાને નિષ્ફળ બનાવી. ને સં. ૧૨૫૦ માં દશ લાખ માણસો સાથે શાહબુદ્દીન સામે યુદ્ધમાં ઊતરવા છતાં તે હાર્યો અને મરાયો. ને પૃથ્વીરાજ ને તેની સાથે જ હિંદુ સામ્રાજ્યનાં સ્વપ્ન પણ લગભગ ઓલવાઈ ગયાં.

જયચન્દ્રને હરાવ્યા પછી શાહબુદ્દીને અસ્નીના કિલ્લા પર આક્રમણ કર્યું ને ત્યાં સૈકાઓથી સંઘરાયેલી કનોજની અફાટ સંપત્તિ તેણે કબજે કરી. તે પછી બનારસ જીતી તે ગીઝની પાછો ફર્યો. આ પ્રસંગે તે ભારતમાંથી ૧૪૦૦ ઊંટ ભરીને કિંમતી ખજાનો લેતો ગયેલો.

કનોજની ગાદીએ જયચન્દ્ર પછી તેનો બાલપુત્ર હરિશ્ચંદ્ર બેઠો. તે શાહબુદ્દીનના દિલ્હીના સૂબાને આધીન હતો. પોતાનો સૂબો સમ્રાટ ન થઈ બેસે તે માટે શાહબુદ્દીને હિંદુ રાજાઓને નામના ટકાવેલા પણ શાહબુદ્દીનના ખૂન પછી કુતુબદ્દીને હિંદના સમ્રાટનું પદ ધારણ કર્યું ને હિંદુ રાજાઓને ઠેકાણે મુસ્લીમ સૂબાઓ નીમવા માંડયા. તે પ્રસંગે મહારાજ્ય ને સામ્રાજ્ય બનેલા કનોજે રાજ્ય તરીકેનું પણ સ્થાન ગુમાવ્યું. તે મુસ્લીમ સૂબાઓને મહાલવાનું કબ્રસ્તાન બની રહ્યું.

---

# કોકિલ બે ટહુકે

**કાન્તિલાલ હ. પરીખ**

(અંજની)

મનગમતી મમતાની વાડી
મઘમઘતી ફૂલોની ઝાડી
નિર્મ્યું ત્યાં રહેવાનું જાણી
કોકિલ બે ટહુકે !

# સેનેકાનું જીવન અને કવન

ત્રિભુવન વી. હેમાણી

**મહાન પુરુષોનાં** જીવનચરિત્રો અનેકરીતે બોધદાયી હોય છે; તેનાં શ્રવણ અને મનનથી આપણે પણ આપણું જીવન ઉન્નત કરી શકીએ છીએ અને કાળની રેતી પર આપણી પાછળ શુભ પગલીઓ પાડી જઈએ છીએ.'

—લોંગફેલો

લ્યુસિયસ એનિયસ સેનેકા સ્પેઈનમાં આવેલા કોર્ડુબા (હાલના કોર્ડોવા) શહેરમાં, પયગમ્બર ઈસુ ખ્રિસ્તની પહેલાં ત્રણ ચાર વરસે જન્મ્યો હતો. ઘણાખરા મહાપુરુષોની બાબતમાં બનતું આવ્યું છે તે મુજબ તેની પણ ખરેખરી જન્મતિથિ હજુ સુધી અપ્રાપ્ય જ છે. તેના બાપનું નામ માર્કસ એનિયસ સેનેકા હતું અને તે કોર્ડુબાની પાઠશાળામાં અલંકારશાસ્ત્ર ( Rhetorics ) નો અધ્યાપક હતો. તેની માતાનું નામ હેલ્વિયા હતું. તદ્દન નાની વયે એ સેનેકાને તેની માસીની સંભાળ નીચે રોમ મોકલવામાં આવ્યો હતો. ત્યારપછી થોડા વખતમાંજ તેનો બાપ પણ કુટુંબસહિત ત્યાં રહેવા ગયો હતો. રોમમાં તેનું નસીબ એવું તો ઝળકી ઊઠયું હતું કે ઈ. સ. ૩૭ માં તેના અવસાન સમયે, તેના કુટુંબને દરેક પ્રકારનાં પૂરતાં સાધનોનો વારસો તે આપી શકયો હતો.

લ્યુસિયસના શરીરનો બાંધો મૂળથી જ નબળો હતો, છતાં પણ શરૂઆતમાં તેના બાપ પાસેથી અલંકારશાસ્ત્ર શીખી લેવા પાછળ તેણે મન પરોવ્યું; પરન્તુ પાછળથી તત્ત્વજ્ઞાનને તેણે પોતાના અભ્યાસનો વિષય બનાવ્યો અને ઘણા જ ઉત્સાહપૂર્વક એ ફિલસુફીની પાછળ તે મંડયો રહ્યો. વળી એ જ અરસામાં તેણે 'સ્ટોઇસિઝમ'* ની દીક્ષા લીધી અને તેના સિદ્ધાંતોનું પાલન કડક રીતે તે કરવા લાગ્યો. એ નવા સિદ્ધાંતોને અપનાવ્યા પછી તેને પુનર્જીવનના સિદ્ધાંત પર અતૂટ શ્રદ્ધા ઉપજી એટલે તેણે માંસાહારને વર્જ્ય ગણ્યો; પરન્તુ એ જમાનામાં નિર્માંસાહારી થવામાં ઘણીયે મુશ્કેલીઓનો સામનો કરવો પડતો. એ યુગમાં ફક્ત ખ્રિસ્તીઓ જ વનસ્પત્યાહારી હતા, તેથી રોમન લોકો સેનેકાને ખ્રિસ્તી માનવા લાગ્યા. પરિણામે તેના આખા કુટુંબને ધાર્મિક સતામણી થવાની બીકે તેના બાપે તેને તેની આ પ્રણાલિકા ફેરવી નાંખવા માટે વીનવ્યો, અને ત્યારથી ફરીવાર સેનેકાને માંસનો ખોરાક તરીકે ઉપયોગ કરવો પડયો. આ બધું છતાં ખાનપાનમાં સાદાઇને પ્રથમ સ્થાન

---

* 'સ્ટોઈસિઝમ' ( Stoicism ) નો આદ્યપ્રચારક ઝીનો નામનો મહાન ફિલસુફ હતો અને તે સાઈપ્રસનો વતની હતો. 'સ્ટોઈક સ્કૂલ' સ્થાપી તે પહેલાં, જુદા જુદા વક્તાઓનાં ભાષણો સાંભળવામાં તેણે તેના જીવનનાં વીસ વરસો ગાળ્યાં હતાં. અને તે પોતે 'ઝીનો ધી સ્ટોઈક' ( Zeno the Stoic ) એ નામથી ઓળખાતો હતો. તેના અનુયાયીઓ 'સ્ટોઈક્સ' ( Stoics ) કહેવાતા. એ ઝીનોના અવસાન પછી કેટલાંયે વરસો બાદ નવી 'સ્ટોઇક સ્કૂલ' નો સ્થાપનાર એપિકટેટસ થઈ ગયો છે. આ સ્ટોઈસિઝમના ઘણાખરા સિદ્ધાંતો જૈન, બૌદ્ધ તેમજ ખ્રિસ્તી ધર્મને ઘણા જ મળતા આવે છે.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

આપવાનું તે કદી પણ ચૂકયો નહોતો. તેના ખાનપાનના વિચારો સંબંધી તેણે એક પત્રમાં લખ્યું હતું તે સમજવા જેવું છે: 'મારા ગુરુએ મને પાઇથેગોરાસના ઉપદેશ તરફ પ્રેર્યો અને જે કારણોને લઇને માંસને વર્જ્ય ગણ્યું હતું તે સઘળું તેણે મને સમજાવ્યું. એને લગતી તેની બધી દલીલો મારા હૃદયમાં સોંસરી પેસી ગઈ અને પરિણામે મેં માંસાહારનો ત્યાગ કર્યો. એક વરસની આખરે મને નિર્માંસાહારી ભોજન ઘણું જ આનંદદાયક થઇ પડયું હતું. પરન્તુ એ સમયે પ્રત્યેક રોમન તેમજ ખુદ બાદશાહના સંશયનો વિષય આ ખ્રિસ્તી ધર્મ જ થઇ પડયો હતો અને તેવા બીજા કોઇ ધર્મમાં અમુક મનુષ્ય શ્રદ્ધા રાખે છે તેની સાબિતી તો માંસત્યાગરૂપી વહેમમાં જ સમાયલી હતી. તેથી પૂરતો વિચાર કરીને તેમજ મારા પિતાની ઘણી જ આતુર ઇચ્છાને વશ થઇને હું ફરી વાર માંસનો ખોરાક તરીકે ઉપયોગ કરવા પ્રેરાયો હતો.'

એ રીતે તેના બાપની ઇચ્છાને માન આપવા જતાં સેનેકાને તેની આખી જીવન-પ્રણાલિકા બદલાવવી પડી, અને ત્યારથી તેણે કાયદાના અભ્યાસમાં મન પરોવવા પ્રયાસ આદર્યો. એ કાર્યમાં તેણે પોતાની સ્વતંત્ર તેમજ અલૌકિક વકતૃત્વશક્તિના પ્રભાવે એટલી બધી નામના તથા ખ્યાતિ પ્રાપ્ત કરી કે તે વખતના રોમન બાદશાહ કાલીગુલાએ, વક્તા તરીકેની સેનેકાની વધતી જતી કીર્તિની અદેખાઈ આવવાથી તેમજ તેની વકીલાતના કાર્યની સ્વતંત્ર બુદ્ધિથી અંજાઈ જવાથી, તેનું ખૂન કરાવવાની તદબીર યોજી; પરન્તુ તે વખતે લ્યુસિયસના શરીરનો નબળો બાંધો તેની મદદે આવ્યો. કારણ કે બાદશાહને તેની એકાદી માશુકે એવું સમજાવ્યું કે સેનેકા એટલા બધા નબળા બાંધાનો છે કે થોડા વખતમાં જ તે આપોઆપ મરણશરણ થશે. પરિણામે બાદશાહે તેને મારી નંખાવવાની વાત જતી કરી, છતાં પણ સંજોગો એવા ઉપસ્થિત થયા હતા કે સેનેકાને વકીલાત તો સદન્તર બંધ જ કરવી પડી અને ફરી પાછો પેલા તત્ત્વજ્ઞાનનો આશરો તેને લેવો પડયો. આવા વિષમ અનુભવ પછી તો એ ફીલ્સુફીના અભ્યાસ પાછળ ફરીથી તેના તે જ સ્વાભાવિક ઉત્સાહ તેમજ આનંદથી તે મંડયો રહ્યો. એ રીતે જગતને એક ફિલ્સુફની ભેટ થઈ.

ત્યારપછી તો બીજા રોમન બાદશાહના રાજ્યઅમલ દરમ્યાન ફરીવાર એ સેનેકાની જિંદગીના જોખમનો પ્રસંગ આવી લાગ્યો. તે બાદશાહનું નામ કલૉડિયસ હતું. તેની રાણી મેસેલિના બદચાલની હતી અને તેને એ દુર્ગુણનો એવો તો છંદ લાગ્યો હતો કે ઘેરઘેર તેના એ ખરાબ આચરણની વાતો થતી હતી. એ મેસેલિનાને જુલિયા નામની એક ભત્રીજી હતી. એ જુલિયા કહે તેટલું જ બાદશાહ કરતો, તેથી મેસેલિનાને તેની એ ભત્રીજીની હરહંમેશ ઈર્ષ્યા થતી. અગાઉ તેને એક વખત તો દેશનિકાલ કરાવવામાં એ ફાવી હતી, પરન્તુ થોડા વખતમાં જ બાદશાહે તેને ફરીવાર રોમમાં બોલાવી લીધી હતી. બીજી વખત એ જુલિયાને દેશવટે મોકલવા માટે મેસેલિનાએ એવું કાવત્રું રચ્યું હતું કે જુલિયા તથા સેનેકાને આડો વ્યવહાર હતો એવું બાદશાહને સમજાવવામાં તે ફત્તેહમંદ થઈ. એ બાબતમાં એવો સચોટ મેળ મળી જવા પામ્યો કે મેસેલિનાએ જુલિયા તથા સેનેકા એમ બન્ને માટે દેશનિકાલનો હુકમ કઢાવ્યો. તેને પરિણામે કોર્સિકાના ટાપુમાં તેઓને દેશનિકાલ તરીકે આઠ વરસ સુધી રહેવું પડયું. આ વખત દરમ્યાન સેનેકાએ 'આશ્વાસન' (On Consolation) શીર્ષક બે ગ્રંથ લખ્યા હતા: તેમાંનો એક તો તેની મા હેલ્વિયાને સંબોધીને

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

લખાયો હતો. અને બીજો રાજાના પ્રીતિપાત્ર ઠરેલા પોલિનિયસને સંબોધ્યો હતો. તેમાં તેની શિક્ષા માફ થાય એવી આશાથી બાદશાહનાં અયોગ્ય વખાણ પણ તેણે કર્યાં હતાં. એ પુસ્તકો પરથી જ આપણે જાણી શકીએ છીએ કે વર્ષો પહેલાં જ્યારે તેણે 'ક્રોધ' (On Anger) નામનું પુસ્તક લખ્યું હતું ત્યારે સેનેકા પરણ્યો હતો અને 'આશ્વાસન' લખાયું ત્યારે તે વિધુરાવસ્થામાં હતો. એ સમયે સંતાનોમાં તેને એક પુત્ર તથા એક પુત્રી હતાં અને કોર્સિકા જવાને ઊપડયો તે પહેલાં થોડા દિવસે જ તેનો બીજો પુત્ર ગુજરી ગયો હતો.

બીજી બાજુએ, ઈ. સ. ૪૯ માં વિશ્વાસઘાતના ગુન્હા માટે મેસેલિનાને ફાંસીને માંચડે લટકાવવામાં આવી અને બાદશાહ પેલી જુલિયાની બહેન એગ્રેપિનાને પરણ્યો. તેની લાગવગથી સેનેકાને પાછો બોલાવવામાં આવ્યો અને તેને 'કોન્સલ'ની પદવી આપવામાં આવી તથા રાજકુમાર નીરોના અધ્યાપક તરીકે પણ તેને નીમવામાં આવ્યો. ઇ સ. ૫૪ માં બાદશાહ કલૅાડિયસને ઝેર દઇને એગ્રેપિનાએ મારી નંખાવ્યો અને તેથી અઢાર વરસની જુવાન વયનો નાનો નીરો બાદશાહ થયો, અને સેનેકા મુખ્ય પ્રધાન બન્યો. રાજમાતા એગ્રેપિનાને તેના દીકરા પર સત્તા ચલાવવાનો શોખ હતો એટલે શરૂઆતમાં તો તે કહેતી તેટલું જ નીરો કરતો. પરન્તુ નીરો કોઇ એકટે નામની સ્ત્રીના પ્રેમમાં પડયાની વાત બહાર આવી. એગ્રેપિનાને તેની જાણ થતાં તેણે નીરોને પદભ્રષ્ટ કરવાનું અને બ્રિટાનિકસને ગાદીએ બેસાડવાનું કાવતરૂં રચ્યું. પરન્તુ બ્રિટાનિકસનું ખૂન થઈ જવાથી થોડા વખત માટે મા–દીકરા વચ્ચે સમાધાન થયું અને એ મિત્રાચારી ચારેક વર્ષ સુધી ટકી રહી.

આ બધા વખત દરમ્યાન નીરોના સલાહકારોની સ્થિતિ ઘણી જ ગૂંચવણભરેલી થઈ પડી હતી. તેમાં પણ સેનેકા પાસે પુષ્કળ દ્રવ્ય એકઠું થયેલું હોવાથી બધાંની શંકાભરી નજર તેના તરફ વળી હતી; આમ હોવાથી કયા પક્ષને ટેકો આપવો તે વિષે છેવટનો નિર્ણય કરવાનું જ એને માટે બાકી રહ્યું હતું. એ વખતે નીરો કોઈ પોપિયા નામની સ્ત્રીના પાપી પ્રેમમાં પડયો હતો. એ પોપિયાને મહારાણીપદની અત્યંત આકાંક્ષા હતી, પરન્તુ એગ્રેપિના જીવતી હોય ત્યાંસુધી તેમ થવું અશક્ય હોવાથી તેણે નીરોને સમજાવ્યું કે એગ્રેપિના તેમની બન્નેની વિરુદ્ધમાં કાવતરાં કરતી હોઇને તેને દૂર કરવાની જરૂર છે. નીરોએ પોતાના સલાહકારોને બોલાવીને તેમની સલાહ પૂછી, પણ કોઈ કંઈ યુક્તિ સુઝાડી શકયું નહિ. તેથી કોઈ જલ્લાદ મારફત એ કરપીણ કૃત્ય નીરોએ કરાવ્યું અને એમ કરવામાં અયોગ્ય તેમજ પાપ જેવું કંઈ નથી એવી મતલબના સેનેટ પર લખાયલા પત્રને લખવાનું માન (!) ઘણું કરીને સેનેકાને ભાગે જાય છે એવું કહેવાય છે.

હવે સેનેકાના જીવનની દિશા બદલાઇ. તેની સઘળી સત્તા તો પડી ભાગી હતી, પરન્તુ બાદશાહ તેના તરફ પક્ષપાતી હોવાનો ડોળ કરતો હતો અને તેને નિવૃત્તિ લેવાની ના પાડયા કરતો હતો. તે ઉપરાંત વળી ગુન્હાના વિષય રૂપ થઈ પડેલી તેની દોલતનો મોટો ભાગ સેનેકાએ બાદશાહને આપવા માંડયો તે પણ તેણે સ્વીકાર્યો નહિ. એ વખતથી સેનેકા જાહેર કામકાજમાં બહુ જ ઓછું માથું મારતો; આખો દિવસ તેના મકાનમાં જ ભરાઈ રહેતો; ઘણા જ થોડા મિત્રોની મુલાકાત લેતો અને માત્ર તત્ત્વજ્ઞાનની પાછળ જ મંડયો રહેલો માલુમ પડતો. તેને હવે બે જ વાનાં જેવાનાં બાકી રહ્યાં હતાં: એક અપમાનાયેલું

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

ઘડપણ અને બીજું અપકીર્તિભર્યું મૃત્યુ. સેનેકાએ લખેલાં સઘળાં લખાણોમાંનો મોટો ભાગ આ સમય દરમ્યાન લખાયલો હતો એમ સંશોધકોનું માનવું છે.

આ અરસામાં જ નીરોએ રોમને આગથી બાળ્યું અને તેને ફરીવાર સમરાવવા માટે દ્રવ્યની જરૂર પડી એટલે તેણે દેવળો લૂંટયાં. આને કારણ તરીકે આગળ ધરીને સેનેકાએ રાજીનામું આપ્યું, પણ તે સ્વીકારવામાં આવ્યું નહિ. તેથી તે નજીકના ગામડામાં જતો રહ્યો અને એ બધાંના પરિણામ રૂપ ભોગવવાની સજાની રાહ જોવા લાગ્યો. થોડા સમયમાં જ એવી ગપ ઉડાડવામાં આવી કે પિઝોની સરદારી હેઠળ રચાયલાં કાવત્રાંમાં સેનેકાનો પણ હાથ હતો. નીરોને તો એટલું જ જોઇતું હતું. એ બાબતમાં સેનેકાનો ખુલાસો માગવાની વિધિ પૂરી થઈ ન થઈ ત્યાં તો તેને દેહાંતદંડની શિક્ષા ફરમાવવામાં આવી અને તે ખબર તેને પહોંચાડવા માટે દૂતોને પણ રવાના કરવામાં આવ્યા. પોતાને ઘેરથી પાછો ફરતાં સેનેકા, રોમથી થોડેક દૂર આવેલા એક ગામડામાં થોડો વખત રોકાયો હતો. ત્યાં તેને આ દૂત મળ્યા. તેણે એ શિક્ષાની સઘળી વાત શાંતિપૂર્વક સાંભળી લીધી અને એ દૂતોની સાથે જ તે રોમ પાછો ફર્યો તથા પોતાનું સઘળું કામકાજ આટોપી લેવા માટે થોડા વખતની રાહત મળવા માટે માગણી કરી. તે વિનંતિનો પણ અનાદર કરવામાં આવ્યો. બાદશાહે પોતે તેને શિક્ષાનું ફરમાન સંભળાવ્યું અને જે પ્રકારનું મોત જોઇતું હોય તે પસંદ કરવાનું સેનેકા પર રાખવામાં આવ્યું. સેનેકાએ પોતાના હાથે પોતાના શરીરની દરેક નસ પર ચપ્પુ વડે કાપ મૂકી તેમાંથી લોહી વહેવરાવીને મોતનો ભેટો કરવાનું ઇચ્છયું. તેના મિત્રોને તે છેલ્લી મુલાકાત આપી રહ્યો કે તરતજ તેણે ચપ્પુ વડે પોતાના હાથની નસ ખોલી નાંખી. એ જ વખતે તેની સ્ત્રી પોલિનાએ (કોર્સિકાથી પાછા ફર્યા પછી તરતજ સેનેકા ફરી વાર પરણ્યો હતો) પોતાને માટે પણ પતિના જેવા જ મોતની માગણી કરીને પોતાનો શુદ્ધ પ્રેમ પ્રદર્શિત કર્યો. તેથી તેની નસ પણ ખોલવામાં આવી, પરન્તુ બેશુદ્ધ થઈ જવાથી તેની મરજી વિરુદ્ધ તેને બચાવી લેવામાં આવી. બીજી બાજુએ સેનેકાનું શરીર તો અલ્પાહારના કડક પાલનથી તેમજ ઘડપણની અસરથી ઘણું જ નંખાઈ ગયું હતું તેથી લોહી પૂરેપૂરું વહ્યું નહિ આ ઉપરથી મોતનો તુરતજ સામનો કરવા માટે તેના પગની નસો પણ ખોલી નાંખવામાં આવી. એ અંતિમ સ્થિતિના સમયે પણ તેના મિત્રોને અપાયેલો તેનો છેવટનો સંદેશ તે વખતે તો લખી લેવામાં આવ્યો હતો, પરન્તુ અત્યારે તે પ્રાપ્ત થઈ શકતો નથી.

એ રીતે એ મહાન રોમન ઈ. સ. ૬૫માં મૃત્યુ પામ્યો.

* * *

આંહીં સેનેકાનું જીવનવૃત્તાંત પૂરું થાય છે. તેનાં ઉપદેશાત્મક લખાણનો સાર તારવવા જેવો છે. સુખી જીવન ગાળવાને મનુષ્યે કેવું વર્તન ચલાવવું તે તેણે તેમાં સચોટ રીતે દર્શાવી આપ્યું છે. તેણે ઉપદેશેલા તત્ત્વજ્ઞાનમાં અવ્યવહારિક જેવું તો કશુંય નથી. તે કહેતો કે અપાર જ્ઞાનવાળો હોય તે નહિ પણ શુદ્ધ આચરણવાળો મનુષ્ય જ સુખી હોય છે. સદ્ગત મણિલાલ નભુભાઈ દ્વિવેદીએ સેનેકાના ઉપદેશનો સારગર્ભ રજૂ કર્યો છે તે પણ સમજવા જેવો છે: ‘એ (સેનેકા)ના લેખમાં તત્ત્વચર્ચા કે પારમાર્થિક વિષયો સંબંધે વિવાદના બુદ્ધિ-વિલાસો નથી. વ્યાવહારિક જીવન ગાળ્યા છતાં વિશુદ્ધ, સંતુષ્ટ અને સુખીજીવન કેમ ગાળી

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

શકાય તે જ એના લેખનો પ્રધાન આશય છે. જનસ્વભાવમાં દૈવી અને આસુરી પ્રકૃતિનો જે વિગ્રહ સર્વદા વિદ્યમાન છે તેનો વિચાર કરીને દૈવી પ્રકૃતિ આસુરીનો પરાજય શા પ્રકારે સાધી શકે એ સમજાવવાનો સેનેકાનો પ્રયત્ન છે......આ જીવન એક શાળા છે, અનુભવ એ તે શાળાનું શિક્ષણ છે, સમત્વની અપરોક્ષ પ્રાપ્તિ એ તે શાળામાંથી પ્રાપ્ત કરવાનું ફળ છે. એ શાળામાંથી વિરક્ત થઇ નાસી જવામાં, ત્યાગમાં, અનુભવ કે અનુભવનું ફળ સેનેકાએ સ્વીકાર્યું નથી. અનુભવને અર્થે જે દ્વંદ્વની અપેક્ષા છે, દૃષ્ટા અને દૃશ્ય રૂપ દ્વંદ્વ વિના જે અનુભવ અશક્ય છે, દૃશ્યમાં વિરોધી દ્વંદ્વ વિના—શીત-આતપ, પ્રકાશ-તિમિર, સુખ-દુઃખ એ દ્વંદ્વ વિના—જે અનુભવ અશક્ય છે, તે પ્રાપ્ત કરવાને ત્યાગ એ માર્ગ નથી. શ્રીમદ્ભગવદ્ગીતામાં જેને સમત્વને નામે યોગ એમ કહી શ્રીકૃષ્ણ ભગવાને પોતાના પ્રિય શિષ્યને અભિપ્રવૃત્તિપરાયણ કરતાં પણ ઉપદેશ્યું છે તે જ સેનેકાને પણ સુખના સાર રૂપે પ્રિય છે અને એ સમત્વ, દ્વન્દ્વના અનુભવ માત્રમાં ફળાભિસંધિરહિત રહેવાથી સિદ્ધ થાય છે એવું તેનું પણ માનવું છે. આવા તત્ત્વ—નિશ્ચયો સેનેકાએ પ્રત્યક્ષ રીતે પોતાના લેખમાં યદ્યપિ આપ્યા નથી, તથાપિ તેણે જે સિદ્ધવત્ વ્યાવહારિક ઉપદેશ કર્યો છે તે આવા નિશ્ચયોને આધારે કર્યો છે એમ માની શકાય છે.'*

સેનેકાનાં સઘળાં લખાણનો સાર એટલોજ છે કે આત્મા એ તો દિવ્ય ચૈતન્ય એટલે શરીરની અંદર વસતા દેવનો પ્રવાહ છે અને શરીર તો પશુસૃષ્ટિનો માત્ર એક ભાગ છે. તાત્પર્ય એટલુંજ કે શરીરને ચૈતન્યના અંકુશમાં રાખવામાં જ એ મહાન રોમનની સુખ મેળવવાની પદ્ધતિ સમાયલી છે. તે કહેતો કે નૈતિક જીવન એ તો દિવ્ય તેમજ પાર્થિવ એવા બે સિદ્ધાંતોનું દ્વન્દ્વયુદ્ધ માત્ર છે. વળી જિંદગીના ધ્યેય તરીકે સુખને આગળ કરતી વખતે ઉપભોગમાં જ તેને રૂંધી ન રાખવાની ચેતવણી આપવાનું પણ તે ચૂકયો નથી. જીવનને તે લશ્કરના પડાવ જેવું—જીવતા જાગતા સૈનિકોના કામ જેવું ગણતો. બીજી બાજુએ જનસમાજના સુખમાં જ વ્યક્તિઓનું સુખ સમાયેલું છે એવું તેણે સરસ રીતે બતાવી આપ્યું છે અને સઘળા માનુષી સંબંધોમાંથી મનુષ્ય મનુષ્ય વચ્ચેની દોસ્તીની ગાંઠને તેણે જુદી તારવી કાઢી છે. મનુષ્યોએ પોતાના મિત્રો માટે, પોતાનાં માતપિતા માટે અને પોતાના દેશને માટે જીવન નિર્વહવું જોઇએ અને એ બધાંને માટે જીવનના ઉલ્લાસને જતા કરવા જોઈએ એવો આદેશ આપતાં પણ એ સેનેકા અચકાયો નથી. એ બધા ઉપરાંત ગુલામો તરફ તેના શેઠો માયાળુ વર્તન ચલાવવા પ્રેરાય એ દૃષ્ટિબિંદુને ખ્યાલમાં રાખીને તેણે સચોટ દલીલોવાળાં લખાણો લખ્યાં છે. તે કહેતો કે 'ગુલામો પણ મનુષ્યો છે. નમ્ર મિત્રો છે, સહભૃત્યો છે,—રે આ સંસારરૂપી રણમેદાન પર લડનારા સહયોદ્ધા જેવા છે'

સેનેકાએ ઘણું લખ્યું છે. તેનાં પુસ્તકોમાંનાં ઉત્તમોત્તમની યાદી આ રહી: '૧. 'ક્રોધ' (On Anger); ૨. 'આશ્વાસન' (On consolation); ૩. 'ઇશ્વર' (On Provi-

---

* સેનેકા કૃત 'સુખી જીવન' (On a Happy Life)ના રા. ભૂપતરાય દયાળજી બુચે કરેલા ભાષાંતરની પ્રસ્તાવના (સને ૧૮૯૫ની આવૃત્તિ): પૃ. ૪-૫. સદ્‌ગત મ. ન. દ્વિવેદીએ એ પ્રસ્તાવના તા. ૧૬-૩-૧૮૯૫ના રોજ લખી હતી. એ લખાણ 'સુદર્શન ગદ્યાવલિ'માં સંગ્રહાવું રહી જવા પામ્યું છે. તેમાં સેનેકાના કવનનો સારગર્ભ એ સદ્‌ગત સાક્ષરે અચ્છી રીતે રજૂ કર્યો છે.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

dence); ૪ 'ચિત્તશાન્તિ' (On Tranquility of Mind); ૫. 'સાત્ત્વિકભાવ' (On Elemency); ૬. 'જીવનની ક્ષણભંગુરતા' (On the shortness of life); ૭. 'સુખી જીવન' ( On a Happy Life); ૮. 'દયાભાવ' (On kindness); ૯. 'લ્યુસિલિયસને ૧૨૪ પત્રો' (Epistles of Lucilius-124 in number); ૧૦. 'સૃષ્ટિશાસ્ત્રને લગતા પ્રશ્નો' (Questions on Natural History)નાં સાત પુસ્તકો; આ ઉપરાંત કેટલાંક કરુણરસપ્રધાન નાટકો પણ તેણે રચ્યાં હતાં. એના લખાણની શૈલી જ એટલી તો જોશીલી તેમજ સચોટ છે કે ખ્રિસ્તી ધર્મગુરુઓને એ રોમન ફીલસુફનાં લખાણને પ્રમાણ તરીકે રજૂ કરવાની ટેવ પડી ગઈ છે અને સાધુજીવન જીવવાને લગતા નિયમોની તારવણી એ પ્રાચીન ચિંતકનાં લખાણમાંથી હજુ આજે પણ કરવામાં આવે છે. એ રીતે એ લખાણ તરફ જનસમાજનું આકર્ષણ પૂરતું માલમ પડયું છે, પરન્તુ સુપ્રસિદ્ધ આંગ્લ-લેખક મેકોલેને આ રોમન વિચારક માટે ખાસ પ્રકારનો ઊંચો મત નહોતો. 'સેનેકાના જીવન પર એક ઊડતી નોંધ' રૂપે તેણે લખ્યું છે કે, 'The business of a philosopher [Senecca] was to declaim in praise of poverty with two millions sterling out at usury, to maditate epigrammatic conceits about the evils of luxury, in gardens which moved the envy of sovereigns, to rant about liberty, while fawning on the insolent and pampered freedmen of a tyrant, to celebrate the divine beauty of virtue with the same pen which had just before written a defence of the murder of a mother by a son* [વીસ વીસ લાખ પૌંડ ફેરવવા છતાં પણ ગરીબાઇના ગુણ ગાવા નીકળવું, ભલભલા બાદશાહોને પણ ઈર્ષ્યા આવે એવા બગીચાઓમાં બેસીને મોજશોખમાંથી નિપજતાં અનિષ્ટો પર સૂત્રાત્મક ભાવનાઓ વિચારવી, કોઈ જુલ્મગારના ઉદ્ધત તેમજ હૃષ્ટપુષ્ટ બનેલા મુક્તગુલામો ( freedmen ) ને ' જી હજી ' કરતાં કરતાં સાથોસાથ જડબાંતોડ શબ્દો વાપરીને સ્વાતંત્ર્ય પર નિરર્થક બડબડાટ કરવો, એક પુત્રે તેની માતાના કરેલા ખૂનનો બચાવ લખનારી કલમ દ્વારા જ સદ્‌ગુણોમાં રહેલાં દિવ્ય સૌંદર્ય માટે રાચવું—એ બધામાં જ એ (સેનેકા) ફિલસુફનાં કાર્યની સમાપ્તિ થતી ] આમ હોવા છતાં પણ એટલું તો કહેવું જ જોઇએ કે સેનેકાનાં સઘળાં લખાણમાં દર્શાવાયેલા વિચારો પોતે, મનુષ્યના રોજિંદા જીવનનાં કાર્યોમાં યોજી શકાય એવાં દૃષ્ટાંત રૂપે છે. મનુષ્યની સામાજિક તેમજ નૈતિક ફરજનો ભાગ્યે જ કોઈ એવો ભાગ હશે કે જે વિષે તેણે લખ્યું નહિ હોય. બાઈબલના ઉપદેશને તેનું લખાણ મળતું આવતું હોવાથી ઘણાઓ પહેલાં તો એને ખ્રિસ્તી હોવાનું પણ ધારતા હતા.

***

સેનેકાનાં સઘળાં લખાણોમાં દર્શાવાયલું ઉચ્ચ નૈતિક જીવન અને તેના જીવન દરમ્યાન તેણે આચરેલાં કેટલાંક કૃત્યોમાં તરી આવતું તેનું સંદિગ્ધ વર્તન—ટૂંકમાં તેનું જીવન અને કવનઃ આ બંનેએ લૉર્ડ મેકોલેની માફક કેટલાંયે મગજોને તુલનાત્મક સરખામણીમાં ગરકાવ કરી દીધાં છે. એનાં જીવન અને કવનમાં અસંગતિ તો છેજ; પરન્તુ શુદ્ધ નૈતિક

* Maccaulay's Essays : Page 393

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

જીવનની આલોચના કરવાની તથા વ્યાખ્યાઓ આપવાની શક્તિ પ્રાપ્ત કરવાથી કંઈ તે સત્યોને આચરણમાં ઉતારી દેવાનું સામર્થ્ય મળી જતું નથી એ પણ ખરૂં છે. સાચી વાત તો એ છે કે કોઈ પણ મનુષ્યના જીવનની કિંમત તેણે કેટલું સિદ્ધ કર્યું તે ઉપરથી નહિ, પણ તેના મનોરથો તેમજ આશયો કેવા હતા અને પ્રતિકૂળ સંજોગોનો સામનો કરીને પણ તેણે કેટલી હદ સુધીની સાધના સાધી એ ઉપરથી અંકાવી જોઇએ. આ દૃષ્ટિબિંદુને ધ્યાનમાં લઈએ તો સેનેકાએ શું શું કર્યું અને શું શું કરવાની તેની ખ્વાએશ હતી એ બંનેની વધારે સારી તુલના થઇ શકે તેમ છે. પછી ભલે આપણે તેનાં લખાણને તેના પોતીકા જીવનના નિયમોને બદલે તેના સ્વાનુભવરૂપે સ્વીકારીએ કે નહિ એ સવાલને વણચર્ચ્યો જ રહેવા દઇએ. હા, એટલું તો નિઃસંદેહ રીતે સ્પષ્ટ જ છે કે સેનેકા પાસે લખલૂટ દ્રવ્ય હતું અને છતાં પણ તેણે ગરીબાઈની છડેચોક પ્રશંસા જ કરી છે. પરન્તુ બીજી બાજુએ એ પણ ખરૂં છે કે એ દોલત તેણે પ્રામાણિકપણે પ્રાપ્ત કરી હતી તેની પૂરતી સાબિતી એના ઇતિહાસમાંથી જ મળી આવે છે અને બાદશાહ નીરોને એ બધી દોલત વિના સંકોચે સોંપી દેવાની તેની તૈયારી એ જ તેની પ્રામાણિકતાની સાચી નિશાની છે. આ સિવાય, સેનેકાના જીવનનો એક પ્રસંગ અત્યન્ત અટપટો તેમજ કોયડારૂપ છે અને તે જુલિયા સાથેના તેના સંબંધનો છે. પરન્તુ એ બાબતમાં પણ આક્ષેપ તો તેના દુશ્મનનો પાઠ ભજવનારી પેલી મેસેલિના તરફથી આવે છે ત્યારે તેના ગુન્હા જેટલી જ તેની નિર્દોષતા હોવાનો સંભવ રહે છે. અને નીરોએ બ્રિટાનિકસનું ખૂન કરાવ્યું તેથી કંઇ એમ સાબિત થઈ જતું નથી કે તેમ થવા દેવામાં સેનેકાનો કંઈ હાથ હતો.

* * *

હવે તેના ખાનગી જીવન તરફ વળીએ. તેના લખાણ ઉપરથી જણાય છે કે તે સ્વભાવે ઘણો જ નમ્ર હતો અને બીજા પણ કેટલાક સદ્ગુણોનો વાસ તેના અંતઃકરણમાં હતો. મિત્રો તરફનો મુગ્ધ કરી દે તેવો તેનો અનુરાગ, વિવેક અને વિશ્વાસપ્રિયતા તો ખરે જ પ્રશંસાને પાત્ર ઠરે છે. તેનાં લખાણોમાં પોતાના બંધુ માટે કરાયેલો માયાભરેલો ઉલ્લેખ, પુત્ર તરીકે તેની માતાનાં પોતે કરેલાં વખાણ, તેની પ્રેમાળ પત્ની પ્રત્યેનો તેનો અપ્રતીમ મોહ: એ સઘળાં તેના હૃદયમાં રહેલા સદ્ગુણોની સાક્ષી રૂપે છે. એવું કહેવાય છે કે સારીએ દુનિયાની દૃષ્ટિએ વ્યવહારનું રૂપ ધારણ કરી રહેલા કેટલાક વિલાસોનો વિરોધ તેણે જીવનભર કર્યો હતો. વળી જે મરદાઇથી તેમજ હિંમતથી તે મોતને ભેટયો હતો તેની કિંમત તો ભાગ્યેજ કોઇથી ઓછી આંકી શકાશે. કદાચ કેટલાકને મન તે વીરનું મૃત્યુ ન પણ હોય, પરન્તુ મનુષ્યત્વને છાજતું તો તે અવશ્ય હતું જ; કદાચ અતિ ઉત્કૃષ્ટ પ્રકારનું એ ભલે ન હોય, પરંતુ તે પૂરતી રીતે હૃદયદ્રાવક તો હતું જ. આજે સમસ્ત પૃથ્વીના પટ ઉપર, પોતાને જ હાથે શરીરની એકએક નસ પર કાપ મૂકીને તેમાંથી લોહી વહેવરાવતાં વહેવરાવતાં મૃત્યુનો સામનો કરી શકે એવાં કેટલાં મનુષ્યો મળી આવે તેની ગણત્રી તો સૌ કોઇ કરી શકે તેમ છે. એની રહેણી-કરણીમાં રહેલી ખામીઓ તથા અમુક સિદ્ધાંતોના આચરણમાં તેને મળેલી નિષ્ફળતા—એ બન્ને વસ્તુઓ જોવા છતાં પણ તેનો નીતિયુક્ત સદાચાર, દયા અને ક્ષમાની તેણે ચિંતવેલી અનોખી ભાવનાઓ, માનુષી પ્રમાદ તરફ સહાનુભૂતિપૂર્વકનો તેનો વર્તાવ, અપ્રતિરોધના સિદ્ધાંતનું કડક પાલન, તેનું આદર્શ પરીણિત જીવન, ખરી મિત્રતાની તેની ગણના, વિશ્વપ્રેમ રૂપી તેનો જુસ્સો: એ બધાં પર જ્યારે આપણે દૃષ્ટિ ફેંકીએ છીએ ત્યારે જગતભરના ડાહ્યા પુરુષો માંહેના એક તરીકે—રે દુરાચાર માટે પ્રસિદ્ધ થયેલા યુગના નિષ્પાપ સાધુ માંહેના એક તરીકે તેને માનવાનું આપણને મન થઇ જાય છે.

૪

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

# વ્યાજ અને નફો

નર્મદાશંકર હ. વ્યાસ

**વ્યાજ** એટલે પારકાની મૂડીના ઉપયોગ બદલ આપવું પડતું વળતર. વ્યાજને મૂડીની કિંમત પણ કહી શકાય.

પ્રાચીન કાળમાં વ્યાજ પરત્વેનું દષ્ટિબિંદુ આજના કરતાં જુદા પ્રકારનું હતું. વ્યાજને ધર્મ અને નીતિનાં બંધન સેવવાં પડતાં. વ્યાજ અને વ્યાજખોરાઓ પ્રત્યે સમાજ ધૃણાની ભાવના સેવતો. એરીસ્ટોટલ અને પ્લેટો જેવા તત્ત્વજ્ઞો વ્યાજને ધિક્કારતા અને મુસ્લિમ તેમજ ઇસાઈ સંસ્કૃતિઓમાં વ્યાજને ધર્મથી તિરસ્કૃત ગણવામાં આવતું. આજે પણ સિધ્ધાંતની દષ્ટિએ આ ધર્મોમાં વ્યાજને સ્થાન નથી, છતાં અર્થપ્રધાન જગતમાં જીવતા માનવીએ ધર્મ અને વ્યવહારને જીવનનાં બે જુદાં પાસાં ગણી વ્યાજને સ્વીકાર્યું છે. વ્યાજ પરત્વે ધૃણાની જે ભાવના સેવવામાં આવતી તે સહેતુક હતી. તે જમાનામાં મૂડીનો ઉપયોગ મુખ્યત્વે ઉપભોગને માટેજ હતો. અને ઉપભોગાર્થ આપવામાં આવતી એટલે કે ધીરવામાં આવતી મૂડી ઉપર વ્યાજરૂપી વળતર લેવું અનિચ્છનીય ગણાતું. આજે મૂડીની લેણદેણનું સ્વરૂપ તદ્દન બદલાઈ ગયું છે. મૂડીનો ઉપયોગ મુખ્યત્વે કરીને ઉત્પાદક સ્વરૂપમાં જ કરવામાં આવે છે, અને ઉત્પાદક મૂડીના વળતરરૂપે વ્યાજને અર્થશાસ્ત્રમાં સંપૂર્ણ સ્થાન પ્રાપ્ત થયેલ છે. જેવી રીતે જમીનના વળતરરૂપે કિરાયું, મજૂરીના વળતરરૂપે વેતન તેવીજ રીતે મૂડીના વળતરરૂપે વ્યાજ અને વ્યવસ્થાના વળતરરૂપે નફો. એમ ઉત્પાદનનાં ચાર અંગોના વળતરરૂપે કિરાયું, વેતન. વ્યાજ અને નફો અર્થશાસ્ત્રના વ્હેંચણી વિભાગનાં ચાર મુખ્ય અંગો બની રહેલ છે.

વ્યાજની ઘટનાના આવિર્ભાવ અંગે જુદા જુદા મત પ્રચલિત છે. એક મત એવો છે કે વ્યાજ, મૂડીની બચત કરવામાં આપવા પડતા ભોગના બદલારૂપે છે. આ સિદ્ધાંત શાસ્ત્રીય દષ્ટિએ બરાબર નથી કારણ કે તેમાં માત્ર મૂડીની પૂરતીનો જ વિચાર કરવામાં આવ્યો છે, મૂડીની માંગની બાજુનો ઉલ્લેખ તેમાં નથી. ઉપરાંત મૂડીની બચત કરવામાં સાધારણ રીતે ભોગ આપવા જેવું બહુ ઓછું હોય છે. મૂડીની બચત તો મૂડીદારોને ત્યાં જ થાય છે, જેમને ભોગનો ખ્યાલ સરખો પણ નથી હોતો.

મૂડીની ઉત્પાદકતાને પરિણામે વ્યાજ શકય બને છે, અથવા તો મૂડીના ઉપયોગ બદલ કરજ લેનાર ધીરનારને વ્યાજ આપે છે. માત્ર મૂડીની ઉત્પાદકતા વ્યાજનો દર નક્કી નથી કરી શકતી. વ્યાજનો દર મૂડીની માંગ અને પૂરતીના પ્રમાણથી નક્કી થાય છે. પરિણામે વ્યાજને મૂડીની કિંમત તરીકે, જેવી રીતે બજારમાં અન્ય વસ્તુનો ભાવ માંગ અને પૂરતીના પ્રમાણથી નક્કી થાય છે, તેવી રીતે સમજી શકાય. પણ વ્યાજ અન્ય વસ્તુના બજારભાવ અથવા કિંમત કરતાં કંઇક વિશેષ છે. મૂડી માત્ર પદાર્થ નથી પણ જગતના સર્વ પદાર્થો પર કાબૂ મેળવનાર, પ્રભુત્વ પ્રાપ્ત કરનાર જબરજસ્ત શક્તિ છે. એટલે વ્યાજ માત્ર મૂડીની કિંમત કરતાં વધારે વ્યાપક છે.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

ઘણી વખત વ્યાજના દરમાં તફાવત માલુમ પડે છે. અન્ય પદાર્થની કિંમતમાં જે એકધારાપણું બજારમાં જણાય છે તે વ્યાજની બાબતમાં નથી જણાતું કારણ કે વ્યાજનો દર મૂડીના પ્રત્યેક રોકાણના સ્વરૂપથી નક્કી થાય છે. જે રોકાણમાં સંપૂર્ણ સંગીનતા અને સદ્ધરતા, તેવા રોકાણમાં વ્યાજનો દર બરાબર મૂડીની ખરેખરી કિંમત પ્રમાણે હશે. તેનાથી ઊલટું જે રોકાણમાં માત્ર સાહસ અને અનિશ્ચિતતા વિશેષ પ્રમાણમાં હશે, તેવા રોકાણનો વ્યાજનો દર ઘણો ઊંચો રહેશે. એટલે પઠાણોના, શાહુકારોના તથા ધીરધાર કરનાર વ્યાજખોરાઓના વ્યાજના દર હમેશાં ઊંચા જ રહેવાના.

શાખની પદ્ધતિનો જેમ વિકાસ થતો ગયો તેમ વ્યાજ વધારે વ્યાપક અને શાસ્ત્રીય બનતું ગયું. જગતમાં જેટલો આર્થિક વ્યવહાર રોકડ નાણાથી થાય છે, તેના કરતાં અનેક ગણો શાખથી થાય છે અને તે જ પ્રમાણે જેટલું મૂડીની વ્યવસ્થાનું પ્રમાણ છે તેના કરતાં અનેકગણું વ્યાજની વ્યવસ્થાનું પ્રમાણ મોટું છે. વ્યાજ મૂડી કરતાં વધારે મહત્ત્વનું બન્યું છે અને મૂડી કરતાં પણ અગ્રસ્થાન આર્થિક જગતમાં ભોગવતું થયું છે. આપણામાં એક જૂની કહેવત પ્રચલિત છે કે "વ્યાજના ઘોડાને ન પહોંચાય", અને તેથીજ વર્તમાન સરકારો વ્યાજની ઘોડદોડ ઉપર કાબૂ મૂકે છે. વ્યાજના દરને અંગે અને વ્યાજના પ્રમાણને અંગે ઘણાંખરાં રાષ્ટ્રોમાં સરકારથી કાયદાઓ ઘડવામાં આવ્યા છે. જેમ પ્રાચીન કાળમાં વ્યાજને ધર્મ અને નીતિનું બંધન હતું તેમ આજના જમાનામાં વ્યાજ કાયદાનું બંધન સેવતું થવા લાગ્યું છે.


સમાજવાદી વિચારણામાં તો વ્યાજને બિલકુલ સ્થાન નથી. તેમની દૃષ્ટિએ વ્યાજ એ માત્ર મૂડીદારથી થતું મજૂરીનું અને શ્રમજીવીઓનું શોષણ જ છે. વાસ્તવિક રીતે પ્રત્યેક પદાર્થની કિંમત કે ઉપયોગીતા શ્રમને પરિણામે ઉદ્ભવે છે, અને જ્યારે શ્રમને વળતરરૂપે પૂરેપૂરૂં આપવામાં નથી આવતું પણ માત્ર થોડા ટુકડાઓ ફેંકી પતાવી દેવામાં આવે છે ત્યારે મૂડીદારને સારૂં એવું વ્યાજ પ્રાપ્ત થાય છે.

અમુક અંશે વ્યાજના દરની અસર લોકોની બચત કરવાની વૃત્તિ ઉપર થાય છે, પણ બચત માટે વ્યાજનો દર બહુ મહત્ત્વનો નથી. માનવીની સંગ્રહ કરવાની ટેવ પાછળ વ્યાજના દર ઉપરાંત ઘણી મહત્ત્વની બાબતો હોય છે. પ્રથમ તો સંગ્રહ કરવો એ તેનો મૂળભૂત સ્વભાવ છેઃ તે વૃદ્ધાવસ્થાનો વિચાર કરે છે, તે માંદગીને પહોંચી વળવાના ખર્ચનો વિચાર કરે છે, તે પોતાની પાછળ કુટુંબના ભરણપોષણની ચિંતા સેવે છે, તે પોતાનાં સંતાનોની કેળવણી માટે યોજનાઓ ઘડતો હોય છે, આવા બધા જીવનના અનેક આવશ્યક ખર્ચાઓના પ્રસંગોને પહોંચી વળવા તે બચત કરે છે. છતાં માનવીની સંગ્રહવૃત્તિ પાછળ મુખ્ય હેતુ તો અન્ય માનવીઓ ઉપર પોતાની સંપત્તિ અને સમૃદ્ધિથી સરસાઇ ભોગવવાનો જ હોય છે. ગમે તેમ હોય પણ માનવી બચત કરે છે અને એ બચત સહજ રીતે વ્યાજનો સ્વાદ ચખાડે છે. એટલે વ્યાજના દરની બચત ઉપર જેટલી અસર છે, તેના કરતાં બચતની અસર વ્યાજના દર ઉપર વિશેષ છે તેમ કહેવું વધારે યોગ્ય છે.

**નફો**

ઉત્પાદનના ચોથા અંગ વ્યવસ્થાના વળતરરૂપે જે મળે છે તે નફો. ઉત્પાદનનાં ચાર અંગો જમીન, મૂડી, શ્રમ અને વ્યવસ્થા વાસ્તવિક રીતે બે અંગો જ છે. તે નીચે પ્રમાણે બરાબર સમજી શકાશેઃ

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com




જ્યાંસુધી જથ્થાબંધ ઉત્પાદન શરૂ નહિ થયેલ અને ઉત્પાદન અર્થે પારકી મૂડીનો ઉપયોગ ખાસ થતો નહોતો ત્યાંસુધી વ્યાજ અને નફો એ જુદાં અંગો છે તેમ સમજવામાં નહોતું આવતું. વ્યાજ અને નફા વચ્ચે તફાવત માનવામાં ન આવતો અને ઉત્પાદનના પરિણામે જે કંઇ મળતું તે મૂડીના વ્યાજ રૂપેજ ગણી લેવામાં આવતું. પણ અઢારમી સદીના ઉત્તરાર્ધમાં અને ઓગણીસમી સદીમાં ભાગીદારી પદ્ધતિ અને સંયુક્ત મૂડીથી ઉત્પાદનની પ્રથા વિકાસ પામવા લાગી અને જેમ જેમ પારકી મૂડીથી ઉત્પાદન થવા લાગ્યું તેમ તેમ વ્યાજ અને નફો જુદાં થવા લાગ્યાં, અને નફાને અંગે ખાસ વિચારણા થવા લાગી.

નફો એ વ્યવસ્થાશક્તિનું વળતર છે. ઉત્પાદનની યોજના ઘડનાર અને ઉત્પાદનનું સાહસ ખેડનાર વ્યક્તિ પોતાની બુદ્ધિમત્તાથી ઉત્પાદનના અંગોનું જમીન–મૂડી અને મજૂરીનું એવી રીતે સંયોજન કરે છે કે તેને પરિણામે સારામાં સારી રીતે ઉત્પાદન પરિણમે અને જમીન, મૂડી તથા મજૂરીના વળતર રૂપે કિરાયું, વ્યાજ અને વેતન આપતાં તેને માટે નફાના સ્વરૂપમાં સારૂં એવું પ્રમાણ ઉત્પાદનમાંથી પ્રાપ્ત થાય.

નફાને પણ સમાજવાદી વિચારણામાં સ્થાન નથી. ઉત્પાદનનાં અન્ય અંગોને પ્રમાણસર પૂરેપૂરૂં વળતર ન આપવાને પરિણામે જ નફો ઉપસ્થિત થાય છે. ઉત્પાદનનાં અંગોને, ઉત્પાદનનું સાહસ ખેડનાર પોતાનાં શક્તિ અને ચાતુર્યથી ઓછી કિંમતે મેળવી શકે છે અને તેના સફળ સંયોજનથી પોતાને માટે જબરદસ્ત નફો પ્રાપ્ત કરે છે. ન્યાય અને સમાનતાના ધોરણે નફાને સમાજમાં કાયદેસર સ્થાન હોઇ ન શકે, કારણ કે એ માત્ર બુદ્ધિશાળી માનવીથી શ્રમજીવીઓની થતી શોષણલીલા છે છતાં વ્યવહારમાં નફાને કાયદેસર સ્થાન છે, અને જ્યાંસુધી જગત ઉપર સમાજવાદનો સિધ્ધાંત સંપૂર્ણ રીતે સિધ્ધ ન થાય ત્યાંસુધી નફાનું સ્થાન અચળ છે.

કુદરતી રીતે જ અમુક વ્યક્તિઓમાં એવી પ્રતિભા અને શક્તિ વિકસેલાં હોય છે કે તે જે કોઇ વસ્તુને હાથ ઉપર લે છે તેને સફળ અને યશસ્વી બનાવે છે. આધુનિક જગતમાં આવા વિરલ ઉદ્યોગપતિઓ અને ઉત્પાદકો માલુમ પડે છે. જેમ કવિ અને સેનાનાયક ઘડી શકાતા નથી પણ જન્મથી જ હોય છે તેમ ઉત્પાદનનું સાહસ ખેડનાર વ્યક્તિઓ ઘડી શકાતી નથી પણ જન્મથી જ એ શક્તિ તેમને પ્રાપ્ત થયેલી હોય છે. જેવી રીતે કવિત્વશક્તિ કવિની જન્મસિદ્ધ વસ્તુ છે, નેતાગીરી નેતાની જન્મસિદ્ધ વસ્તુ છે તેમ નફો પ્રાપ્ત કરવાની શક્તિ તેમની જન્મસિદ્ધ વસ્તુ છે. જો તે ઉદાર હોય, કોમળ હોય તો

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

જગતમાં રોકફેલર અને કાર્નેગીની માફક દાનવીરનું બિરુદ પ્રાપ્ત કરી શકે છે અને નહિ તો નક્કર મૂડીવાદી તો જરૂર બની જ રહે છે.

નફાનું આવું સ્વરૂપ હોઇને તેને કિરાયા સાથે સરખાવવામાં આવે છે. જેવી રીતે કિરાયું જમીનની મૂળભૂત ફળદ્રુપતાનું પરિણામ છે તેમજ નફો માનવીની અસાધારણ શક્તિનું પરિણામ છે. દરેક જમીનમાંથી કિરાયું પ્રાપ્ત નથી થતું તેમ પ્રત્યેક માનવી–વ્યાપારી કે ઉત્પાદક–નફો પ્રાપ્ત નથી કરી શકતો.

કિરાયું, વ્યાજ, વેતન અને નફાના સંબંધમાં એક વસ્તુ ખાસ સમજવા જેવી અને ધ્યાનમાં રાખવા જેવી છે, અને તે એ છે કે કિરાયું ને નફો ઉત્પાદન ખર્ચનાં અંગો નથી જ્યારે વ્યાજ અને વેતન ઉત્પાદન ખર્ચનાં અંગો છે. પરિણામે વસ્તુની કિંમતના નિર્ણયમાં કિરાયાનું અને નફાનું પ્રમાણ વિચારવામાં આવતું નથી, બલ્કે વિચારી શકાતું નથી, જ્યારે વ્યાજ અને વેતનનું પ્રમાણ કિંમત નક્કી કરવામાં મહત્ત્વનો ભાગ ભજવે છે. વ્યાજ અને વેતનનો દર કિંમત નક્કી કરે છે જ્યારે કિરાયું અને નફો કિંમતને પરિણામે પ્રાપ્ત થાય છે. કિરાયું અને નફો વિશેષ છે માટે કિંમત વિશેષ છે તેમ નહિ, પણ કિંમત વિશેષ છે માટે કિરાયું અને નફો વિશેષ માલુમ પડે છે, તેમ સમજવાનું. કિરાયું અને નફો બંને આકસ્મિક લાભ છે. વ્યાજ અને વેતન જેટલાં નિશ્ચિત અને સ્થિર છે તેટલાં જ કિરાયું અને નફો અનિશ્ચિત અને અસ્થિર છે.

---

# અંધારનો ઉલેચનારો

[ રવિભાણના 'તારા સ્વજન તને જાય છાંડી' એ ભજન પ્રમાણે ]

તારે ના થોભવું છાજે
ઉઠને ભાઈ અંધારાં ઉલેચવા કાજે રે.

પીડિત પારાવારે જાગે
દૈન્ય જો માનવતા માગે
ધરતી એની ખુંદનારા જો
દોડતા આગે આગે
તારે ના થોભવું છાજે
ઉઠને ભાઈ અંધારાં ઉલેચવા કાજે રે.

દીપક એના પ્રાણનો બૂઝે
પગ નીચે ના ભોમકા સૂઝે
ભાંગેલ એના મનોરથો
ભુક્કો થઈને ઉડવા લાગે
તારે ના થોભવું છાજે
ઉઠને ભાઈ અંધારાં ઉલેચવા કાજે રે.
એની કાયાનો થાંભલો થાજે
કોડિયાનું ભાઈ દીવેલ થાજે
તારે ના થોભવું છાજે
ઉઠને ભાઈ અંધારાં ઉલેચવા કાજે રે.

સુરેશ ગાંધી

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

# જીવન ઝરણ

**પ્રભા**

અમદાવાદમાં સોમચંદ શેઠને ત્યાં જાગીરદારો પોતાની વિપુલ સમૃદ્ધિ જમે મૂકી જતા. પરિણામે કેટલાક વેપારીઓ ઈર્ષાથી બળવા લાગ્યા ને તેમણે શેઠને ફસાવવાનો નિર્ણય કર્યો.

એક પ્રસંગે શેઠની અધીજ મૂડી વ્યાપાર અંગે પરદેશ ગયેલાં વહાણોમાં રોકાઈ ગયેલી જોઇ વેપારીઓએ એક જાગીરદારને પાણી ચડાવ્યું. ને શેઠનો વૈભવ ખલાસ થઈ જવાની તૈયારીમાં છે કહી, જાગીરદારના હિતસ્વી તરીકે તેમણે તેને તેના સવા લાખ રૂપિયા તરતજ ઊંચકી લેવાની સલાહ આપી.

જાગીરદારે શેઠ પાસે નાણાં માગ્યાં. શેઠ વસ્તુસ્થિતિ તરતજ પારખી ગયા. તેમણે હિંમત જાળવી રાખી પૂછયું:

"રોકડ નાણાં જોઈએ કે હૂંડી?"

"હૂંડી જ આપોને." જાગીરદારને નાણાં જોઈતાં નહોતાં. તેને તો શેઠની પરીક્ષા જ કરવી હતી.

શેઠે રડતાં રડતાં ધોળકાના નામાંકિત વેપારી સવચંદના નામ પર હૂંડી લખી નાંખી. તેમને આશા હતી કે એકાદ અઠવાડિયામાં વહાણો આવી પહોંચશે અને તે ઝડપથી ધોળકા નાણાં મોકલાવી દઇ શકશે. પણ શેઠનાં વહાણોને ઢીલ થઈ. ને બીજી બાજુ જાગીરદાર હૂંડી લઇને સવચંદની પેઢીએ પહોંચ્યો. શેઠે અજાણ અક્ષરની હૂંડી જોઈ મુનિમો પાસે જૂના ચોપડા તપાસરાવ્યા. પણ સોમચંદ શેઠના નામે એક પાઈ પણ જમે નહોતી.

સવચંદે હૂંડીનું બારીકાઇથી નિરીક્ષણ કર્યું. તેમણે કાગળ પર લખનારનાં આંસુ પારખ્યાં. ને એક દુ:ખમાં ભીડાયલ વેપારીને બચાવી લેવાને તેમણે જમીનદારને તરતજ સવાલાખ રૂપિયા ચૂકવી આપ્યા.

મોડે મોડે પણ સોમચંદનાં વહાણો અખૂટ મૂડી સાથે પરદેશથી આવી પહોંચ્યાં. તે સાથે જ હૂંડી સ્વીકરાઈ ગયાના સમાચાર પણ તેમને જાગીરદાર મારફત મળી ચૂક્યા. સોમચંદ સવચંદની ઉદારતાથી અંજાઇ ગયા. તે નાણાંનાં ગાડાં ભરી ધોળકા પહોંચ્યા. તેમણે સવચંદ શેઠને બમણી મૂડી આપવા માંડી. પણ સવચંદે જે વ્યાપારિક ભાવનાથી પોતે તે નાણાં આપેલાં તેને હવે, તે મૂડી પાછી લઇને ધોઈ નાંખવાની ચોકખી ના કહી.

ને તે મૂડી 'સવા-સોમા' ના નામે શત્રુંજય પર મંદિરો બંધાવવામાં વપરાણી.

× × ×

જગદેવ પરમારની કીર્તિ પર મોહેલા કુંતલપતિ પરમર્દીદેવે તેને પોતાની રાજસભામાં આમંત્ર્યો. જગદેવ તે આમંત્રણનો સ્વીકાર કરી પરમર્દીદેવને મળવાને ગયો. તે પ્રસંગે દ્વારપાળે જ્યારે કુંતલપતિને તેના આવ્યાના સમાચાર આપ્યા ત્યારે રાજસભામાં એક સ્વરૂપવતી બારાંગના નગ્ન-નૃત્ય કરી રહી હતી. જગદેવનું નામ સાંભળતાં જ તે અંગ પર વસ્ત્ર ઓઢી

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

એક ખૂણામાં છુપાઈ ગઈ. જગદેવ સભામાં પ્રવેશ્યો. પરમર્દીદેવે તેનું બાદશાહી સન્માન કર્યું. સન્માનવિધિ પૂરો થતાં તે વારાંગના પ્રતિ જોઈ બોલ્યો, "હવે નૃત્ય શરૂ કરો."

"મહારાજ" વારાંગના હસીને બોલી, "અત્યારસુધી તો હું નગ્નસ્વરૂપે નાચી, કેમકે આ સ્ત્રીઓના ટોળામાં ગમે તેવું વર્તન ચલાવી શકે છે. પણ હવે હું એમ નહિ કરી શકું, કેમકે સભામાં એક પુરુષ આવ્યો છે."

× × ×

પરમર્દીદેવે જગદેવને પોતાનો સેનાપતિ બનાવ્યો. તેની પટરાણીએ તેને પોતાનો ભાઇ લેખ્યો.

કોઈક પ્રસંગે શ્રીમાલ ને કુંતલ વચ્ચે સંગ્રામ ફાટી નીકળ્યો. શ્રીમાલપતિએ જોયું કે જગદેવને સમરક્ષેત્ર પર હરાવવો અસંભવિત છે. ને તેણે એક કપટ રચ્યું જગદેવ પ્રભાતમાં દેવસેવામાં બેસતો. તે પ્રસંગે તે જગતને સાવ વીસરી જતો. તે તક સાધી તેના સૈન્યને સાફ કરી નાંખવાની તેણે યુક્તિ રચી.

બીજી પ્રભાતે તે યોજના પ્રમાણે કુંતલના સૈન્ય પર હુમલો થતાં તે ઘાસની જેમ કપાવા લાગ્યું. સમરભૂમિનો મહત્ત્વનો ભાગ શ્રીમાલપતિના કબજામાં ચાલ્યો ગયો. પરમર્દીદેવને આ સમાચાર મળતાં તે બોલ્યો: "ખલાસ, હવે જગદેવ હારી જશે."

પાસે ઊભેલી તેની પટરાણીએ આ શબ્દો સાંભળતાં જ પોતાનું મુખ પશ્ચિમ બાજુએ ફેરવી દીધું.

"કેમ, ત્યાં શું જુઓ છો?" પરમર્દીદેવે ખેદપૂર્વક પૂછ્યું.

"સૂર્યોદયનાં દર્શન કરૂં છું." રાણી સહેજ સ્મિતપૂર્વક બોલી.

"ગાંડી! ભાઇની હારથી ગભરાઇ ગઈ લાગે છે. પશ્ચિમમાં તે સૂર્ય કદી ઊગતો હશે!"

"મારો ભાઈ હારશે એ દિવસનો સૂર્ય પશ્ચિમમાં જ ઊગશે. તમે કહો છો કે આજે તે હારવાનો છે; એટલે મેં માન્યું કે સૂર્યોદય પણ આજે પશ્ચિમમાં જ હશે."

પરમર્દીદેવ આ વિશ્વાસથી ચકિત બન્યો. ને નમતા પહોરે તેને સમાચાર મળ્યા કે જગદેવે પ્રભાતના સંહારમાંથી બચેલા ૫૦૦ સૈનિકોની મદદથી શ્રીમાલપતિ પર વિજય મેળવ્યોછે.

× × ×

મદિનાનો વૃદ્ધ રાજકવિ એક પ્રભાતે ઉપવનોમાં ફરવાને નીકળ્યો. રસ્તે તેને એક સ્વરૂપવતી યુવતીએ પૂછ્યું:

"મહાશય, સુંદર–ગલી ક્યાં આવી?"

કવિરાજ યુવતીના મુખ પર નજર ઠેરવી બોલ્યા, "દેવી, જ્યાં આપ જાઓ ત્યાં."

× × ×

ડુવલ ચોરોનો સરદાર હતો. એક સમયે તેના કેટલાક સાથીદારોએ રમણીઓથી ભરેલી એક ગાડીને ઘેરી લીધી. તે પ્રસંગે એક રમણી પોતાના સંતાનને ચાંદીની ઝારીથી દૂધ પીવરાવતી હતી. ચોરોએ ગાડીમાંની બીજી મૂલ્યવાન વસ્તુઓની સાથે એ ઝારી પણ ઝૂંટવી લીધી. બાળક રડવા લાગ્યું. તે કોલાહલ સાંભળી દૂર-ઊભેલો ડુવલ ગાડી સમીપ આવી પહોંચ્યો. ને પરિસ્થિતિ તરત જ સમજી જઇ, ઝારી ઝૂંટવી લેનાર સામે બંદૂકની નળી તાકતાં બોલ્યો:

"તારી માએ તને દૂધ પીવરાવ્યું લાગતું નથી. એટલે જ બાળકની ઝારી પર મોહ થઇ આવ્યો હશે. પણ હવે એ તરત પાછી સોંપી દે. આજે તો જવા દઉં છું. બીજી વખત આમ બન્યું તો તારી છાતી વીંધી નાંખીશ."

× × ×

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

ચાર્લ્સ પહેલાને મોતની સજા ફરમાવનાર ન્યાયાધીશોમાં પીટર્સ નામે એક ખ્રિસ્તી ધર્મગુરુ પણ હતો. એક સમયે એ મહાશય જંગલમાંથી પસાર થતા હતા, ત્યારે કેપ્ટન હીંડ નામના લૂટારૂએ તેમની ગાડી સમીપ આવી તેમને કોથળી ધરી દેવાની આજ્ઞા ફરમાવી.

પીટર્સે ચોરી એ કેવું ભયંકર પાપ છે તે અંગે બાઇબલનાં વચનો સંભળાવ્યાં. ઉત્તરમાં હીંડે હસીને કહ્યું, " એ પાપ ગમે તેવું હોય તો પણ રાજાના ખૂન જેવું તો નથી જ એ હું જાણું છું હો. "

અંતે ભયંકર ધમકીથી પીટર્સને કોથળી સોંપી દેવી પડી. તે પછી તે ચાલવા માંડયો ત્યારે હીંડે હસીને કહ્યું, " હવે હું બાઇબલનું એક વાક્ય ટાંકુ છું તે આપ સાંભળતા જાઓ."

" શું ? "

" બાઈબલમાં કહ્યું કે, ' કોઈ તારો ડગલો માગે તો તું તેને તારો કોટ પણ ઉતારી આપજે. '–આપના કિંમતી કોટની મારે ખાસ જરૂર છે. તે મને સોંપી દઈ આપ બાઇબલનું એ વાક્ય સાર્થક બનાવો. "

પીટર્સને ધર્મપ્રેમને ખાતર તો નહિ પણ છાતી સામે ધરાયલી બંદૂકની નળીને ખાતર એ વાકયને સાર્થક બનાવવું પડયું.

× × ×

કેપ્ટન હીંડના ઘર–અલબત્ત થોડાક સમયને માટે ભાડે રાખેલા–પાસેથી એક દાક્તર પસાર થતા હતા. તેમનું ખીશું તર જણાતાં હીંડ તેમની સમીપ પહોંચ્યો ને બોલ્યો, " મહાશય, ઉપરના ખંડમાં મારી પત્ની બિમાર છે. તેને જોતા જાઓ. આપને પૂરતી ફી મળશે. "

દાક્તર દાદર ચડી ખંડમાં પ્રવેશ્યા ને બિમાર સ્ત્રીના ખાટલા માટે આમતેમ ફાંફાં મારવા લાગ્યા. હીંડે તરત જ પાછળથી બારણું બંધ કરી, દાક્તર સમીપ ખાલી કોથળી ધરતાં કહ્યું, " દાક્તર, મારી આ પત્ની હમણાં ખાલી પેટે બિમાર રહે છે. તેની દવા તમારા ખીશામાં છે. ફી તરીકે તમને તમારી જિંદગી જો જોઈતી હોય તો તે દવા આપી મારી પત્નીને તરત સાજી બનાવો."

દાક્તરને આ પ્રકારના દર્દીનો અનુભવ નહોતો. તેમ છતાં દવા તો તેમને આપવી જ પડી.

× × ×

જર્મન વિદ્યાપીઠમાં અભ્યાસ કરતા એક હિંદી વિદ્યાર્થીના ખંડમાં ગીઝ નામે એક નામચોન ઉઠાઉગીરે ધાડ પાડી. પણ સામાનનું પોટકું બાંધી તે જ્યાં બહાર નીકળવા ગયો ત્યાં બારણામાં તેણે તે જ વિદ્યાર્થીને અદબબંધ ઊભેલો જોયો. ચોરે વિદ્યાર્થી સામે પોતાની રીવોલ્વર તાકી પણ વિદ્યાર્થીની આંખમાંથી નીકળતાં તેજ–કિરણોથી અંજાઈ જતાં તેના હાથમાંથી રીવોલ્વર પડી ગઇ. ચોર થરથર ધ્રૂજવા લાગ્યો. વિદ્યાર્થીએ તેને પાસેની ખુરશીમાં બેસવાની સૂચના કરી. ચોર ડઘાઇને ત્યાં બેસી ગયો. વિદ્યાર્થીએ તરત જ પોલીસને બોલાવી ચોરને તેમને હસ્તક કર્યો. ચોરને વિદ્યાર્થીના પ્રભાવ કરતાં પોલીસની જંજીરો ઓછી આકરી લાગી.

× × ×

એક યહૂદીએ નામાંકિત કોટયાધિપતિ રોથ્સ્ચાઇલ્ડને લોટરીની એક ટિકિટ ખરીદવા વિનંતિ કરી. રોથ્સ્ચાઈલ્ડે કહ્યુંઃ

" પણ મને પૈસાની ક્યાં ખોટ છે ? "

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

યહૂદીએ મીઠાશથી કહ્યું, "નામદાર, તો પછી આપને લોટરીની ટિકિટના દશ શિલિંગની પણ શી કિંમત છે?"

રોથ્સ્ચાઈલ્ડે દયાથી પ્રેરાઈને ટિકિટ લીધી ને બીજેજ દિવસે તે ટિકિટ પર ત્રણ લાખ ડોલરનું ઇનામ જાહેર થયું.

ઈનામના સમાચાર સાંભળી રોથ્સ્ચાઈલ્ડે યહૂદીને પૂછ્યું, "તમને શું આપું? દશ હજાર ડોલર રોકડા કે જિંદગી સુધી વાર્ષિક ચાર હજાર ડોલર?"

"રોકડા દશ હજાર જ આપો!" યહૂદીએ કંઇક દિલગીરીપૂર્વક કહ્યું, "વાર્ષિક ચાર હજારનો લોભ તો આકર્ષક છે. પણ તમારા જેવાના નશીબની સાથે તો હું છ મહિના પણ નહિ જીવી શકું."

× × ×

રાજવી જોસેફ કેદખાનાની મુલાકાતે ગયો. ને દરેક કેદીને તેણે તેમની ફરિયાદ ને મુશ્કેલીઓ પૂછી.

કેદીઓએ એકે અવાજે કહ્યું: "અમે નિર્દોષ છીએ."

પણ એક કેદીએ રાજાના પગ પર હાથ મૂકી કહ્યું, "મહારાજ, એક ભૂલ થઈ ગઈ છે. પણ જો માફી મળશે તો જિંદગીમાં ફરી એવી બીજી ભૂલ થવા નહિ પામે."

રાજાએ હસીને જેલરને કહ્યું, "જેલર, આ કેદી દોષિત છે. અહીં રહીને તે બિચારા બધા નિર્દોષોને પણ દોષ શીખવશે. માટે એને એના ઘેર જ મોકલાવી દો."

× × ×

પરાધીન ઈટલીમાંથી દેશપાર થઇને દક્ષિણ અમેરિકામાં વસતા ગેરીબાલ્ડીએ એક પ્રસંગે પોતાના કેટલાક સૈનિકોની મદદથી મોન્ટીવીડિયન સરકારને બચાવી લીધી. મોન્ટીવીડિયન સરકારે બદલામાં જ્યારે ગેરીબાલ્ડીને સરદારપદ ને સૈનિકોને જમીન-જાગીરો ધામવા માંડી ત્યારે પ્રત્યેકે તેવા સન્માનનો સવિનય અસ્વીકાર કરતાં કહ્યું, "અમે અહીં જમીન-જાગીરો કે સુખ-સલામતી શોધવા નથી આવ્યા. અમારા દેશની સ્વતંત્રતાના અમે કેવળ પૂજારી છીએ."

× × ×

સેનાપતિ ગેરીબાલ્ડી ને મહામંત્રી કાવૂરની સહાયથી રાજા વીકટર ઇમેન્યુઅલે ઈટલીને તેના દુશ્મનોના પંજામાંથી સ્વતંત્ર બનાવ્યું. અન્તમાં જ્યારે કાવૂર મોતને બિછાને પડયો ત્યારે તેનો હાથ પોતાના હાથમાં લઇ તે પર ચુંબન કરતાં સજળ નયણે રાજા બોલ્યો: "ઇટલીના હિતને માટે બહેતર છે કે કાવૂરને બદલે હું મરૂં."

× × ×

પંજાબના હત્યાકાંડ પછી કલકત્તામાં મળેલી એક વિરાટ સભામાં ગાંધીજીએ કહ્યું, "હું સ્વરાજ્ય કરતાં રામરાજ્યનો વિશેષ પક્ષપાતી છું. જો પંજાબના હત્યાકાંડ ને ખિલાફતના અન્યાયનું પ્રાયશ્ચિત કરી બ્રિટિશ સરકાર તે બે મુદ્દાઓ પર હિંદી પ્રજાને સંતોષે તો તેના સામે મારે કશું જ કહેવાનું નહિ રહે."

"ના, જી" પ્રમુખસ્થાને વિરાજેલા મહાન હિંદુ નરવીર લાલા લજપતરાય તરતજ વચ્ચે બોલી ઊઠયા, "મારે તો સ્વરાજ્યને ખાતર સ્વરાજ્ય જોઈએ છે. પરદેશીઓ ભલે દેવના દીકરા હોય, ભલેને તેમની સામે કોઈને કશી ફરિયાદ ન હોય પણ મારે તો હિંદમાં હિંદી-રાજ્ય જોઈએ છે. તેના ભોગે રામરાજ્ય નથી જોઈતું."



Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

# નારીજીવનની મહત્ત્વાકાંક્ષા×

'અનિરુદ્ધ'

**પ્રગતિની** સાધનામાં સ્ત્રી અને પુરુષ એકમેકના સહકારદ્વારા અમૂલ્ય ફાળો આપી શકે છે. સમાજની જનસંખ્યામાં લગભગ અર્ધ જેટલા નારીદેહનો સમાવેશ થતો હોઇ સામાજિક પ્રગતિની પરિપૂર્ણતા અર્થે નારીજીવનના વ્યક્તિત્વનો વિકાસ આવશ્યક છે.

ભૂતકાલીન સમાજમાં પુરુષના જેટલા જ હક્ક અને અધિકાર સ્ત્રીઓ ભોગવતી. આથી સ્ત્રી-પુરુષની ભિન્નતા સામાજિક જીવનમાં અગવડના કારણ રૂપ ન બનતી, પણ વખતના વહેણ સાથે પરિસ્થિતિ ફેરવાઇ અને સ્ત્રીનું સ્થાન પુરુષના કરતાં ઊતરતું ગણાવા લાગ્યું.

નારીજીવનની મહત્તાની પડતીનાં કારણો પ્રાણીશાસ્ત્રવિષયક કે અગત્યનાં નહિ પણ ઐતિહાસિક અને આકસ્મિક ગણી શકાય. અસલી જાતિઓની અંદર અંદરની લડાઇઓના પ્રતાપે યોદ્ધાઓની લડાયક શક્તિને સમાજના મુખ્ય સદ્‌ગુણ રૂપે આગળ ધરવામાં આવતી. સ્વાભાવિક માતૃપ્રેમના અમીવર્ષણને યોગ્ય ઘડતર ધરાવનાર સ્ત્રી બાળકની માવજતને મુખ્ય કર્તવ્ય માનતી અને પુરુષની સરખામણીમાં નબળો બાંધો ધરાવતી હોઇ યુદ્ધક્ષેત્રમાં આગળ પડતો ભાગ લઈ શકતી નહિ. પરિણામે, તે સમયમાં સ્ત્રીઓને અગત્યહીન માનવામાં આવતી. વધારામાં સમરવિજયી વર્ગ, વિરૂદ્ધ વર્ગના પુરુષોનો સંહાર કરી તેમની સ્ત્રીઓને ઉપાડી જવામાં ગૌરવ માનતો. જીતના ઈનામ તરીકે ગણાતી એ સ્ત્રીઓનો તેઓ મનફાવતો ઉપયોગ કરતા. કાં તો તેઓને ઉપભોગ અર્થે જનાનામાં ગોંધતા અગર તો ગુલામ તરીકે વેચી દઇ દ્રવ્યોપાર્જન કરતા. આ પરિસ્થિતિએ નારીજીવનને અધઃપતનની પરાકાષ્ઠાએ પહોંચાડયું. યુદ્ધમાં વિજય મેળવી ઉપાડી લવાતી કે ખરીદ કરીને મેળવાતી હોવાને લીધે નારીના દેહની કિંમત પુરુષવર્ગને મન બિલકુલ ન રહી. પરિણામે, પોતાના વર્ગની સ્ત્રીઓ તરફ પણ હલકી નજરે જોવાનું શરૂ થયું. આ ધોરણે જ રચાયેલા કાનૂનો અને રીતરસમોને પ્રતાપે સ્ત્રીઓને ફરજિયાત હલકું જીવન જીવવાની ફરજ પડી.

પુરુષજીવન સ્ત્રીજીવન કરતાં ચડિયાતું છે, એ માન્યતાને દૃઢ બનાવતી સંખ્યાબંધ દલીલો અત્યારે પણ મોજૂદ છે. મુખ્ય દલીલ એ છે, કે વધુ શારીરિક બળ ધરાવતો હોવાના કારણે પુરુષ સામાજિક જીવનમાં નબળા બાંધાના સ્ત્રી-શરીર ઉપર સામ્રાજ્ય ભોગવે છે. ગર્ભધારણ અને સ્તનપાનની જવાબદારી ધરાવતી નારીનું શારીરિક બંધારણ પુરુષના બંધારણથી નિરાળું છે. એટલે સ્ત્રી પુરુષના જેટલી બળવાન ન હોય એ સ્વાભાવિક છે. પણ ગમે તેવા સંકટમય સંજોગોને ધીરજથી સહન કરવામાં અને રોગીની માવજત કરવામાં જે

---

× 'સુવાસ'ના અગાઉના અંકોમાં પ્રગટ થયેલ 'પત્ની અને સંતતિ', 'સ્વર્ગની સફરે', 'ચૂંથાતી માતાઓ', 'હીટલર અને નારી' વગેરે લેખોમાં સ્ત્રીના સનાતન નૈસર્ગિક સ્વરૂપને મહત્ત્વ અપાયલું. આ લેખમાં તે સ્વરૂપને અવગણતી અને પુરુષ-સમોવડી બનવા મથતી નારી રજૂ થાય છે.
તંત્રી

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

અજબ ચૈતન્ય વનિતા ધરાવે છે, એ નારીજીવનની કુદરતી બક્ષીસના પ્રભાવે તે પોતાનું અનોખું ગૌરવ સાચવી શકે છે. વળી નૈતિક અને બૌદ્ધિક સંસ્થા તરીકે સ્થાપિત થયેલ સમાજમાં માત્ર શારીરિક બળના આધારે થયેલી સરખામણી ઉચિત ન જ મનાય એ દેખીતું છે.

બીજી રીતે, આધ્યાત્મિક સિદ્ધાન્તના ધોરણ અનુસાર પુરુષની સરસાઇ સાબિત કરવાના પ્રયત્ન થાય છે. લડાયકવૃત્તિ અને પ્રયત્ન–મક્કમતા જેવા ગુણો સ્ત્રી કરતાં પુરુષમાં વધુ પ્રમાણમાં વિકસિત થતા જણાય છે. જ્યારે માતૃપ્રેમ અને આત્મસંયમ જેવા સદ્‌ગુણો નારીદેહમાં વિકસે છે. આ તફાવત જાતિભેદના કારણે હોઇ પ્રાણીશાસ્ત્રવિષયક વિભાગને અવલંબિત છે એટલે એ તફાવતના પ્રતાપે એક જાતિની બીજી જાતિ ઉપરની સરસાઇ સાબિત કરવા મથન કરવું મુનાસબ નથી. ઉપરાંત, સ્ત્રીઓમાં કાર્યારંભશક્તિ કે શોધખોળ-વિષયક શક્તિનો અભાવ છે એમ કહેવામાં આવે છે. પણ, વનસ્પતિ તેમ પ્રાણીઉછેર, વણવાનું અને કુંભારકામ જેવા કાર્યની શરૂઆત કરનાર સ્ત્રીઓ હતી, એ યાદ કરીએ છીએ ત્યારે નારીજીવનની મહત્તા ગૌરવહીન માનતાં અટકવાની ફરજ પડે છે.

ભૂતકાલીન ઇતિહાસના સિદ્ધાન્તાનુસાર પ્રમદાની કિંમત નજીવી હોઇ તે સદૈવ તાબેદારી ઉઠાવવા સરજાઇ છે, એ માન્યતા પણ ભૂલભરેલી છે. એક વખત એમ મનાતું કે સામાજિક વિવરણ અર્થે સામાન્ય ગુલામો અને ખેતી–ઉપયોગી ગુલામ નોકરોની આવશ્યકતા અનિવાર્ય છે. અત્યારે એ માન્યતા ભ્રમમૂલક ઠરી ચૂકી છે એટલે માત્ર ભૂત-કાલીન માન્યતાને આધારે રચાયેલી ગુલામોની આવશ્યકતા જેમ બંધ થાય છે, તેમ ભૂતકાલીન સંજોગો અદૃશ્ય થતાં વનિતાની વ્યાજબી મહત્તાનાં મૂલ્યાંકન કરવામાં પાછીપાની કરવી એ સામાજિક પ્રગતિ ઉપર પ્રહાર કરવા સમાન છે.

નારીજીવનને બિનકિંમતી ઠરાવતી ભૂતકાલીન રીતરસમો અત્યારે અસ્તિત્વ નથી ધરાવતી. સામાજિક પ્રગતિ માટે માત્ર લડાયકવૃત્તિ જ મહત્ત્વ ધરાવે એ પરિસ્થિતિ નિર્મૂળ થઇ છે. ઉપરાંત વિજ્ઞાન અને વેદાંતની ઝડપી પ્રગતિના આ સમયમાં સામાજિક લક્ષ્યબિંદુ નવીન આદર્શ અને નવનવીન ધ્યેય ધારણ કરી આગેકૂચ કરવામાં ગૌરવ લેખે છે. નવા યુગની નારી આ નવીન આંદોલનોના રંગથી રંગાઇ, પ્રવર્તક બળપ્રભાવે જાગૃત સ્ત્રીશક્તિની જ્વલન્ત પ્રતિભા જગત સમક્ષ રજૂ કરવા કમર કસે છે.

છેલ્લાં હજારેક વર્ષથી નારીજીવનને ગૌરવહીન લેખતાં કાલ્પનિક અને પૌરાણિક કથાનકોના પ્રભાવે, સ્ત્રીજીવનની સાચી મહત્તાનો સામાન્ય જનતાને સહજ પણ ખ્યાલ નથી. આથી પ્રમદાની પ્રબળ શક્તિનાં સત્ય દર્શન જગત સમક્ષ રજૂ કરવાની પ્રથમ નેમથી વર્તમાન સ્ત્રી–શક્તિ પ્રગતિપન્થે કૂચકદમ કરે છે. પ્રાણીશાસ્ત્રવિષયક તફાવતને પ્રતાપે નીપજતા શારીરિક અને આધ્યાત્મિક તફાવતને દૂર કરી શકાય તેમ નથી, એટલે કુદરતી રીતે અર્પાયેલ ગુણોને કેળવી તેનો સારામાં સારો ઉપયોગ કરવા તત્પર રહેવું, એ વર્તમાન નારીનું જીવનધ્યેય બને છે.

વર્ષોજૂના કાનૂનો અને તે અંગેની રીતરસમોના કારણે સ્ત્રીજીવનની સંકુચિતતા ઘડાઈ છે. ઉપરાંત, વર્ષોથી ચાલી આવતી સામાજિક કરડી નજરના પ્રતાપે ઊંડું જડત્વ વનિતાજીવનમાં આરોપાયું છે. એ જડત્વ ને સંકુચિતતાના આવરણને ભેદી, આત્મજાગૃતિ

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

સાધી, નારીજીવનને અનુરૂપ ચપળતાથી ચમકવાની ભાવના સ્ત્રીશક્તિની પ્રવૃત્તિની દ્વિતીય નેમ રૂપ ગણાવી શકાય.

વર્તમાન સ્ત્રીશક્તિની ઝડપી પ્રગતિ તૃતીય ઉદ્દેશ પણ ધરાવે છે. અણુજાણ ધ્યેયપ્રાપ્તિ અર્થે સદાસર્વદા મથન કરવું એ સમાજની ગૌરવપૂર્ણ મહત્તા છે. આ મથનના પ્રતાપે કોઈ પણ વસ્તુ સર્વકાળ એક જ સ્થિતિમાં ટકી રહે, એ સંભવિત નથી. એક સમયે મેળવેલા હક્ક કે અધિકાર ટકાવી રાખવા માટે પૂરતી સાવધાની દાખવવામાં ન આવે તો એ હક્ક તેમ અધિકારને વખતનાં વહેણ દૂર દૂર તાણી જાય છે. અસ્તિત્વ અને હકુમતની રક્ષા અર્થેના મથનમાં જાતિ કે અધિકારભેદની પરવા વિના, એક વર્ગ બીજા વર્ગને મ્હાત કરે, એ પરિસ્થિતિ ઊભી છે. આ સંજોગોમાં માત્ર પોતાના રક્ષણહાર તરીકે પિતા, પુત્ર કે પતિ સ્વરૂપે પુરુષનું અસ્તિત્વ છે, એ એક જ કારણે નારી નિર્ભયતાથી વિચરવાનું પસન્દ કરે તો પ્રગતિના પન્થે આગેકદમ ભરવાનું અશક્ય અને એટલે સમાજમાં પોતાના હક્ક અને અધિકાર કાયમ રાખવા પૂર્ણ તૈયારીથી મથન કરવા જાગૃત સ્ત્રીશક્તિ જોસભેર આગળ ધપે છે.

નારીજીવનની પ્રગતિપ્રેરક હીલચાલ અમુક દેશને કે અમુક પ્રજાને જ અવલંબિત નથી. વિશ્વના પ્રત્યેક સ્થળે આ પ્રવૃત્તિ એક કે બીજા સ્વરૂપે દશ્યમાન થાય છે. જુદા જુદા દેશની પ્રગતિની નિરાળી કક્ષાના ધોરણે એ પ્રવૃતિનું નિરાળું સ્વરૂપ દષ્ટિગોચર થાય છે. સુશિક્ષિત હિન્દુ બાળા પોતાની પસંદગીના પતિને વરમાળા આરોપી સ્નેહલગ્નની હિમાયતી બનવાનું પસન્દ કરે, ફ્રેન્ચ નારી ચૂંટણીમાં મત આપવાનો પોતાનો હક્ક પ્રતિપાદન કરવા મથન કરે કે અમેરિકન પ્રમદા રાજ્યવ્યવસ્થામાં પોતાનો ફાળો આવશ્યક છે એવો દાવો જોરશોરથી રજૂ કરે એટલે એ પ્રગતિકારક પ્રવૃત્તિઓ એકબીજાથી વિભિન્ન છે એમ માનવું મુનાસબ નથી. એ બધી ય પ્રવૃત્તિ એક જ વસ્તુ દર્શાવે છે, કે નારી હવે પોતાના હક્કોના પ્રતિપાદન અર્થે અવિરત પ્રયત્નો કરવા સદા સર્વદા તૈયાર છે. ઉપરાંત, સ્ત્રીઓની પ્રવૃત્તિ સમાજના એકાદ વિભાગને અનુસંગી છે એમ પણ નથી. સામાજિક, રાજકીય અને આર્થિક ક્ષેત્રામાં પ્રવેશ કરી જીવનની પ્રત્યેક જરૂરિયાતો પ્રત્યે લક્ષ્ય દોરવા પ્રમદા પ્રબળ મહત્ત્વાકાંક્ષા ધરાવે છે.

સ્ત્રીઓની હીલચાલની અગત્યની પ્રવૃત્તિ રાજકીય ક્ષેત્રમાં નજરે પડે છે. એ પ્રવૃતિનાં મુખ્ય આધારભૂત તત્ત્વો એ છેઃ પૌરાધિકારીત્વ અને મતાધિકારીત્વ. ગુલામીનાં બંધનમાં જકડાયલી સ્ત્રીનું વ્યક્તિત્વ રાજકીય ક્ષેત્રમાંથી અદશ્ય થયેલું. વ્યક્તિ તરીકેનું કંઈ મહત્ત્વ વનિતાને માટે ન હતું. તેમ કોઈ પણ પ્રકારની મિલકત સમ્પાદન કરવા, કબજે રાખવા કે વ્યવસ્થા કરવા તેને હક્ક ન હતો. પુત્રી તરીકે પિતાને અને પત્ની તરીકે પતિને સ્વાધીન રહી જીવન ગુજારવાની તેને ફરજ પડતી. આજે એ પરિસ્થિતિ નથી. ધીમેધીમે પણ મક્કમ રીતે વર્તમાન નારીપ્રવૃત્તિ સંપૂર્ણ પૌરાધિકારીત્વની પ્રાપ્તિ તરફ વળે છે. સ્ત્રીજીવનની હિલચાલનો મુખ્ય હેતુ સ્ત્રીને પુરુષની સમોવડી બનાવી રાજ્યવ્યવસ્થામાં પુરુષના જેટલા જ હક્ક અને જવાબદારી પ્રાપ્ત કરવાનો છે.

સ્ત્રીઓમાં સમાજવ્યવસ્થાની જવાબદારી ધારણ કરવા જેટલી શક્તિ હજુ નથી આવી, એવી એક માન્યતા છે. કુદરતી રીતે નબળો બાંધો ધરાવતી નારી જવાબદાર વ્યવસ્થાશક્તિ ન ધરાવી શકે એમ માનવામાં આવે છે. પ્રથમના સમયમાં જ્યારે બહારનાં રાજ્યોનો સતત

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

સામનો કરવા અને આંતરિક વ્યવસ્થાના બખેડા દૂર કરવા પ્રબળ શરીરની આવશ્યકતા અનિવાર્ય હતી ત્યારે એ દલીલ આવકારદાયક હતી. અત્યારે આન્તરિક વ્યવસ્થાના બખેડા દૂર થયા છે અને બાહ્ય આક્રમણમાં પણ માત્ર લશ્કરને મોખરે કૂચ કરવાની શક્તિ વિના આગળ પડતો ભાગ લેવાની શક્તિ વર્તમાન વનિતા ધરાવે છે.

સામાન્ય જનતાની પ્રગતિ અને સગવડતાની વૃદ્ધિ તેમ ઉદ્યોગ, કેળવણી અને સુખાકારી જેવી સમસ્ત પ્રજાની અભિવૃદ્ધિ અર્થેની યોજનાઓ વર્તમાન રાજ્યવ્યવસ્થામાં અગત્યનું સ્થાન ધરાવે છે. આ યોજનાના સમર્થન અર્થે પુરુષના જેટલી જ મહત્તા સ્ત્રીની છે એ નિર્વિવાદ છે.

ઔદ્યોગિક ક્ષેત્રમાં દ્રવ્યનું સમ્પાદનકાર્ય, માલિકી, ઉપભોગ અને વ્યવસ્થા માટે પુરુષના જેટલી જ તકો મેળવવાની માગણી સ્ત્રીઓ રજૂ કરે છે. જૂના વખતથી જ સ્ત્રીઓ દ્રવ્યોપાર્જનમાં યથાશક્તિ મદદગાર થતી. હવે ગુલામીમાંથી મુક્તિ મેળવી, શહેરી તરીકેના હક્ક સમ્પાદન કરતી સ્ત્રીઓ માટે ઔદ્યોગિક અડચણો દૂર થઈ છે. છતાં હજી ઔદ્યોગિક ક્ષેત્રમાં સ્ત્રીઓને પ્રવેશ કરવા માટે અનુકૂળ તકો મર્યાદિત છે. સ્ત્રીઓને માટે ખુલ્લા થયેલા ઉદ્યોગો પ્રમાણમાં ઘણા ઓછા છે. અને પુરુષોની સરખામણીમાં તેમને મળતા પગારનું ધોરણ નીચું રાખવામાં આવ્યું છે જ્યાંસુધી સ્ત્રી, આર્થિક રીતે પતિ, પિતા કે પુત્ર ઉપર આધાર રાખી જીવન ગુજારે છે ત્યાંસુધી આ પરિસ્થિતિની તેના સામાજિક જીવન ઉપર થતી અસરની પ્રબળતા તેની ઉન્નતિને બાધક નથી નીવડતી, પણ સામાજિક પ્રગતિની સાધનાની સફળતા સાથે સંપૂર્ણ પૌરાધિકારીત્વની પ્રાપ્તિ અને તે અંગેના હક્કો તેમજ જવાબદારી સંકળાતાં તેને સ્વતન્ત્ર જીવન ગુજારવાની આવશ્યકતા ઊભી થશે. તે વખતે પુરુષના કરતાં વધુ ઉજ્જવળ નહિ, તો પુરુષના જેટલી સરળતાથી જીવનનું ધોરણ નીભાવવાની અચૂક ફરજ પડશે. આ પરિસ્થિતિને પહોંચી વળવા ઔદ્યોગિક ક્ષેત્રમાં ઘૂમવાની પુરુષના જેટલી જ તકો પોતાને મળે તેમ સખ્ત કામ માટે સરખા પગારનું ધોરણ સ્વીકારાય એ સ્ત્રીજીવનની હિલચાલની ખાસ માગણી છે.

ધર્મ, કેળવણી અને ગૃહજીવનના કોયડા ઉકેલવાના પ્રયત્નો સ્ત્રીજીવનવિષયક પ્રવૃત્તિના અંગભૂત બને છે. નબળો બાંધો, કોમળ લાગણીનું પ્રાબલ્ય અને સન્તાનોના હિતની મહામૂલી કાળજીના પ્રતાપે સ્ત્રીઓની ધાર્મિક શ્રદ્ધાનાં મૂળ ઊંડાં ઊતરેલાં છે; ધર્મકાપટ્ય, સામાજિક રીતરસમો અને જાહેર મતના પ્રભાવે ખોટી માન્યતાઓ અને વહેમ સ્ત્રીજીવનમાં ઉમેરાયાં. બુદ્ધિયુગના આગમન સાથે ધાર્મિક માન્યતાઓમાં મહત્ત્વના ફેરફાર થયા છે. એટલે ધાર્મિક બાબતોમાં સ્થાપિત સિદ્ધાન્તો, માન્યતાઓ અને વહેમના પંજામાંથી સ્ત્રીવર્ગ મુક્ત થાય એ ધોરણસર નારીજીવનની પ્રગતિવિષયક પ્રવૃત્તિ કૂચકદમ કરે છે.

વિજ્ઞાન, વેદાન્ત, કળા અને સાહિત્યભરી સંસ્કૃતિ સમાજની ઉજ્જવળતાના પ્રતીકરૂપ છે. માતા, બહેન અને પત્ની તરીકે સમાજમાં વસતા સ્ત્રીસમૂહને સંસ્કૃતિથી અનભિજ્ઞ રાખીને અર્ધા સમાજની માનવતાને અવરોધવાની ભયંકર ભૂલ આદરવામાં આવેલી. અત્યારે એ અવરોધકારી તત્ત્વો દૂર થયાં છે અને સંપૂર્ણ પૌરાધિકારીત્વની જવાબદારી ઉઠાવવા તૈયાર થયેલ સ્ત્રીશક્તિ માટે કેળવણીનાં દ્વાર ખુલ્લાં મુકાયાં છે.

નારીજીવનની એક મહત્ત્વની પ્રવૃત્તિ કૌટુમ્બિક જીવનને લગતી છે. કૌટુમ્બિક યોજના લગ્નનું એક સ્વરૂપ છે. ફક્ત ઇન્દ્રિયજન્ય વાસનાના સંતોષાર્થે નહિ, પણ વિભિન્ન જાતિનાં

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

મેળાપથી ને મધુરતમ અને પ્રૌઢ લાગણીના અભાવે અન્યોન્ય પ્રેમનાં અમીવર્ષણથી સંસ્કૃતિની અનુપૂર્તિ સધાય. એ સાધનાની સફળતા અર્થે લગ્નની આવશ્યકતા આવકારદાયક મનાય છે. લગ્નસંસ્થાનું એ ભૂલાઈ ગયેલું ગૌરવ પુનઃ સ્થાપિત કરી, સ્ત્રી પોતાની સંપૂર્ણ પસંદગી અનુસાર લગ્ન કરી, કૌટુમ્બિક જીવનની ફરજો અને જવાબદારીઓ આપમેળે અનુભવવા સ્વતંત્ર બને એ હેતુ સ્ત્રીજીવનવિષયક હીલચાલમાં પ્રાધાન્ય ભોગવે છે.

નારીની પ્રગતિપ્રેરક હિલચાલનો છેલ્લો છતાં અતિ અગત્યનો ઉદ્દેશ માતૃત્વને લગતો છે. સમાજના ભાવિ નાગરિકો તરીકે નિર્માણ થયેલ સન્તાનો તરફ, કુદરતી રીતે, માતૃપ્રેમ ઢળે છે. એ પ્રેમના અમીવર્ષણના પ્રતાપે માતા પોતાના જીવનને ધન્ય માની ગૌરવવંતી બને છે. જૂના સમયની પરિસ્થિતિને અનુસરી તે સમયે માતૃત્વ ફરજિયાત હતું. એટલુંજ નહિ, માતૃત્વ ધારણ કરવાની આનાકાની કરવાનો સ્ત્રીને બિલકુલ હક્ક ન હતો. સમાજની અત્યારની પ્રગતિ, અવનવીન આદર્શો અને સર્વોત્તમ સંસ્કૃતિના સમયમાં નારીના ઉપર ફરજિયાત માતૃત્વ લાદવામાં આવે એ ઠીક નથી. એટલે વર્તમાન નારી મરજિયાત માતૃત્વની માગણી કરે છે.

આ રીતે, પુરુષ અને સ્ત્રી વચ્ચેનો સામાજિક, આર્થિક અને રાજકીય તફાવત દૂર કરવા ઉપરાંત નારી પોતાના પગ ઉપર ઊભી રહી નવીન તકોને અપનાવવા તૈયાર થાય, એ હેતુથી વર્તમાન સ્ત્રીજીવનની પ્રગતિવિષયક પ્રવૃત્તિ પોતાનું કાર્ય ધપાવે છે. એ જ્વલંત જાગૃતિની અનોખી પ્રગતિનાં આવશ્યક મૂલ્યાંકન આંકવામાં આવે તો નારીજીવનની મહત્ત્વાકાંક્ષાની અભિવૃદ્ધિ નીપજે, આત્મવિશ્વાસ વધે અને સમાજના માનનીય તેમજ જવાબદાર સભાસદ તરીકેનું સ્થાન સ્ત્રીને પ્રાપ્ત થતાં સમસ્ત સમાજની પ્રગતિપ્રેરક પ્રવૃત્તિમાં આવકારદાયક ઉમેરો થાય.

---

# નાવિકને :

**પ્રભુલાલ શુક્લ**

તારા પથના છોને દૂર કિનારા  
પથિક દૂરે જા !

અમિતને હોય ન દેશ–સીમાડા  
દૂર સુદૂરે જા !

દીપક નાવનો જાય જો બૂઝી,  
પ્રાણની તારી જ્યોત સંકોરી;  
અંગે અંગે ચેતના ભરી,  
આશ કિનારે જા !

જાગી જાય દૂરનાં પાણી ઘેરાં,  
ડોલી તારી નાવડી ખાયે ફેરા;  
ધસમસે કદી પૂરનાં પાણી,  
પૌરુષના પથે જા !

પ્રલયના જ્યારે વાયરા ફૂંકે,  
ઓરે ! તારી હોડલીના શઢ ત્રૂટે,  
છેલ્લું હલેસુંયે હાથથી છૂટે,  
હોડી છોડતો ના !

કદી તારી આશા ડૂબી જાયે,  
ઓરે ! તારી સાધના અફળ થાયે,  
રોકતો ના તારી નાવડી નાની,  
શ્રદ્ધા ઘાટે જા !

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

# ડોકટરનું દફતર

કિશોરલાલ ઓલિયા જોશી

ડોકટર સાહેબ દયાશંકરભાઈ દવાખાનામાં બેઠા છે. સવારનો વખત છે. એક પછી એક દર્દીઓ દવા લેવા આવે છે. તેમાં એક અતિ કર્કશા સ્ત્રી ડોકટર પાસે જાય છે ને પોતાની દુખતી જીભ વિષે ફરિયાદ કરે છે.

કર્કશા સ્ત્રી : સાહેબ ! શ્વાસ–દમ–જીભ......

ડોકટર સાહેબ : હા, હા. હવે ફક્ત દમ સિવાય તમને બીજો કશો વાંધો છે જ નહીં; ફક્ત તમારે રસોડાના કામમાંથી પરવારી જીભને ખૂબ તસ્દી ન દેતાં સવાર, બપોર ને સાંજે આરામની ખૂબ જરૂર છે.

કર્કશા સ્ત્રી : પણ દાક્તર સાહેબ ! આ મારી જીભ......

ડૉકટર સાહેબ : હા બાઈ ! તમારી જીભને બોલવાનું બંધ થઇ જાય એવી દવા હમણાં આપું છું, પછી કાંઈ વાંધો છે ?

[ પેલી સ્ત્રી બોલવાનું બંધ થઇ જાય એવી દવા લઇ ગઇ કે તરતજ એક બીજી સ્ત્રી કે જે ઠેઠ ગામડામાંથી પોતાના ધણી માટે દવા લેવા આવી હતી, તે ડૉકટર સાહેબ સમીપ આવી ]

ડૉકટર સાહેબ : કેમ ! તમારે શું છે ?

સ્ત્રી : મારે ઘેર ખાટલામાં બિમાર પડ્યા છે. કાંઇ દવા દો તો સારૂં.

ડૉકટર સાહેબ : [પ્રિસ્ક્રિપ્શન લખી આપ્યા પછી સૂચના આપે છે]—સૂતાં પહેલાં તમારે તમારા ધણીને આ દવાના પાંચ ચમચા ભરીને દર સાંજે આપવા. દવા હલાવીને પાવી.

સ્ત્રી : પણ, સાહેબ......

ડૉકટર સાહેબ : કેમ કાંઈ હરકત છે ? ઘૂમટો ખોલીને જે હોય તે જણાવો.

સ્ત્રી : તમે હમણાં કહ્યું તે મારાથી નહીં બની શકે !

ડૉકટર સાહેબ : એવું તે શું છે ? સાફ શબ્દોમાં જણાવો.

સ્ત્રી : હું જો મારા ધણીને હલાવીને પછી દવા પાઉં તો તેનો સ્વભાવ એવો ક્રોધી છે કે મને ટીપી નાખે. બીજું તમે હમણાં દવાના પાંચ ચમચા ભરીને દવા આપવાનું કહ્યું, પણ અમે એવાં ગરીબ માણસો છીએ કે અમારી પાસે ફક્ત બેજ ચમચા છે, તેનું શું કરવું ?

[ ડૉકટર સાહેબે તે સ્ત્રીને એક ચમચામાં પાંચ વાર દવા લેવાનું તથા ધણીને હલબલાવીને નહીં પણ દવાને હલાવીને દવા દેવાનું સમજાવી વિદાય કરી. ત્યાં દવાખાનાનો કમ્પાઉન્ડર રામપ્રસાદ રિપોર્ટ લઈને ડૉ. સાહેબ સમીપ હાજર થયો. રિપોર્ટ વાંચીને સાહેબને આશ્ચર્ય થયું.]

ડૉકટર સાહેબ : આજે વળી કેટલા દરદી ગુજરી ગયા ? રામપ્રસાદ !

રામપ્રસાદ : સાહેબ ! ત્રણ દરદીઓ ગુજરી ગયાનો રિપોર્ટ આજે આવ્યો છે.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

ડૅાક્ટર સાહેબ : પણ અહીંથી તો મેં ચાર દરદીઓ માટે દવા લખી આપી હતીને!

રામપ્રસાદ : હા, સાહેબ. છેલ્લો એકજ દરદી દવા લેવાની ના પાડતો હતો તેથી તે બચી શકયો, અને બાકીના બીજા બધા દવાખાનાના વોર્ડમાં રામશરણ પામ્યા.

[ડૅા. સાહેબ આ સાંભળીને ચૂપ થઈ ગયા, અને દવાખાનાના વોર્ડમાં વિઝિટ માટે ઊપડી ગયા. એક દરદી કે જે બહુજ ખટપટીઓ હતો તેને ઘેર જવાની છૂટ આપવા ડૅાક્ટર તેના બિછાના આગળ જઇ પહોંચ્યા.]

ડૅાક્ટર સાહેબ : તમને હવે ઘેર જવાની છૂટ છે. હવે તમારે ઘેર સંપૂર્ણ આરામ લ્યો.

દર્દી : પણ દાક્તર સાહેબ! હું તેમ કરી શકું તેવી સ્થિતિમાં નથી.

ડૅાક્ટર સાહેબ : કેમ શા માટે નહિ? શો વાંધો છે? હવે તો તમારી તબિયત બહુ મઝાની છે.

દર્દી : મેં મારા ઘરનું તમામ ફર્નિચર ગઇ કાલેજ મારે ઘેર જવાનું હોવાથી રંગારા પાસે રંગાવી નાખ્યું છે, એટલે ફર્નિચરનો કલર તાજો હોવાથી તાજા રંગેલા ફર્નિચર ઉપર હું સંપૂર્ણ આરામ લઇ શકું નહિ, માટે રંગ સૂકાતાં સુધી તો મને અહીં રહેવાની છૂટ મળવી જોઈએ.

[ડૅા. સાહેબે તે દર્દીને બે દિવસ સુધી વધુ રહેવાની છૂટ આપી, અને ઓપરેશન રૂમ ભણી પગલાં પાડયાં. ગળામાં દર્દ થતું હોવાથી અલારખા નામનો એક કારીગર ત્યાં આવ્યો હતો, તેને ડૅાક્ટર સાહેબે ઓપરેશન રૂમમાં પ્રથમ સવાલ કર્યો.]

ડૅાક્ટર સાહેબ : એલા અલારખા! તું આ ઓપરેશન રૂમમાં પહેલીજવાર આવ્યો છે કે અગાઉ આવી ગયો છે?

અલારખા : નહીં સાહેબ! હું આ હોલમાં નળ-બહારના પાઇપ તથા ઇલેકટ્રીક-ફીટીંગ તથા રિપેરીંગ કરવા માટે તો અવારનવાર આવી ગયો છું, પણ મારા ગળાનું ઓપરેશન કરાવવા તો આજે પહેલીજવાર આવ્યો છું.

[બીજા એક શ્રીમંત ગળાના દર્દીનું ગળું સાફ કર્યા પછી સાહેબ ફી માટે ઉઘરાણી કરવા લાગ્યા.]

ડૅાક્ટર સાહેબ : મહેરબાન સાહેબ! અમારી દશ રૂપિયા ફી ઓફીસમાં ચૂકવી દ્યો!

ગૃહસ્થ : ગળું સાફ કરવાના દશ રૂપિયા! અધધધ! એટલા બધા!!

ડૅાક્ટર સાહેબ : સાહેબ! મારવાડી ન બનો! કેમ કાંઈ વધારે પડતું લાગે છે?

ગૃહસ્થ : ચોક્કસ વળી?

ડૅાક્ટર સાહેબ : કેવી રીતે?

ગૃહસ્થ : હજુ ગઈ દિવાળીના શુભ પ્રસંગે મેં મારૂં આખું કાળું પડી ગયેલું રસોડું ફક્ત એક જ રૂપિયામાં સાફ કરાવ્યું હતું, અને તમે ગળું સાફ કરવાના દશ રૂપિયા કેમ લ્યો છો?

[ગળું અને રસોડું સાફ કરવું એ બંને એક નથી એ સૂત્ર સમજાવી સાહેબ જરા આરામ લેવા ગયા, ત્યાં તેમનો એક જૂનો અમલદાર મિત્ર આવ્યો. મિત્રને આવકાર આપી ડૅા. સાહેબ વાતોએ વળગ્યા.]

ડૅાક્ટરનો મિત્ર : ડૅા. સાહેબ મેં સાંભળ્યું છે કે-'મૃત્યુ સામે કોઈ પણ દવા છે જ નહી.'-તે શું સાચું છે?

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

ડૉકટર સાહેબ : હા, બરાબર છે. એ સૂત્રને આપના મગજમાંથી નાબૂદ કરવા માટે તમારે મારે ત્યાંથી રોજ નિયમિત દવા લેવી પડશે અને મારે તમને દરરોજ દવા દેવી પડશે.

[ પેલા અમલદારને પોતાના દવાખાનાના કાયમના ગ્રાહક બનાવીને પછી ડૉ. સાહેબ જમવા ગયા. નાનો પુત્ર મનુ હાઈસ્કૂલમાંથી જમવા ઘેર આવ્યો. ]

મનુ : પપા ! હમણાં અમારા નવા માસ્તર આવ્યા છે તેણે આજે મને મારા અક્ષર જોયા પછી કહ્યું કે તું બહુજ ખરાબ દસ્કત લખે છે. સુધારવા પ્રયત્ન ન કરે ?

ડૉકટર સાહેબ : આ હિસાબે તારો નવો માસ્તર ઘણો જ ખરાબ નીવડયો ! હાં......પછી તેં શું કહ્યું ?

મનુ : મેં કહ્યું કે દસ્કત સુધારવા કે બગાડવા એ વિષે તો હું જાણતો નથી. તોપણ મારા બાપા મને રોજ એક કલાક ગરબડિયા દસ્કત લખવા આપે છે. ત્યારે માસ્તરે કહ્યું, તારા બાપા શું કરે છે ? શું કોર્ટમાં અરજી લખે છે ? મેં કહ્યું, મારા બાપા સરકારી દવાખાનામાં ચીફ મેડીકલ ઓફીસર છે ને હું તેમના દવાખાનામાં ફુરસદના વખતનો કંપાઉન્ડર છું.

ડૉકટર સાહેબ : શાબાશ ! તેં એ દુત્તાને ઠીક બનાવ્યો !

[ બપોરનાં સાહેબ જરા આડે પડખે થયા, ત્યાં કોઇ માણુસ વિઝીટ માટે બોલાવવા આવતાં સાહેબ દર્દીના આવાસ તરફ મોટર હંકારી ગયા. ]

ડૉકટર સાહેબ : મૂર્છામાં પડેલા તમારા પતિને પ્રથમ તાવ કયારે આવ્યો ?

દર્દીની સ્ત્રી : જયારે તેમણે તેમનું પૂરેપૂરૂં બિલ ચૂકવી આપ્યું ત્યાર પછી.

ડૉકટર સાહેબ : અરે ! એવડું કેવડું મોટું બિલ હતું કે ભાઈ સાહેબને આવો ૧૦૫ ડીગ્રી સખ્ત તાવ ચડયો ?

દર્દીની સ્ત્રી : સાહેબ ! લગભગ ૫૦૦ રૂપિયા તેમણે એક બીજા ડૉકટરને બિલ પેટે ચૂકવ્યા, ત્યાર પછી.

ડૉકટર સાહેબ : ઓહ ! ત્યારે આંહી મારૂં કામ નથી.

[ વિઝીટ અધૂરી મૂકીને સાહેબ દવાખાને આવ્યા. વેપારી માનસ ધરાવતો એક માણુસ સાહેબ સાથે વાત કરવા લાગ્યો. ]

માણુસ : સાહેબ ! મેં સાંભળ્યું છે કે તમે તમારી ખાનગી પ્રેકટીસમાં તમારી પાસે ખૂબ દર્દી લાવનારને સેંકડે ત્રીસ ટકા કમીશન આપો છો, તો તે વાત શું સાચી છે ?

ડૉકટર સાહેબ : હા, વાત ઠીક છે, પણ દર્દી કયાં છે ?

માણુસ : સાહેબ ! હું સખ્ત કબજિયાતનો દર્દી છું. હું મારી મેળે જ દર્દી અને એજન્ટ છું. મને રેચની દવા આપો, તથા તમારી શરત મુજબ કમીશન પણ આપો.

[ સાહેબ આથી જરા ઝંખવાણા પડી ગયા, ત્યાં વળી એક આરામ પામેલો દર્દી આવ્યો. તેને જોઇને— ]

ડૉકટર સાહેબ : હવે તમને આરામ છે. તમારે દવા લેવાની જરૂર નથી. મારૂં બિલ ચૂકતે કરી આપો તો સારૂં.

દર્દી : વાહ ! સાહેબ ! તમે કોઈ જબરા માણુસ લાગો છો ! આરામ ઇશ્વર કરે છે અને તેની ભારે ફી તમારે લેવી છે ? હું તો આરામ કર્યા બદલ ઈશ્વરને જ પૈસા આપીશ.

ડૉકટર સાહેબ : સારૂં. આરામના પૈસા ઇશ્વરને આપજો, પણ મેં લખેલા પ્રિસ્ક્રીપશનના અને દવાના પૈસા તો મને જ આપજો.

૬

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

[ સાંજે ડૉ. સાહેબ કૉલેજની હોસ્ટેલ તરફ ફરવા નીકળ્યા. તેમના એક મિત્રનો પુત્ર હોસ્ટેલમાં રહેતો હતો તેની ખબર અંતર ઘણા વખત થયાં લીધી ન હોવાથી હોસ્ટેલ ભણી આવ્યા. ]

ડૉકટર સાહેબ : કાં ! કેમ છો મુકુલ ? હમણાં તો તમે દેખાતા જ નથી !

મુકુલ : હમણાં હમણાં મને જરા ગમગીન જેવું લાગે છે. પેટ તડતીમ છે. કહો કે મેલેરિયા ફીવર છે.

ડૉકટર સાહેબ : અરરર ! ત્યારે તો તમારે રોજ સવારના પહોરમાં ગરમ પાણીનો પ્યાલો પીવો જોઇએ કે જેથી ટાઈફોડ આદિ તાવ તમારા બલવાન શરીરમાં પ્રવેશી શકે નહીં.

મુકુલ : જો કે એ બાબત વિષે તો હું સારી રીતે જાણું છું. પણ લાચારી સાથે કહેવું પડે છે કે અમારી હોસ્ટેલમાં 'ગરમ પાણીના પ્યાલા'ને 'કોફી' અગર 'ચ્હા' કહે છે. રોજ રોજ અમે તો એ જ લઈએ છીએ.

[ ચ્હા લીધા પછી ડા. સાહેબ ઘર તરફ વળતાં રસ્તામાં નવા મિત્ર કરુણાશંકરભાઇનો અચાનક ભેટો થયો. ]

કરુણાશંકર : કાં સાહેબ કેમ છો ? કાંઈ ઘણે દહાડે દર્શન થયાં ! તમારા પેલા દર્દી સાથે તમે પછી ફતેહમંદ નીવડયા કે નિષ્ફળ ?

ડૉકટર સાહેબ : તેના સંબંધમાં તો હું ઘણો જ નશીબદાર નીવડયો છું.

કરુણાશંકર : અરે ! એવું તે શું છે ? સાહેબ ! વાત તો કરો !

ડૉકટર સાહેબ: તેણે તેનું બિલ પોતાના મૃત્યુ પહેલાં જ મને ચેક દ્વારા ચૂકવી આપ્યું હતું.

[ મુંબઈમાં ડૉ. થયેલા પોતાના પુત્રને મળવા ડૉ. દયાશંકરભાઈ મુંબઈ ભણી રેલગાડીમાં ઊપડયા. ટ્રેનમાં તેમને તેમના એક જૂના દર્દી ટ્રાવેલીંગ એજન્ટનો ભેટો થયો. તેને સીગારેટ ફૂંકતો જોઇને— ]

ડૉકટર સાહેબ : મેં તમને એક માસ અગાઉ કહ્યું હતું કે જો પંદર દિવસની અંદર તમે સીગારેટ ફૂંકવી બંધ નહિ કરો તો પછી તમારૂં મૃત્યુ ટી. બી. દ્વારા નીપજશે. પણ હું જોઉં છું કે તમારા મોઢામાં તો હમણાં પણ સીગારેટ સળગી રહી છે. મેં એ કહ્યા પછી તમે કેટલી સીગારેટ ફૂંકી ?

ટ્રાવેલીંગ એજન્ટ : તમે ખોટા છો તે સાબિત કર્યું ત્યાંસુધી.

[ આખરે ડૉ. સાહેબ મુંબઈ પહોંચ્યા. પોતાના તાજેતરમાં ડૉકટર થયેલા મોટા પુત્રને પ્રેકટીસ વિષે પૂછપરછ કરવા લાગ્યા. ]

ડૉકટર સાહેબ : કેમ ? તમારી પ્રેકટીસ હમણાં કેમ ચાલે છે ? કેટલા દર્દીઓ છે ?

પુત્ર : પપા ! હમણાં ઘણા વખતે મારા દવાખાને માત્ર એક જ દર્દી આવ્યો છે.

ડૉકટર સાહેબ : અરેરે ! ત્યારે આ હિસાબે તારી પ્રેકટીસ બરાબર ચાલતી લાગતી નથી !

પુત્ર : પણ, તે દર્દીએ મને ઘણી જ સુંદર તક આપી છે !

ડૉકટર સાહેબ : અરે એવી તે શું મોટી તક આપી છે કે તું આટલો બધો ખુશખુશ થઇ ગયો છે ?

પુત્ર : જુઓ, સાંભળો ! પૃથક્કરણ કરતાં મને જણાયું કે તે દર્દીને જુદી જુદી જાતનાં ચૌદ દર્દો હતાં, એટલે કે દર્દી ચૌદ દર્દોથી ભરેલો હતો. એટલે હાલ મારી પાસે ચૌદ દર્દીઓ છે. સમજ્યા પપા ! [ પપા કપાળે હાથ મૂકે છે. ]

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

# છૂટાં ફૂલ

**તાજેતરમાં** જગવિખ્યાત લેખક મી. એચ. જી. વેલ્સનો 'ફેટ ઓફ હોમો સેપિયન્સ' (Fate of Homo Sapiens) નામે એક વિચારસભર ગ્રન્થ પ્રકટ થયો છે. તેમાં તેમણે જગતનાં પ્રગતિમૂલક ને રોધક બળોનું સુંદર દર્શન કરાવ્યું છે. તે ગ્રન્થમાં હિંદ સંબંધી તેમણે દર્શાવેલા વિચારો ચમકાવનારા છેઃ

'કોઈ વારસાગત હીનતાના કારણે નહિ, પરંતુ આધુનિક રચનાત્મક વિચારદર્શનની સમૂહગત ધારણામાં તેમની ગૂંચવાયલી માનસિક મર્યાદા અને પક્ષવાદના પરિણામે તેઓ (હિંદીઓ) કોઈ પણ માનવસિદ્ધિઓની પ્રાપ્તિમાં કેવળ ટેકારૂપ અને ઊતરતા દરજ્જાનો ભાગ ભજવવા નિર્માયા લાગે છે. વર્તમાન સમયે તેમની કોઇ પણ સાંસ્કૃતિક પ્રવૃત્તિમાં એવી શુદ્ધ મૌલિકતા નથી જે અલ્પાંશે પણ જગતની પુનર્વ્યવસ્થામાં સહાયક થઇ પડે...હિંદમાં સંખ્યાબંધ ધનિકો છે, ઉદ્યોગપતિઓ છે, સમૃદ્ધિસંપન્ન રાજાઓ છે પણ જગતમાં આધુનિક ભારતવાસીની પ્રાપ્તિથી દૂર એવું ભવ્ય અને મુક્તિદાયક જ્ઞાન વિકસી રહ્યું છે તે તેઓ સમજી શકે એવા મંગળ પ્રભાતનો ઉદય હજી બાકી છે.

'નકલી લોકશાહીના સ્વરૂપમાં વડાયલા કેવળ કૃત્રિમ રાષ્ટ્રવાદમાં કેન્દ્રિત થયેલી અને અસહકારથી નભાવાતી અનિશ્ચિત મહેચ્છાઓ, વ્યાપાર-હક્ક અને મી. ગાંધીના ઉપવાસ એ ગમે તે સૂચવતા હોય પણ તે માનવનગર પ્રતિનું આગમન તો નથીજ...શાસકના આંગણે ગાંધી-ઢબના ઉપવાસ એ રાજકર્તાના સદ્ગુણ પ્રત્યેની અવ્યક્ત વિનંતી છે. જે વખતે તે 'ભૂખે મર, અને મરીને નરકમાં પડ' એવો ઉત્તર આપનાર શાસક પ્રત્યે આચારમાં મૂકાશે કે તેની કિંમત કોડીની પણ નહિ રહે...વર્તમાન હિંદમાં કમ્મર બાંધીને, ભિન્ન ભિન્ન પાઘડીઓ પહેરીને કે ગાંધીટોપી ઓઢીને આમથી તેમ દોડતી વ્યક્તિઓનાં બનેલાં કૂડીબંધ એવાં મંડળો હશે કે જે દીનતાદર્શક પક્ષોની વ્યાસપીઠો પર અને પરિણામે વિનાશની જ ખાઇમાં દોડાદોડ કરી રહ્યાં હશે...

'આ પ્રજાને જો સંસ્કારી શકાય તો આખા જગતને સંસ્કારી શકાય.'

× × ×

વર્તમાન ગુજરાતી નવલકથાકારો, છેલ્લી સદીના યુરોપીય નવલકથાકારોને અનુસરી, પોતાની નવલકથાઓમાં નીતિનિયમો સાથે ચેડાં, પવિત્ર કે વીર પૂર્વજોના ચારિત્રની મનપસંદ છણાવટ, નાસ્તિકતા, લગ્ન પ્રત્યેની તરંગી ભાવના વગેરે વિષયોને સ્પર્શવામાં મહત્તા માની રહ્યા છે. યુરોપમાં પ્રવર્તતી એવી સ્થિતિ સામે ચેતવણી તરીકે 'હિબર્ટ જર્નલ' માં એક લેખ લખતાં એડવર્ડ લીટલટન કહે છેઃ

'આ ફેશનને જો રોકવામાં નહિ આવે તો મૃત્યુ પછીના નરકવાસની ઉડાવી મૂકવામાં આવેલી માન્યતાને બદલે આ જન્મમાં ને આ લોકમાં જ નરકની સ્થાપના થઈ જશે.'

એ વિસ્તૃત લેખનો સારાનુવાદ જાન્યુઆરી માસના 'શિક્ષણ અને સાહિત્ય' માં પ્રગટ

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

થયો છે. યુરોપીય વાર્તાકારોના શિષ્ય બનેલા ગુજરાતી વાર્તાલેખકોએ પણ એ ચેતવણી ધ્યાનમાં લેવી ઘટે છે.

× × ×

મુંબઇ ઈલાકાની કેળવણી સંબંધમાં બહાર પડેલો છેલ્લો સરકારી અહેવાલ પ્રગતિ જણાવે છે. તેમાં જણાવ્યા પ્રમાણે ૧૯૩૯–૪૦ના વર્ષમાં ઈલાકામાં કેળવણીની કુલ સંસ્થાઓ ૨૨૩૨૨ થી વધીને ૨૫૯૧૫ની હદે પહોંચી છે; વિદ્યાર્થીઓની સંખ્યા ૧૭૮૨૦૭૨થી વધીને ૧૯૯૮૬૯૩ ની હદે પહોંચી છે; અને કેળવણીનો કુલ ખર્ચ ૩૮૬૧૭૨૫૧ થી વધીને ૪૩૮-૭૯૯૩૪ની હદે પહોંચ્યો છે.

× × ×

હિંદમાં આજે ૧૦૧૦ લગભગ સીનેમા–થિયેટરો છે, ૨૦૦ ફીલ્મ ઉત્પાદક કંપનીઓ છે. આ ઉદ્યોગમાંથી મધ્યસ્થ, પ્રાંતિક ને સ્થાનિક સત્તાઓને વાર્ષિક ૧૨૧ લાખની સીધી આવક થાય છે. છેલ્લા વર્ષથી આ ઉદ્યોગે સ્ટારોને ને દિગ્દર્શકોને લાખોના પગારો આપી હોલીવુડની હરીફાઈ આદરી છે.

× × ×

અમેરિકા યુદ્ધ–સામગ્રી પેટે બ્રિટિશ સામ્રાજ્યની આવતા પાંચ વર્ષની સોનાની ઉપજ લખાવી લેવા ઇચ્છે છે. ૧૯૩૯માં જગતની ૩૪૯૫૩ મણ જેટલી સોનાની પેદાશમાં બ્રિટિશ સામ્રાજ્યનો ફાળો ૧૯૯૨૫ મણ જેટલો હતો; અને એ પેદાશ દિનપ્રતિદિન વધી રહી છે તે જોતાં હવે પછીનાં પાંચ વર્ષમાં બ્રિટિશ સામ્રાજ્ય સહેજે એક લાખ મણ સોનું પેદા કરી શકશે.

× × ×

જગતની જુદી જુદી પ્રજાઓ બેંકોમાં નીચે પ્રમાણે માથાદીઠ જમે ધરાવે છેઃ

| | | | | | |
|---|---|---|---|---|---|
| અમેરિકા | – | ૧૩૧૭ શિલિંગ | જર્મની | – | ૨૧૨ શિલિંગ |
| ઈંગ્લાંડ | – | ૧૧૬૪ ,, | હિંદ | – | ૧૦ ,, |
| સ્વીઝર્લેન્ડ | – | ૨૧૭ ,, | | | |

× × ×

ફ્રાંસના વિજય પછી જર્મનો ત્યાંથી જે કલા–સામગ્રી લૂટી ગયા તેમાં એવી બે વસ્તુઓનો સમાવેશ થાય છે કે જગતે જેની કિંમત કરોડોની આંકી છે. તેમાંની પહેલી વસ્તુ તે મર્ક્યુરીની અદ્દભુત પ્રતિમા, ને બીજી લિયોનાર્ડો દ. વીન્સીનું 'મોના લીસા' નામે ચિત્ર.

× × ×

૧૯૧૧ના સપ્ટેંબરમાં જો પોતાની પત્ની મરી ગઈ ન હોત તો રામ્સે મેકડોનલ્ડ તે વર્ષમાં કલકત્તામાં ભરાયલી હિંદી મહાસભાનો પ્રમુખ બન્યો હોત.

× × ×

ન્યુયોર્કમાં ખોવાઇ ગયેલાં માણસોની શોધ માટે એક ખાતું ખોલવામાં આવ્યું છે. ૧૯૪૦માં ખોવાઈ ગયેલા પતિઓની શોધ માટે ૭૦૦૦૦ સ્ત્રીઓએ તે ખાતાની મુલાકાત લીધેલી. પણ ખોવાઇ ગયેલી પત્નીઓની શોધ માટે ૧૫ પુરુષોએ જ ત્યાં પધારવાની મહેરબાની કરેલી.

× × ×

હિંદી કાપડ–ઉદ્યોગમાં રોકાયલ ૪૫૦૦૦૦ કામદારોમાં ૧૫૦૦૦૦ સ્ત્રીઓ છે.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

# માતા-પુત્રી

કાન્તિલાલ વિષ્ણુરામ ત્રિવેદી

[ કથક--નૃત્યકાર ]

**બુ**ડાપેસ્ટની 'રોયલ હંગેરિયન ફાઈન આર્ટ એકેડેમી' ની એક વિદ્યાર્થિની ચિત્ર દોરવામાં તલ્લીન છે. એકેડેમી બંધ થવાનો સમય થયો છે. તમામ વિદ્યાર્થીઓએ પોતાનું કામ આટોપી લીધું છે. માત્ર આ એકજ વિદ્યાર્થિની બાકી રહી છે. એને નથી ભાન સમયનું કે નથી આસપાસ ઊભેલાં વિદ્યાર્થીઓનું.

સામે રાખેલા કેન્વાસ પર પીંછી ચાલે છે. કંઠથી હંગેરિયન લોકગીત ગવાતું જાય છે. એકજ ધૂનમાં એ મસ્ત છેઃ ચિત્રાલેખનમાં જ તે તલ્લીન છે.

એકેડેમીનાં અધિષ્ઠાત્રી આવ્યાં. તે દોરાતું ચિત્ર નિહાળી રહ્યાં, મૂગે મોઢે કેવળ તાકી જ રહ્યાં.

જેમ જેમ સમય વીતતો ગયો તેમ તેમ કેન્વાસ પર પ્રાણ પૂરાતો ગયો. જોતજોતામાં બે કલાક વીત્યા. ને ચિત્ર પૂરૂં થયું.

"મીસ ઈલીઝા! મીસ બ્રુનર!" ધીમે રહીને અધિષ્ઠાત્રી બોલ્યાં.

"ઓહ! વહાલાં દેવી!" પાછું ફરીને જોતાં જ વિદ્યાર્થિની ચમકી ઊઠી.

"એકેડેમી બંધ થયાંને બે કલાક થઇ ગયા. તમારા ઊઠવાની રાહે મેં આ ઓરડો બંધ કરાવ્યો નથી."--અધિષ્ઠાત્રીએ મીસ ઇલીઝાબેથ બ્રુનરને ઊભાં થવાનું સૂચવતાં કહ્યું.

ગુરુ-શિષ્યા નીચે ચાલ્યાં.

"મીસ ઈલીઝા!" અધિષ્ઠાત્રીએ શરૂઆત કરી, "તારા પર ઇશ્વરના આશિર્વાદ ઊતરો. તારી કલાની પ્રશંસા જગતની ચારે દિશામાં પહોંચી વળો."

બાલપણના આંગણેથી ઊતરતી ચિત્ર--પૂજારિણીએ અધિષ્ઠાત્રી સામે આભારનું આછું સ્મિત કર્યું.

*

એ પ્રસંગ પર પાંચ વસંતો વીતી ગઈ.

હંગરીના પાટનગર બુડાપેસ્ટમાં વસતી એક ચિત્રકારિણીએ નિશ્ચય કર્યો કે, 'જીવનને અજવાળવું. ચિત્રકલાની સેવા અર્થે જગતભરના દેશોની યાત્રા કરવી. જગત-ભ્રમણ કરી પૂર્વ-પશ્ચિમની કલાનો સંગમ સાધવો.' તે ચિત્રકારિણી તે મીસ ઈલીઝાબેથ બ્રુનરની માતા મીસીસ સાસ બ્રુનર. તેણે પોતાની ચિત્ર-પૂજારિણી પુત્રીને બોલાવીને પૂછ્યુંઃ


"બેટી! પૃથ્વી-પર્યટનાર્થે ક્યારે ઊપડીશું?"

"આવતા મહિનાની પહેલી તારીખે, માતા" પુત્રીના અવાજમાં નિશ્ચય અને આનંદનો રણકાર હતો.

તડામાર તૈયારીઓ ચાલી. સગાંસંબંધીઓ ને બાલપણનાં મિત્રો એ જોઇ હસીને બોલી ઊઠયાંઃ "માયામૂડી તો મૂઠીમાં સમાય તેટલી છે, ને જગતભ્રમણની આશા સેવે છે! ગાંડી તો નથી થઇને! તારી સ્થિતિનો તો ખ્યાલ કર. પૃથ્વી-પર્યટન કંઈ રમતની વાત નથી."

મીસીસ બ્રુનરે બધાંને વિનયથી ઉત્તર દીધોઃ "મારી ચિત્રકલા મારી કામધેનૂ છે. એ ફળશે તો પૃથ્વીની તો શું આકાશનીયે યાત્રા કરીને પાછી ફરીશ."

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com



**કલા-સાહિત્ય-વિજ્ઞાન**— અમુક અગ્રણી વ્યક્તિઓના જેલનિવાસે જન્માવેલા રાજકીય સંયોગોના કારણે ગુજરાતી સાહિત્ય પરિષદનું સંમેલન અચોક્કસ મુદ્દત માટે મુલતવી રહ્યું છેઃ [ નકલી લોકશાહીનાં આમ્રફળ એવાં જ હોય. ] 'શિવાજી-ચરિત્ર'ના લેખક શ્રી વામન મુકાદમ સાબરમતી જેલમાં 'પ્રતાપ-ચરિત્ર' લખી રહ્યા છેઃ [ સાંસ્કૃતિક ભ્રષ્ટતા કરતાં સંગ્રામને એ વીરે વધુ પવિત્ર લેખેલો. ] સર રાધાકૃષ્ણના પ્રમુખપદે ઊજવાયલા બનારસ હિંદુ વિદ્યાપીઠના ત્રેવીસમા પદવીદાન સમારંભમાં ગાયકવાડ નરેશ શ્રીમંત પ્રતાપસિંહરાવને 'ડૉક્ટર ઑફ લૉઝ'ની માનદ પદવી અપાણી છે. દિલ્હી વિદ્યાપીઠે સર જગદીશપ્રસાદને આપવા ધારેલી 'ડૉક્ટર ઑફ લૉઝ'ની પદવીનો, હિંદી રાજકીય મડાગાંઠને કારણે, સવિનય અસ્વીકાર થયો છે. પૂનાની અખિલ હિંદ મુસ્લીમ કેળવણી પરિષદમાં મુંબઇના ના. ગવર્નર મુસ્લીમ સંસ્કૃતિની પ્રશંસા કરે છેઃ [ દારૂબંધીને ઉત્તેજન આપવાને તેઓ નામદારે પોતાના મહેલમાં દારૂની પણ બંધી કરેલી. ] એ જ નગરમાં મળેલી અખિલ હિંદ હિંદી સાહિત્ય પરિષદમાં હિંદુસ્તાની ભાષામાં ઉર્દુએ જમાવેલા પ્રભુત્વ સામે પોકાર ઉઠાવવામાં આવે છે. વડોદરામાં ઐતિહાસિક સંશોધન પ્રદર્શન, અમદાવાદમાં ગુજરાત કલા-પ્રદર્શન, ભાવનગરમાં ગુજરાતી સાહિત્ય પ્રદર્શન ને લોક પ્રદર્શન, મુંબઇમાં પ્રાન્તિક વિદ્યાર્થી પરિષદ, માણેજા (વડોદરા)માં વડોદરા મહાલ પુસ્તકાલય પરિષદ, દિલ્હીમાં આંકડા પરિષદ અને હાથશાળ ઉદ્યોગ પરિષદ, કલકત્તામાં અખિલ હિંદ તબીબી પરિષદ ને બંગાળી સાહિત્ય પરિષદ ને જુદાં જુદાં નગરોમાં ગીતા-જયંતી અને રાયચુરાનો વનપ્રવેશોત્સવ ઊજવાણાં; અને હવે પછી વડોદરામાં 'દયારામ વાક્પુષ્પાંજલિ' સમારંભ, અમદાવાદમાં વ્યાયામ સંમેલન ને

---

ને ચિત્રકલાને જીવનધ્યેય માનનાર માતા-પુત્રી દેશે દેશ ફરી વળે છે; ભારત તરફથી કવિવર રવીન્દ્રનાથ ઠાકુર તેમને શાંતિનિકેતન આમંત્રે છે. ૧૯૧૩-૧૪ નાં વર્ષો તેઓ કવિવરનાં અતિથિ તરીકે વીતાવે છે.

ફરી તેઓ પર્યટને નીકળે છે. ઉત્તર-આફ્રિકા ને ઓસ્ટ્રેલિયા સિવાય જગતભરના ખૂણેખૂણા ખૂંદી વળે છે. તેઓ જગવિખ્યાત વ્યક્તિઓનાં મહેમાન બને છે. કલાને વિકસાવે છે. જગતભરનાં કલા-મંદિરોનાં દર્શન કરે છે. ને ૧૯૩૦-૩૫ સુધી ભારતવર્ષમાં રહી તેઓ ભારતીય ચિત્ર-કલાના અદ્ભુત ગ્રન્થો પ્રગટ કરે છે. ચિત્રકલા તેમને હજારોની જ નહિ, બલકે લાખોની દોલત રળી આપે છે.

આજે તેઓ વડોદરા-નરેશના આમંત્રણથી વડોદરામાં પૂરાયલી પ્રાચીન-અર્વાચીન સંસ્કૃતિને કેન્વાસ પર આલેખવાને વડોદરાનાં અતિથિ બનેલ છે.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

પુસ્તકાલય સંમેલન અને કલકત્તામાં વિજ્ઞાન અને ઉદ્યોગ વિષયક સંશોધન પરિષદ મળવાનાં છેઃ [ આટલા સુંદર ઉત્સવો, દબદબા ને વાણીવિહારો છતાં કહેવાય છે કે હિંદ પછાત છે. ] 'જન્મભૂમિ'માંથી શામળદાસ ગાંધીની વિદાય પછી તંત્રીખાતાના બીજા છ સભ્યોનાં રાજીનામાં, શામળદાસે શરૂ કરેલું 'વંદે માતરમ્' નામે નવું દૈનિક પત્ર; અમૃતલાલ શેઠ અને શામળદાસ ગાંધી વચ્ચેની તકરારે પકડેલું ગંભીર સ્વરૂપઃ [ સારૂં છે કે એ તકરારને અહિંસાની મર્યાદા જાળવવાની છે. ] વિશ્વભારતીને અપાતી વાર્ષિક ૨૫૦૦ ની મદદ બંગાળાની સરકારે બંધ કરી છેઃ [ ના. હકની સહકારનીતિનો એ સુંદર નમૂનો છે. ] અખિલ હિંદ રેડિયોના વડા મથક તરીકે દિલ્હીમાં ૯૩૦૦૦૦ ના ખર્ચે બંધાનારૂં નવું બ્રોડકાસ્ટીંગ સ્ટેશન; કરાંચીમાં ચાર લાખના ખર્ચે રેડિયો સ્ટેશન સ્થપાશે. છેલ્લા મહિનામાં જન્મેલો ક્રીકેટ-શાહી પવન ભારતવર્ષમાં તો હજી પૂરબહારમાં છે.

**દેશ**—ભારતભરમાં સત્યાગ્રહનો વધતો જુવાળ. શ્રી કનૈયાલાલ મુનશી, શ્રીમતી લીલાવતી મુનશી, હંસા મહેતા, ભુલાભાઈ દેસાઈ, મંગળદાસ પકવાસા, મહેરઅલી, જમનાલાલ બજાજ, મૌલાના અબુલકલામ આઝાદ વગેરેની ધરપકડ. સરોજિની દેવીની ધરપકડ અને તબિયતના કારણે તેમનો તેમજ સુભાષબાબુનો છૂટકારો. પંજાબના મહાસભાવાદી નેતા સરદાર સંપૂર્ણસિંહ શિસ્તને ખાતર અહિંસા પાળે છે અને મહાસભાના શિરતાજ મૌલાના આઝાદ કહે છે કે, 'જરૂર પડતાં પોતે હાથમાં શસ્ત્ર લેવાને પણ તૈયાર છે': [ ચળ જગતમાં અહિંસાનું સ્વરૂપ પણ અચળ શી રીતે રહી શકે ? ] બંગાળાના મહાસભાવાદી ચૌદ ધારાસભ્યોએ, મહાસભાની મધ્યસ્થ સત્તાની વિરૂદ્ધ જઈ, પોતાના અગ્રણી તરીકે શરત બોઝને ચૂંટી કાઢતાં, સુભાષ બોઝે તેમને અભિનંદન આપ્યાં છે અને મહાસભાના પ્રમુખે તેમને મહાસભાના ધારાસભાકીય પક્ષમાંથી રૂખસદ આપી છે. શ્રી. માનવેન્દ્ર રોયે હોદ્દા સ્વીકારીને, પાકીસ્તાનને વાજબી ઠેરવીને અને યુદ્ધમાં બ્રિટનને બિનશરતી મદદ કરીને ફેસીઝમનો નાશ કરવાની પ્રતિજ્ઞા સાથે ઉદ્દામ લોકશાહી પ્રજાપક્ષની સ્થાપના કરી છેઃ [ ગુરુ કરતાં ચેલા ડાહ્યા. સ્ટેલીન ફેસીઝમનું તાંડવનૃત્ય શાંતિથી જોઈ રહેલ છે; જ્યારે યુરોપના ફેસીઝમને માટે મી. રોય હિંદમાં નવું તાંડવનૃત્ય ખેલે છે. ] અમદાવાદમાં ગુજરાત સહકારી પરિષદ; નિગાળામાં જૈન શ્વેતાંબર કોન્ફરન્સ; ઇંદોરગઢમાં પર્દાવિરોધી પરિષદ; રાજકોટમાં દશનામી અતીત બાવાઓની પરિષદ; કરાંચીમાં બૃહદ્ મહારાષ્ટ્ર પરિષદ; કોઈમ્બતુરમાં પાકીસ્તાન પરિષદ; બેંગલોરમાં અખિલ હિંદ મહિલા પરિષદ; લખનૌમાં અખિલ હિંદ ખ્રિસ્તીઓની પરિષદ; મદુરામાં હિંદુ મહાસભાનું અધિવેશન, દક્ષિણ હિંદ આર્ય પરિષદ ને અખિલ હિંદ યુવક પરિષદ; પટનામાં અખિલ હિંદ સ્થાનિક સ્વરાજ્ય પરિષદ અને કલકત્તામાં એસોસિયેટેડ ચેમ્બર્સ ઓફ કોમર્સનું અધિવેશન ને અખિલ હિંદ વિનિત મહામંડળની પરિષદઃ [ આ પરિષદોમાં જેટલા શબ્દના સાથિયા પૂરાણા હશે અથવા તો શબ્દગોળા વર્ષાવાયા હશે અને રેલવેને જેટલા રૂપિયાની આવક થઈ હશે એટલી સંખ્યામાં અને એટલી કિમતના તો આ મહિનામાં યુરોપમાં બોંબ પણ નહિ વર્ષ્યા હોય; છતાં હિંદનો શુક્રવાર નથી વળતો. ] અમદાવાદની મ્યુનીસિપલ ચૂંટણીમાં ૫૨ માંથી ૫૧ બેઠકો કબજે કરી મહાસભાપક્ષે જ્વલંત વિજય ફરકાવ્યો છે. કાયદે આઝમ ઝીણા સાહેબ સિંધની મુલાકાતે અને સિંધના પ્રધાનમંડળના કેટલાક પ્રધાનોએ સ્વીકારેલું મુસ્લીમ લીગનું પ્રભુત્વ. ના. વાઇસરોય કાઠિયાવાડની મુલાકાતે. કાઠિયાવાડનું સાર્વભૌમત્વ ના. ગાયકવાડને સોંપાવાનો સંભવ. જૂના રૂપિયામાં $\frac{11}{12}$ ચાંદી રહેતી તે ઘટાડીને હવેથી નવા રૂપિયામાં અડધીજ ચાંદી રાખવામાં આવશે. ડીસેંબરના ત્રીજા અઠવાડિયામાં મુંબઈએ દોઢ કરોડના સોનાને

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

અમેરિકન પન્થે વિદાય આપી. ૧૯૪૨ થી હિંદી સરકાર બી. બી. એન્ડ સી. આઈ. અને આસામ–બંગાળા રેલવેનો વહીવટ પોતાને હસ્તક લેશે. સીલોનની સ્ટેટ કાઉન્સીલમાં સીલોનનું નામ ફેરવીને તે 'લંકા' રાખવાની દરખાસ્ત મૂકાણી છે. મુંબઇમાં ઑસ્ટ્રેલિયન સૈનિકોએ નવેસરથી ચલાવેલી ગૂંડાગીરી. પોતાની પત્ની શણગાર અને તેના પ્રીતમ બનેલા ધોબી સામે અમદાવાદના એક જૈન વણિકે કેસ માંડતાં શણગાર–ધોબી જોડીએ એ વણિકને મેથી-પાક જમાડયો છેઃ [ વીસમી સદીના એ શણગાર છે. ] એક હજાર ઇટાલિયન કેદીઓને રામગઢમાં રાખવાનો પ્રબંધ થયો છે. પૂનામાં લાગેલી ભયંકર આગ. કોટાના મહાવશ્રી, 'પ્રજાબંધુ' પત્રના સ્થાપક ઠાકોરલાલ પ્રમોદરાય ઠાકોર, કૃષ્ણકાન્ત માલવિયા, વિશ્વનાથ પ્રભુરામ વૈદ્ય ને લીંબડી–નરેશનાં શોકજનક અવસાન.

**પરદેશ**—હિંદી વજીર કર્નલ એમરી ' ઇંડિયા ફર્સ્ટ ' એ વિષય પર એક સુંદર પ્રવચન રેલાવે છે; બ્રિટિશ પાર્લામેન્ટના કેટલાક સભ્યોએ હિંદને અનુલક્ષીને એક નિવેદન બહાર પાડી તેમાં હિંદને સંપૂર્ણ સ્વતંત્રતા આપવાની બ્રિટિશ પ્રજાની ઇચ્છાનાં પ્રતિબિંબ પાથર્યા છે; બ્રિટિશ મહિલાઓએ પણ હિંદી મડાગાંઠના ઉકેલ માટે ચળવળ ઉપાડી છેઃ [ આકાશમાંથી બોંબ વર્ષતા હોય તે પ્રસંગે પણ હિંદને હૈયેથી ન વીસારવું એ જેવીતેવી કૃપા છે ! ] ચીન–જાપાન વિગ્રહમાં એકંદરે અઢાર લાખ ચીનાઓનો નાશ થવા છતાં માર્શલ ચાંગ કાઈ શેક પાસે હજી ત્રીશ લાખનું સલામત સૈન્ય છે; જાપાને પણ એ વિગ્રહમાં સોળ લાખ સૈનિકોનો યજ્ઞ કર્યો છે. નવા વર્ષના મંગલાચરણમાં ના. શહેનશાહ, મી. ચર્ચીલ, પ્રમુખ રૂઝવેલ્ટ અને હર હીટલરનાં ઉત્તેજક ભાષણો. ૧૯૪૦ માં જર્મનીએ ૪૦૧૦ વિમાનો, ઇંગ્લાંડે ૮૫૨ વિમાનો ને ઇટલીએ ૪૧૬ વિમાનો ગુમાવ્યાં. બ્રિટનનું યુદ્ધવિષયક સરેરાશ દૈનિક ખર્ચ ૧૬૦ લાખ પાઉંડની હદે પહોંચ્યું છે. બ્રિટન અમેરિકામાંથી ત્રણ અબજ ડોલરની નવી શસ્ત્ર–સામગ્રી મેળવવાની ધારણા રાખે છે. બ્રિટિશ પરદેશમંત્રી હેલીફેક્સ અમેરિકામાં એલચીપદે ને નવા બ્રિટિશ પરદેશમંત્રી તરીકે મી. એન્થની એડન. આટલાંટિકનાં નવાં નૌકામથકોમાં અમેરિકાએ આદરેલી ઝડપી સજાવટ. નવા શસ્ત્રસરંજામ માટે અબજો ડોલરની જોગવાઇ. આયર્લાંડ પર અજાણ્યાં જર્મન વિમાનોનો બોંબમારો. હોલેન્ડના પ્રાન્તોને જર્મનીએ બક્ષેલી આઝાદી. સ્પેને તાંજીરના આંતરરાષ્ટ્રિય વહીવટને ફગાવી દઇ તે પ્રદેશ પોતાના વહીવટ નીચે લીધો છે. ઇંગ્લાંડનો જર્મની પર ને જર્મનીનો ઇંગ્લાંડ પર ભયંકર બોંબમારો. ઇંગ્લાંડની ઐતિહાસિક ઇમારતોને ને જર્મન કારખાનાંઓને ભયંકર નુકશાન. લંડન પરના હુમલામાં જર્મનીએ વાપરવા માંડેલા નવા આગિયા બોંબ. ગ્રીસ સાથેના યુદ્ધમાં ઇટલીની શરમજનક પીછેહઠ. માર્શલ બેગ્ડોલિયોનું રાજીનામું અને ઇટલીમાં વધી પડેલો આંતર–કલહ. આફ્રિકન યુદ્ધમાં પણ ઇટલીની પીછેહઠ. બોર્ડિયન મોરચા પર ઇંગ્લાંડે ઇટલી સામે મેળવેલો જ્વલંત વિજય, હજારો ઇટાલિયન સૈનિકો કેદ થાય છે. ભૂમધ્યના યુદ્ધમાં જર્મનીએ ઇટલીને આપવા માંડેલી વિમાની મદદ. ફ્રાંસની વીચી સરકાર અને જર્મની વચ્ચે વધતો અસંતોષ. જર્મન પક્ષકાર ફ્રેંચ પ્રધાન લાવાલ બરતરફ, કેદ અને જર્મન દરમ્યાનગીરીથી છૂટકારો. ફ્રેંચ સરમુખત્યાર માર્શલ પેતાંની મક્કમ વલણ. જર્મન દબાણ વિશેષ બને તો પોતાના પ્રધાનો સાથે આફ્રિકા નાસી જવાની તેમની તૈયારી. પેસીફીકમાં અજાણ્યા જર્મન જહાજે વર્તાવેલો કેર. કાળા સમુદ્રમાં ભયંકર તોફાન. ડાન્યુબ કાંઠે અને પછી યુરોપભરમાં પથરાઇ વળેલો બરફ. લોર્ડ લોધિયનનું અચાનક અવસાન. ડયુક ઓફ બેડફર્ડના અવસાનથી બ્રિટિશ તિજોરીને મરણ–કર પેટે ત્રીશ લાખ પાઉન્ડ મળશે.

———o———

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com